॥ શ્રી ઉમિયા માતા પ્રસન્નોસ્તુ ॥



કડવા પાટીદાર કેળવણી મંડળ

કડવા પાટીદાર કેળવણી મંડળ
કૃષિમંગલ - સુરત

પ્રકાશિત

# ‘ઉમાવાણી’

## દ્વૈમાસિક મુખપત્ર

### સમાજનો સર્વાંગી વિકાસ ઝંખતું સામયિક




નવેમ્બર-ડિસેમ્બર
૨૦૨૧

વર્ષ : ૩૬
અંક : ૬
સળંગ અંક : ૨૦૬


:: તંત્રી ::
શ્રી દિલીપભાઈ પટેલ
(સુરત)

:: સહતંત્રી ::
ડૉ. ચંદ્રકાંત પટેલ
(અમરોલી)

## વસંત પંચમી



# ઉમાવાણી

## દ્વૈમાસિક મુખપત્ર



### પ્રકાશક

**શ્રી ભરતભાઈ ઉર્ફે સુનિલભાઈ દયારામભાઈ પટેલ**

કડવા પાટીદાર કેળવણી મંડળ
કૃષિમંગલ, જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧.
ફોન : ૨૪૭૫૫૨૫, મો.: ૯૮૨૫૩ ૦૫૧૪૬
**ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧ વિદ્યામંગલ : ૯૫૩૭૧ ૯૩૯૩૯**
**જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૯૪૯૪૯**

### તંત્રી

**શ્રી દિલીપભાઈ બળવંતભાઈ પટેલ**

TEACHER M.A.B.Ed.
સુરત. મો. : ૯૯૨૫૦ ૧૩૯૭૩
**લેખો મોકલવા માટેનું ઈ-મેઈલ એડ્રેસ**
ઈ-મેઈલ : pateldilipnamdani130973@gmail.com

### સહતંત્રી

**ડૉ. ચંદ્રકાંત ભીખાભાઈ પટેલ**

૨૫, ૨૬, શાંતિનિકેતન સોસાયટી.,
કોલેજની બાજુમાં, અમરોલી. મો. : ૯૮૭૯૦ ૧૧૦૦૯

### સંકલન સમિતિ

**શ્રી પરેશભાઈ કે. મહેતા**

કૃષિમંગલ - સુરત - મો. ૯૯૭૯૯ ૧૩૦૨૪

**શ્રી નિરવ પટેલ**

ઉધના, સુરત. મો. : ૯૯૭૯૧ ૪૭૦૨૮

### સહ સંપાદક

**શ્રી કિશોરભાઈ મોતીભાઈ પટેલ**

મોરથાણા

**શ્રી નીતા રાજેન્દ્રભાઈ પટેલ**

કા.ચા. રસ્તા

**શ્રી મનુભાઈ ઈશ્વરભાઈ પટેલ**

ઉભેળ - ૨૭૨૪૭૫

### :: નોંધ ::

- ઉમાવાણીમાં પ્રગટ થતાં વિચારો સાથે તંત્રીઓ સંમત છે એમ માની લેવું નહિ.
- લેખો ફુલસ્કેપ કાગળની એક બાજુ પર સુવાચ્ય અક્ષરે લખી કૃષિમંગલ મોકલવા.
- લેખો મૌલિક અને ટુંકા હોય એ ઈચ્છનીય છે. ઉતારો/અનુવાદ હોય તો જણાવવું.
- લેખની જવાબદારી લેખકની છે પણ સ્વીકાર, અસ્વીકાર કે સંક્ષેપનો હકક તંત્રીનો રહેશે.
- જ્ઞાતિના સમાચાર આધારભૂત હોવા જરૂરી છે.
- લેખ સમાચાર પ્રકાશનના વીસ દિવસ પહેલાં મળી જવા જોઈએ.
- સામાજિક લેખોને અગ્રિમતા અપાશે.

### :: આટલું તો કરીએ જ ::

- ઘરમાં કુળદેવી ઉમિયા માતાની છબી રાખીએ.
- શુભ લગ્ન પ્રસંગે માતાજીને (ઊંઝા) ભેટ મોકલીએ.
- લગ્ન સાદાઈથી કે સમૂહમાં કરીએ.
- સમાજ ઉત્કર્ષની પ્રવૃતિમાં સહકાર આપીએ.
- કુરિવાજ નાબૂદીમાં આગળ રહીએ.
- ઉમાવાણી વાંચીએ અને વંચાવીએ.

### :: નિભાવ યોજના ::

- સ્વજન સ્મૃતિ અંદર આખું પાનું રૂા. ૨,૫૦૦/-
- જાહેરાત આખું પાનું રૂા. ૩૦૦૦/-
  અડધું પાનું રૂા. ૧,૫૦૦/- (ફકત વ્યાપારી)
  રંગીન જાહેરાત ટાઈટલ-૨ પર ૧૦,૦૦૦/-
  રંગીન જાહેરાત ટાઈટલ-૩ પર ૭,૫૦૦/-
  ફોટાઓ આપવાના રહેશે.
- દર એક અંકના પ્રકાશનના છે.
- વર્ષ જાન્યુઆરી થી ડિસેમ્બર ગણાશે.
- છૂટક લવાજમ સ્વીકારતા નથી.
- કેળવણી મંડળ ના સભ્યને જ વિના મૂલ્યે મળશે.
- પરદેશ માટે આજીવન લવાજમ રૂા. ૫૦૦૦/-

કડવા પાટીદાર કેળવણી મંડળ
પ્રકાશિત



# ઉમાવાણી

વર્ષ : ૩૬
અંક : ૬
નવેમ્બર-ડિસેમ્બર : ૨૦૨૧
સળંગ અંક : ૨૦૬

## આટલું જાણો

૧. 'ઉમાવાણી' અંગ્રેજી વર્ષના ૧-૩-૫-૭-૯-૧૧ માં માસમાં દર બે માસે પ્રગટ થાય છે.

૨. હાલમાં કેળવણી મંડળ નાં આજીવન સભ્યોને જ ઘર દીઠ એક નકલ મોકલવામાં આવે છે.

૩. અંક ન મળે તો કૃષિમંગલ પર જ તપાસ કરવી.

૪. તમારું સરનામું બદલાય તો કૃષિમંગલ પર લેખિત જાણ કરો.

૫. 'ઉમાવાણી' આપણું છે, એ તમારા ઘરમાં હોવું જ જોઈએ.

૬. 'ઉમાવાણી' નો ઉદ્દેશ્ય શિષ્ટ, સંસ્કારલક્ષી, વિચારપ્રેરક સાહિત્ય પીરસી સમાજનાં સંતુલિત નવઘડતરનો છે.

૭. મરણનોંધ, વિચારપ્રેરક પ્રસંગો, સમાજ સુધારાના સમાચાર અને વિશિષ્ટ સિદ્ધિઓની આધારભૂત માહિતી અમને મોકલી આપો.

૮. અંક ૧-૩-૫ નું સંપાદન તંત્રી અને અંક ૨-૪-૬ નું સંપાદન સહતંત્રી સંભાળે છે.

## અનુક્રમણિકા

૧. શ્રદ્ધાંજલિ ૨
૨. માત્ર જીવીએ જ નહી, માણીએ.... - તંત્રીશ્રીની કલમે ૫
૩. સમાચાર દર્પણ ૭
૪. અમૃત મહોત્સવ સમાપન સમારોહ - મંત્રીશ્રીની કલમે ૧૦
૫. વિદ્યામંગલ શાળામાં શૈક્ષણિક વિશેષ રાહત ૧૫
૬. વિદ્યામંગલ સમાચાર ૧૬
૭. "સમાજ"
૧. ગયું એ ગયું, નવા વર્ષનું... - ચંદ્રકાંત ઉનડકટ ૨૫
૨. કડવા પાટીદાર સમાજ અને ડૉક્ટરો. ૨૭
૩. તમે વસિયતનામું બનીવી લીધું ? - અભિષ પટેલ ૨૯
૪. જીવન મંગલમય કરો - કિશોર નાના ૩૧
૮. "શિક્ષણ"
૧. સાચું ભણતરા : ભાર વગરનું - ગોવિંદ દરજી ૩૨
૨. ડિગ્રીધારીઓ દ્વારા ભ્રષ્ટાચાર - તુલસીભાઈ પટેલ ૩૪
૩. દેશની સિધ્ધિઓની સુત્રધારા... - મગનભાઈ પટેલ ૩૬
૯. "જીવન"
૧. જીવનનું ઉજ્જવળ પોત - નીલમ દોશી ૪૩
૨. કુદરતની કરામત તેમા આપણે... - કિશોરનાના ૪૫
૧૦. "મહિલા"
૧. એક એવો તે 'વર' જોજો વડીલો... ૪૭
૨. દાંપત્ય ખીલશે તો ગૃહસ્થજીવન...- ઈના દેસાઈ ૪૯
૩. મૌનનો મહિમા - દિનેશ કાનાણી ૫૧
૧૧. "માણસ"
૧. સારા માણસ બનાવાનું ગમે છે ? - નીલમ દોશી ૫૨
૨. ઈશ્વર અલ્લાહનું સાચું સરનામુ...- ખલ ધનતેજવી ૫૪
૧૨. "શ્રી ઉમિયા દ્વારેથી...!" ૫૬
૧૩. શ્રદ્ધાંજલિ ૫૭

# પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

ૐ શાંતિ



ૐ શાંતિ

## કંચનબેન કિશોરલાલ પટેલ

જન્મ તા. ૧૦-૦૮-૧૯૪૭ **(મોરથાણા)** સ્વ. તા. ૨૫-૧૦-૨૦૨૦

તમારો હાથ અમ શિરે છે એ અહેસાસ આજે પણ કરીએ છીએ
દિલ ભરાય ત્યારે તમારા ફોટા સાથે વાત આજે પણ કરીએ છીએ.
તમે અમને જોતા હશો એ આભાસ આજે પણ કરીએ છીએ.
દરેક જન્મે આજ સબંધ મળશે અમને એજ પ્રાર્થના કરીએ છીએ.

### આપનાં ગુણાનુરાગી


કિશોરલાલ મોરારભાઈ પટેલ (USA)
સંગીતાબેન મહેશલાલ જીનવાલા (USA)
ગીતાબેન અરવિંદલાલ પટેલ (USA)
અમીષાબેન જયેશભાઈ પટેલ (ઘલુડી)
પારૂલબેન ગોવિંદજી ભકતા (મોરથાણા)
રશ્મિબેન રાજેશકુમાર પટેલ (USA)


મુ. મોરથાણા, સુરત.

:: પિયર પક્ષ ::

જગદીશચંદ્ર ગોપાળજી ઠેકર (USA)
કાંતીલાલ ગોપાળજી ઠેકર (USA)
ઠેકર પરિવાર
છાપરાભાઠા

# હાર્દિક શ્રદ્ધાંજલિ





## સ્વ. જીજ્ઞાષાબેન વિશાલકુમાર પટેલ

**સ્વ. તા. ૧૫-૧૨-૨૦૨૧**

રડી પડે છે આંખો અમારી, તસ્વીર જોઈ તમારી.
દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા,
ઈશ્વરને પૂછીશું તમારે ખજાને કયાં ખોટ પડી,
અમારે જેની ખૂબ જ હતી તેની તમને શું જરૂર પડી ગઈ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારા હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ.


**આપનાં ગુણાનુરાગી**


મહેશભાઈ પરભુભાઈ પટેલ (પિતા) (USA)
સતિષભાઈ પરભુભાઈ પટેલ (કાકા)
બકુલભાઈ પરભુભાઈ પટેલ (કાકા)
કેતનકુમાર મનુભાઈ પટેલ (ભાઈ) (USA)
ડેનીશકુમાર કાન્તીભાઈ પટેલ (ભાઈ)
તથા સમસ્ત વજીફીઆ પરિવાર
ફોન : ૮૩૪૭૫ ૩૪૫૬૭, ૯૯૧૩૨ ૬૬૯૯૯


**:: પિયર પક્ષ ::**

નારાયણભાઈ નાથુભાઈ પટેલ (પિતા)
મુ. સેગવા, હાલ કેનેડા
ગુણવંતભાઈ ઠાકોરભાઈ પટેલ (ભાઈ)
મુ. સેગવા

# શ્રદ્ધાંજલિ







## સ્વ. કૃષ્ણકાંત (બચુભાઈ) એન. મહેતા

આપણા મંડળનાં ગોર મહારાજ - કર્મકાંડી શ્રી બચુભાઈ મહારાજનું તા. ૨૨-૧-૨૦૨૨ નાં રોજ દુઃખદ અવસાન થયું છે.

તેઓ ૧૯૮૬ થી આપણા સમાજનાં સમૂહલગ્ન નાં મુખ્ય ગોર મહારાજ તરીકે લગ્નવિધી સાથે જોડાય ને સમૂહલગ્નની ધાર્મિક વિધી કરાવતાં હતાં. તેઓ ધર્મ, અધ્યાત્મ અને સંસ્કારનાં પર્યાયવાદી તરીકે સમાજની દરેક સંસ્થાની ખાતમૂહર્ત વિધી, ભૂમિપૂજન, ઉદ્‌ઘાટન પૂજા કથા કે દરેક ધાર્મિક વિધી શાસ્ત્રોકતવિઘ્ન પૂર્ણ રીતે કરાવી સમાજનું તેમજ સંસ્થાનું સદા સર્વકારી મંગલમય અને સુખમય થાય તેવા ભગવદ્ આશિષ આપતા રહેતા હતાં.

તેમનાં દુઃખદ અવસાનથી સમાજે એક ધાર્મિક હિતચિંતક ગુમાવ્યા છે. લાલચૂડા કડવા પાટીદાર સમાજ તેમજ કડવા પાટીદાર કેળવણી મંડળ તેમનાં દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પે છે. તેમજ તેમનાં આત્માનાં કલ્યાણ માટે સાચા હૃદયથી પ્રભુ પ્રાર્થના કરે છે.



**લિ. કડવા પાટીદાર કેળવણી મંડળ નાં**
**હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ**
**તેમજ સમગ્ર લાલચૂડા કડવા પાટીદાર સમાજ**



# માત્ર જીવીએ જ નહી, માણીએ જિંદગી!

**તંત્રીશ્રીની કલમે**
**દિલીપ નામદાની** (સુરત)

જિંદગી એટલે શું ? સાવ સરળ રીતે કહેવું હોય તો... એમ કહી શકાય કે જિંદગી એટલે જન્મથી મૃત્યુ સુધીની સફર...! જિંદગી એક એવી મોંઘી જણસ છે જેની કિંમત તો સમજાય છે પણ સાચા અર્થમાં કયારેય તેનું મૂલ્ય સમજાયું નથી. જન્મ અને મરણ આપણા હાથની વાત નથી. આ બંને પાનાં ઈશ્વરે પોતાની પાસે જ રાખ્યાં છે. આ જિંદગીરૂપી કોરા કાગળને જીવનના સુંદર રંગોથી કલરફૂલ બનાવવાનું કામ આપણે કરવાનું છે.

નવા વર્ષે આમ પણ પ્રભુ પાસે વિનંતી કરી માંગતાં હોઈએ છીએ - હે પ્રભુ ! આખું વરસ નિર્વિઘ્ને પસાર કરજો. જિંદગી સુંદર બની રહે - જિંદગીની સફર આનંદિત બની રહે એ નૂતન વર્ષે પ્રભુ સમક્ષ આપણી પ્રાર્થના હોય છે.

આપણને જિંદગી જીવતાં કોણ શીખવે છે ? નાનાં હોઈએ ત્યારે આપણને જિંદગીની સમજ નથી હોતી. પૂરા સમજતા થઈએ એ પહેલાં જ આપણી લાઈફમાં 'મારું' પ્રવેશે છે. 'મારું રમકડું', 'મારી ગેમ', 'મારી ઢીંગલી', 'મારી બહેન', 'મારો ભાઈ' એની સાથે આવું ન થાય. 'જિંદગીમાં ફક્ત 'હું' હોય એ પૂરતું નથી એમાં 'તું' પણ હોવું જોઈએ. 'આપણે' પણ હોવું જોઈએ. આમ તો જિંદગી જીવવાનો કોઈ અભ્યાસક્રમ નથી. પ્રેમના પીરિયડ ન હોય, સ્નેહનો સિલેબસ ન હોય, છતાં આત્મીયતાની એક્ઝામ હોય છે. પડકારની પરીક્ષા હોય છે. જિંદગીમાં ઈચ્છાઓ-અપેક્ષાઓ વધુ ને વધુ મેળવવાની લાલસા દરેકને રહેવાની - આ લાલસા પરિગ્રહી બનાવે છે વ્યક્તિ જેટલી ઓછી વસ્તુથી જીવે છે તે ખરેખર સાચું જીવન જીવે છે. બાકી તો વસ્તુઓ ભેગી કરવામાં, સંગ્રહવામાં, સાચવવામાં અને તેની કાળજીમાં વર્ષો વેડફાઈ જાય છે. પરિણામે જિંદગીનો આનંદ વિલાઈ જાય છે.

એક વાર સોક્રેટીસ એથેન્સની એક દુકાનમાં ગયા. ત્યાં ઘણી વસ્તુઓ જોઈ, તે બહાર આવ્યા પાછા દુકાનમાં ગયા. આમ બેત્રણ વાર અંદર-બહાર કર્યું. દુકાનદારે આ જોયું. તેઓ ફરી અંદર આવ્યા ત્યારે તેમને બોલાવ્યા, ઊભા રાખ્યા-પૂછયું - 'તમે કેમ દુકાનમાં આવ-જા કરો છો ? શું તમારી પાસે વસ્તુ લેવાના પૈસા નથી ?' સોક્રેટીસ હસીને કહ્યું - 'ના ભાઈ ના એવું નથી. હું તો વારેવારે એમ જોતો હતો કે આ બધી વસ્તુ મારી પાસે નથી છતાં મારું જીવન આ બધી વસ્તુ વગર પણ કેવું સરસ સુખેથી ચાલે છે.'

આપણે બધાં કંઈ સોક્રેટીસ બની શકવાના નથી. બધા કંઈ તેમના જેવું સાદું જીવન જીવી શકવાના નથી પરંતુ દરેક વ્યકિતએ એટલો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ કે જીવન ઓછામાં ઓછી વસ્તુથી ચાલવવું. એમાં જ ખરો આનંદ છે - સુખ છે.

ઘણી વાર આપણે જાહેરાતમાં વાંચીએ છીએ કે 'ઓછું લગેજ, સારી મુસાફરી' કારણ કે વધારે સામાન વધારે માથાકૂટ. પ્રવાસમાં જેમ ઓછો સામાન તેમ કેટલી શાંતિ - ઊંચકવાની - સાચવવાની વગેરે... સમજવાનું એટલું કે વ્યકિત જેટલી ઓછી વસ્તુથી જીવે છે તે ખરેખર જીવે છે. જરૂર પૂરતું રાખવું વાજબી છે.

જીવન સફરને સુંદર બનાવવી હોય તો સાચા સુખી માણસો આ પરિગ્રહ અંગેની સમજ 'થોડામાં ઘણું' માનીને આંતરિક સલામતી અને હૃદયની સરળતાનો અનુભવ કરતા હોય છે. આવા

લોકો પાસે નાની નાની વસ્તુઓનો સહજ આનંદ હોય છે.

એક વાર કૃષ્ણ ભગવાન અર્જુન સાથે જંગલમાં ગયા. અહીં એક ઝાડ નીચે એક ઋષિ બેઠા હતા. સૂર્યપ્રકાશ માથે ન પડે તેના માટે તેમણે હાથમાં મોટું પાન રાખ્યું હતું. અર્જુન તેમને જણાવ્યું. 'મુનિવર્ય, આપ અહીં તડકામાં રહો છો તો એક પર્ણકુટિર બાંધી રહો તો સારું. આપને તકલીફ ન થાય.' ઋષિ કહે - "સાધુ તો ચલતા ભલા-થોડો સમય રહેવું ને ઝૂંપડું કયાં બાંધવું ?"

"આપને અહીં કેટલો સમય થયો ?" અર્જુને પૂછયું. ઋષિ કહે, "સાત રામાવતાર થઈ ગયા હશે!" અર્જુનને આશ્ચર્ય થયું. જીવવું હોય તો આવાસ વગર પણ જીવી શકાય છે.

જયારે આપણી અમુક વર્ગની માનસિક પરિસ્થિતિ કેવી છે. બસ 'મોર એન્ડ મોર' દશ શહેરોમાં લીધેલાં મકાનો પણ ઓછાં પડે છે. દશ માળનો અતિ આધુનિક બંગલો પણ નાનો પડે છે. જીવનમાં સંતોષવૃત્તિ જેવું બીજું કોઈ સુખ નથી.

ઘણાં લોકોને મન સંતોષ-સંપ-સહકારમાં જ જીવનનો ખરો આનંદ છે. કુટુંબમાં સંપ અને સહકારિતા હોય તો સંવાદિતા જળવાઈ રહે છે. સહુની સાથે રહેવામાં જીવનની સફળ આનંદિત લાગે છે. આજે પણ એવા વિશાળ કટુંબો એક રસોડે જમે છે. આનંદકિલ્લોલથી રહે છે. ઘરની દરેક વ્યકિતને એકબીજા પ્રત્યે લાગણી, એકનું દુઃખ કે સુખ સૌનું, એકબીજાની ભૂલને જતી કરે, પ્રેમ અને વાત્સલ્યથી ભરેલું હૃદય અને કામ કરવામાં આળસ નહીં. બીજા માટે ઘસાવાની વૃત્તિ.

રીટા બહુ મોટા કુટુંબમાં વહુ બનીને આવી. ઘરમાં ચાર ભાઈઓનો પરિવાર-વડીલો પણ ખરા જ. તે ટીચર હતી. ઘરનાં જેઠાણી-સાસુ-કાકીજી બધાંએ કહ્યું, "અમે બધું કામ કરીશું - તું તારી નોકરી ચાલુ રાખ." રીટાએ બધાના સહકારથી જોબ ચાલુ રાખી. એક દિવસ ઘરમાં ખૂબ બધા મહેમાન આવ્યા. બધાંનું જમવાનું કરવાનું - રજા લેવાય એમ ન હતી કારણ સ્કૂલમાં એક ભવ્ય પ્રોગ્રામ હતો. એ સ્કૂલેથી ઘરે આવી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એને ક્ષોભ થતો હતો પણ ઘરનાં વડીલોએ મોઢું ન ચઢાવતાં તરત કહ્યું - "કંઈ વાંધો નહિ - અમે બધાંએ ઘણું કામ પતાવી દીધું છે. હવે ચાલ સાથે કામે લાગી જઈએ એટલે કામ જરૂર પૂરું થઈ જશે." કોઈના જીવ બોલાચાલી કરી ટેન્શનવાળા ન થાય. પરિણામે મહેમાન સાથે પણ હસી-ખુશીથી આનંદથી દિવસ વિતાવ્યો. બોલો આવા ઘરમાં નંદનવન જ હોય ને ? સમસ્યાને આનંદથી સુલઝાવી નાંખી અન્યને સુખ આપવાનો પણ એક આનંદ હોય છે. આ થઈ મજાની...જિંદગી !!

તો વાચકમિત્રો! સારી જિંદગી-મજાની જિંદગી જીવવા માટે એ જાણવું ખૂબ જરૂરી હોય છે કે શું પકડી રાખવું અને શું છોડી દેવું ? આપણી પસંદગી જેવી જ આપણી જિંદગી બને છે. આપણી પસંદગી બસ મજામાં - આનંદમાં રહેવાની હશે તો મજા જ મજા. જિંદગીની કેડી માણસે જાતે જ કંડારવાની છે. તો મિત્રો નવું વર્ષ છે. જિંદગીને બનાવો ચકાચક-જીવન એક સફર છે - યાત્રા છે. એ સફર તો હસતાં હસતાં ખિલખિલાટ કરવાની હોય ને ? આ સફરમાં શોક કે ઉદ્વેગ ન જોઈએ. બસ મન ખુશખુશાલ. ઉમંગ અને ઉત્સાહથી ઘૂંઘરું વગર પણ પગ થિરકવા જોઈએ. જીવનની જંજાળ થોડી ઓછી કરતાં જાવ. જીવન સફરમાં પળે પળે આનંદ છલકાવો જોઈએ. વરસાવો જોઈએ. આવો હસમુખો ચહેરો જ બધાને ગમે છે. દિવેલિયું ડાચું કોને ગમે ? તો મિત્રો ન્યૂ યર-હસીખુશીનું વર્ષ-સુખમાં કે દુઃખમાં જરૂર આનંદિત રહેશો ને ? ખુશી તમારા ચરણો ચૂમશે...!

## સમાચાર દર્પણ



ગામ ગોથાણ (નવસારી) ના મુકેશભાઈ વિઠ્ઠલભાઈની સુપુત્રી ચિ. રાધિકાએ B.Sc. Nursing ની ડિગ્રી First class સાથે મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ પરવટ (નવસારી) ના જનેશભાઈ બાલુભાઈ પટેલ ના સુપુત્ર ચિ. આનંદે Elec. & Engg. & I.T. Tech. માં Master of Engineering ની ડિગ્રી જર્મની ખાતેથી First class સાથે મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ખોલેશ્વરના કેતનભાઈ રમણભાઈ પટેલ ના સુપુત્ર વાસુએ Conestoga College કેનેડા ખાતેથી Financial Planning Services ની ડિગ્રી મેળવી છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કડોદરા ના સંજયભાઈ નગીનભાઈ પટેલ ના સુપુત્ર કશ્યપે Bachelor of Architecture ની ડિગ્રી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



શ્વેતાંગ પટેલ ની સુપુત્રી ડૉ. ઈશાની એ M.B.B.S ની ડિગ્રી બાદ તેણી St. Mary Medical Center Philade Phia ખાતે PA માં ઈન્ટરનલ મેડીસીનમાં રેસીડન્સી કરે છે. છે. ઉમાવાણી તેમને શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કડોદરા (સુરત) ના સંદીપકુમાર ચંદુભાઈ પટેલ ના સુપુત્ર પ્રિતે B.E. Computer Eng. ની ડિગ્રી 9.56 CGPA સાથે પાસ કરી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ નનસાડ ના હેમંતભાઈ નાથુભાઈ પટેલ ના સુપુત્ર અવધે B.B.A. ની ડિગ્રી First Class સાથે પાસ કરી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉધના (કા.ચા.) ના મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ ના સુપુત્ર ચિ. કેયુરે સુરત ડિસ્ટ્રીકટ પાવર લિફ્ટીંગ એસોસિયેશન દ્વારા આયોજીત ડેડલિફ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ કન્યાસી (સુરત) ના મનિષભાઈ કેશવભાઈ પટેલ ની સુપુત્રી ખુશ્બુ એ Interior Designer ની ડિગ્રી First Class સાથે મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ વલણ હાલ પાલ, સુરત ના મનોજભાઈ રમણભાઈ પટેલ ની સુપુત્રી પ્રાચી એ M.B.B.S. ની ડિગ્રી Penza State University (Penza) Russia રશિયા ખાતેથી મેળવી છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.








ફકત આપણા જ લાલચૂડા કડવા પાટીદાર સમાજના યુવાનોને લઈને શ્રી જેનીશભાઈ પટેલ - અમરોલી YHCT T-20 League-2021 ની સીઝન-૪ દ્વારા કામરેજ ચાર રસ્તા વિશાલ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જે ટીમનાં વિજેતા ફરી ચોથી વખત S.S. Group (ગોથાણ) થઈ હતી. જેમને ફાઈનલ ટ્રોફી સ્વ. વિજયભાઈ બળદેવભાઈ પટેલ-હલધરું ના સ્મરણાર્થે મારા પુત્ર આકાશ પ્રકાશભાઈ બળદેવભાઈ પટેલ - અડાજણ, સુરત દ્વારા આપવામાં આવેલ હતી. અને રનરસપ ટ્રોફી મંત્રીશ્રી વિકાસભાઈ પટેલના વરદ્ હસ્તે આપવામાં આવી હતી.



ગામ સીથાણ ના શ્રી શરદચંદ્ર રમણલાલ પટેલ સુરત મહાનગરપાલિકામાં આસી. સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. તેઓ કડવા પાટીદાર કેળવણી મંડળ, કૃષિમંગલ, સુરતમાં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. તેમને જાન્યુઆરી-૨૦૨૨ થી સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે બઢતી આપવામાં આવી છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને સમાજને તેમની સેવાનો લાભ મળે તે માટે સમાજ તથા ઉમાવાણી તરફથી અભિનંદન.



ગામ ખોલવડ ક્રિષ્ણા રેસીડન્સી બંગલ નં. ૧૧૯/૧૨૦ ના રહેવાસી શ્રી શશીકાંતભાઈ ઠાકોરભાઈ જરીવાળા ના પૌત્ર અને અ.સૌ. મીનાબેન તથા દિપકભાઈ જરીવાળા (હાલ પનામા) ના સુપુત્ર ચિ. ભાર્ગવકુમારે USA માં Computer Engineering and Computer Science કરેલ છે. અને હાલ USA Kentucky, Loui sville metro police Department માં Police officer તરીકે ફરજ બજાવી રહ્યાં છે. એમણે વિદેશમાં જઈ આ સિદ્ધી મેળવીને પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યુ છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ ઉમરા (અઠવા) ના પરેશભાઈ ઠાકોરભાઈ પટેલ ના સુપુત્ર ચિ. તરંગે વીર નર્મદ યુનિર્વર્સિટીની વોલીબોલ ટીમમાં પસંદગી પામી જબલપુર (મ.પ્ર.) ખાતે રમવા ગયા હતા. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.






વૈદ્યરતમ્ સંદિપ પટેલ નું ગત બે વર્ષ દરમ્યાન સમગ્ર વૈષ્ણવ વણીક સમાજમાં નિઃશુલ્ક એમની રી-સર્ચ મેડીસન “ટેબલેટ-કફારી અને ટેલબેટ કોરોવાઈલ” નું વિતરણ કરી કોરોના પ્રીબેન્સન માટે સેવા કરેલ હતી. તે અંગે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - SVVP, સુરત દ્વારા સન્માન કરી પ્રશસ્ની પત્ર અને એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. અને ખાસ કોરોના કાળમાં વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ની કોરોવાઈલ ટેબલેટ જેને આયુષ મંત્રાલય દ્વારા ફકત દુનિયાભરમાં એકમાત્ર કોરોના અને વાયરલ રોગોની આયુવૈદિક ઔષધ તરીકે પ્રમાણપત્ર મળેલ છે. જે સમગ્ર લાલચૂડા કડવા પાટીદાર સમાજ માટે પણ ગૌરવરૂપ છે. જેનું કોમર્શિયલ વિતરણ ZOTA HEALTHCARE સાથે જોડાણ કરી ૧૨૨ દેશોમાં સેવારૂપી વહેચાણ કરવા માટે ટાઈ-અપ કરેલ છે.

એજ પ્રમાણે સુરત ના જાણીતા શ્રી વિભાબેન શાહ NGO ના ટ્રસ્ટી જાની વિજય ભગવાન ઘર્મચક્ર ચેરીટેબલ દ્વારા કોરોનાકાળમાં નિઃસ્વાર્થ સેવા માટે ગુજરાતના આયુર્વેદિક કોરોના વારીર્યસ વૈદ્ય તરીકે સન્માન રૂપે શાલ ઓઢાડી પ્રમાણપત્ર અને એવોર્ડ આપવામાં આવેલ છે એમને સેવાયજ્ઞમાં ટ્રાયબલ એરીયામાં ખૂબ મદદરૂપ થલા બદલ અભિનંદન પણ પાઠવેલ છે.


M.B.A. ફાયનાન્સ અને મેનેજમેન્ટ વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ કે જેઓ આર્યુસન ફાર્મા નામની ફામૈસી કંપની ઘરાવે છે. એમના રીસર્ચ સાયન્ટીસ્ટ હોય ૫૪ વર્ષની ઉંમરે એમની જીજીવીશા થી એમણે સ્વામી વિવેકાનંદ સુભારતી યુનીર્વસીટી, મેરઠ, યુ.પી. માંથી M.B.A. ફાયાનાન્સ અને મેનેજમેન્ટ ની ડીગ્રી પરીક્ષા પાસ કરી પ્રથમવર્ગ સાથે ઉર્ત્રીણ કરી મેળવી છે. હાલ તેઓ ‘સંગીત” માં ડીગ્રી કોર્ષમાં અભ્યાસ કરી રહેલ છે.

## કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા

# અમૃત મહોત્સવ (૭૫ વર્ષની ઉજવણી)નો સમાપન સમારોહ તથા સ્વ. શ્રી જગુભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ

**મંત્રીશ્રીની કલમે**
**વિકાસભાઈ જી. પટેલ** (જોખા)

તા. ૦૯-૦૧-૨૦૨૨ ને રવિવારના રોજ સલૂણી સાંજે વિદ્યામંગલ શાળામાં અમૃત મહોત્સવના સમાપન સમારોહના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના કાર્યકારી અધ્યક્ષ અને કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ ના અધ્યક્ષતા હેઠળ સાંજે ૫-૧૫ ના સમયે કાર્યક્રમની મંગલ શરૂઆત થઈ હતી. જેમાં સમાજના અગ્રણી મહાનુભાવો તથા એમના પવિત્ર આશીર્વાદ અને સોનેરી છત્રછાયામાં આ કાર્યક્રમનો શુભારંભ થયો હતો. સાંજે ૪-૧૫ કલાકે પ્રીતિ ભોજનની શરૂઆત કરવામાં આવી હતી. રસોઈ વિભાગની ટીમ તેમજ તેમાં જોડાયેલા તમામ કાર્યકરોના અથાગ પરિશ્રમ થકી પ્રીતિ ભોજન ખૂબ જ વ્યવસ્થિત સુઆયોજિત રીતે પૂરું થયું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં સૌપ્રથમ સ્વ. જગુભાઈ પટેલ ને શ્રદ્ધાંજલિ સ્વરૂપે શ્રી હેમંતભાઈ પટેલ દ્વારા તૈયાર કરાયેલ એક ડોકયુમેન્ટરી રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સમૂહમાં રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન બાદ ગુજરાતી માધ્યમની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી. આખુ વાતાવરણ પ્રભુમય બન્યું હતું. સ્વાગત અને પ્રાર્થનામાં ભાગ લીધેલા દરકે બાળકોને પ્રોત્સાહિત ઈનામ પણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટયની વિધિ સમાજના મહાનુભવો દ્વારા કરવામાં આવી હતી. દીપ પ્રાગટય બાદ સમાજના રતન રહી ચૂકેલા સ્વ. જગુભાઈ પટેલ ની પ્રતિમાનું અનાવરણ વિધિ સમાજના હોદ્દેદારો તેમજ તેમના કુટુંબના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. જેના દ્વારા સમાજની પવિત્રતાના દર્શન થયા હતા.

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદાય એવાં કર્યા કે સૌના હૃદયમાં ગૂંજયા કરે, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહી, જીવન જીવીને સુખ સહુને આપી ગયા, પરિવાર માટે સેવા, સમર્પણ નો રાહ ચીંધી ગયા.

સ્વ. જગુભાઈ પટેલ અને તેમના કુટુંબના સભ્યોએ આ સમાજ માટે જે ૫૨ વર્ષથી સેવા કરી હતી તેમણે સમાજને સતત ઉન્નત દિશા તરફ આગળ વધારવામાં પોતાના તન, મન, ધન અર્પી દીધા એવા મુળદના સંત ને કોણ ભૂલી શકે ? તેમની યાદ વિદ્યામંગલ શાળામાં પણ સતત ચિરંજીવ બની રહે તે માટે

તેમની પ્રતિમા વિદ્યામંગલ શાળા કેમ્પસમાં સ્થાપિત કરીને કડવા પાટીદાર સમાજે એક નાનકડો ઋણ સ્વીકાર કરવાનો પ્રયાસ કર્યો છે. આના થકી સમાજના નવયુવાનો પણ કંઈક પ્રેરણા મેળવી સમાજના એક સાચા માર્ગદર્શક બની રહે એવા આશય સાથે તેમજ શાળાના બાળકોને પણ એમની જીવનઝાંખી જાણી પોતાના જીવનને ઉન્નત અને ઉચ્ચ વિચારોથી પથદર્શક બનવા માટે સતત પ્રેરિત કરતા રહેશે. સમાજના વડીલો અને કાર્યકરોએ શાળામાં સ્વ. જગુકાકા ની પ્રતિમા મૂકીને બાળકોના જીવનમાં એક ઉચ્ચ આદર્શ સ્થાપી શકશે એ આશયથી એ ખૂબ જ તંદુરસ્ત નિર્ણય લીધેલો ગણાશે.

સમાજના માનનીય ભૂતપૂર્વ તેમજ અત્યારે કાર્યરત એવા વડીલ મહાનુભાવોને કુમકુમ તિલક કરી અને ખેસ પહેરાવી સ્ટેજ ઉપર બોલાવી તેમનું શાલ, પુષ્પગુચ્છ તેમજ સ્મૃતિ ભેટ અર્પી તેમનું ભાવ ભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશેષ રૂપે નવીનકાકા અને અશ્વિનભાઈ પટેલ જેવા સમાજના આગલી હરોળના મહાનુભાવોએ પોતાનો કિંમતી સમય ફાળવી આ કાર્યક્રમની શોભા વધારી હતી.

આવકાર પ્રવચનમાં કડવા પાટીદાર કેળવણી મંડળના સુરેશભાઈ પટેલ પોતાના શબ્દસુમન વડે સૌનું સ્વાગત કર્યું હતું તેમજ સમાજના મંડળ થકી થતી કાર્યની પ્રશંસા પણ કરી હતી.

સન્માનિત અતિથિ શ્રી પરેશભાઈ પટેલ પણ કડવા પાટીદાર સમાજની પ્રશંસા કરી કરી તેને બિરદાવી હતી. તેમણે પોતે સમાજના કાર્યો માટે પોતાનાથી થઈ શકે તેવા કાર્યો માટે એમની જયારે પણ જરૂર પડશે ત્યારે તેઓ તૈયાર રહેશે એવી ખાતરી આપી હતી.

કડવા પાટીદાર કેળવણી મંડળનાં મંત્રીશ્રી વિકાશભાઇ પટેલે સ્વ. જગુકાકાને યાદ કરી તેમની સમાજસેવાની ઉદાર ભાવનાને બિરદાવી હતી. સાથે ઓન લાઈન ડીરેકટરીનો આપણે સૌ ઉપયોગ કરીએ અને લાછન ડીરેકટરીને તૈયાર કરનારા શ્રી કીર્તીભાઈ ચંદ્રેશભાઈ અને યુવક મંડળને અભિનંદન આપ્યા હતા.









પરિવાર નામાવલી તૈયાર કરનારા વડીલશ્રી સુમનકાકા, શ્રી હેમંતભાઈ, શ્રી મગનકાકાની સમાજસેવાની નોંધ લીધી હતી. સમાજના વડીલો શ્રી જયંતિકાકા, શ્રી નવીનકાકા, શ્રી અશ્વિનભાઈ, શ્રી શાંતિલાલભાઈ, શ્રી રમેશકાકા, શ્રી સુમનકાકાની સમાજસેવાની ભાવનાને આ તબકકે બિરદાવી હતી.

"અમૃત મહોત્સવ" અંતર્ગત (૭૫ વર્ષની ઉજવણી) સ્મરણિકા વિમોચન મંચસ મહાનુભાવો દ્વારા કરવામાં આવી હતી. આ સ્મરણિકામાં ૭૫ વર્ષ નો કડવા પાટીદાર કેળવણી મંડળ ની ગાથા આપવામાં આવી છે. જે સમાજના દરેક ઘર દીઠ સ્મરણિકા આપવામાં આવશે.




કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ ઉર્ફે સુનીલભાઈ એ પત્ર લખી કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી તેમજ જયંતિભાઈ તથા દેશ-પરદેશમાંથી રૂબરૂ કાર્યક્રમમાં હાજર રહી શકે તેમ ન હતા તેમણે કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી જેની નોંધ લીધી હતી.

કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી જય વસાવડા સાહેબનો પરિચય શ્રી હેમંતભાઈ પટેલ દ્વારા અપાયો હતો. તેમજ સમાજના હોદ્દેદારો આવા મોટીવેશનલ સ્પીકર ને બોલાવીને આપણને એક પ્રેરણાત્મક વિચારોનું ભાથું પીરસાવીને એક ઉમદા વિચારો આપણને એમના થકી અપાવી ખૂબ જ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું. શ્રી વસાવડા સાહેબે કડવા પાટીદાર સમાજની આગવી કામગીરી તેમજ સંગઠનની વાતો કરી હતી. તેમણે નવી વાહનોને કાચ જેવું નહીં પણ હીરા જેવું બનવાની જરૂર છે એવો સંકેત આપ્યો હતો. તેમજ દરેક વ્યક્તિને પોતાના વક્તવ્ય દ્વારા પોતાની ક્ષમતા મુજબ ઉપયોગી થવા માટેનો સંદેશ પાઠવ્યો હતો.

શ્રી સુમનકાકાના વક્તવ્યમાં કડવા પાટીદાર કેળવણી મંડળની પ્રગતિમાં સ્વ. જગુભાઈના યોગદાન વિશેની વાતો કરી હતી. તેમણે પોતાના ટૂંકાણના વક્તવ્યમાં જગુકાકાના અમૂલ્ય કાર્યોને વણી લીધા હતા.

LKPS વેબસાઈટની અર્પણ વિધિ વિશેની માહિતી શ્રી કિર્તીભાઈ અને ચંદ્રેશભાઈ દ્વારા અપાઈ હતી અને એમના દ્વારા એને ખુલ્લી મુકવામાં આવી હતી. જેથી કડવા પાટીદાર સમાજના દરેક વ્યક્તિઓ કોઈપણ જગ્યાએ રહેતા હોય તે છતાં સમાજની પ્રવૃત્તિ અને સમાજના કાર્યોથી સતત માહિતગાર થતા રહેશે એ આશય અહીં પરિપૂર્ણ થયો હતો.

સમાજના પૂર્વ હોદ્દેદારોનું સન્માન શાલ, સ્મૃતિ ભેટ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર હોદ્દેદારોને આ અર્પણ કરી તેમના કરેલા કાર્યોને ખુબ જ માન પૂર્વક બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે આભાર વિધિ માટે શ્રી યોગેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે સમગ્ર કાર્યક્રમમાં કાર્યરત સૌનો આભાર વ્યકત કર્યો.

સમગ્ર કાર્યક્રમની બાગડોરનું સંચાલન શ્રી હેમંતભાઈ પટેલે ખૂબ સરળતા અને સહજતાથી કરી હતી.

અંતમાં આ સમગ્ર કાર્યક્રમમાં કાર્યરત એવા શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ, સહમંત્રીશ્રી અમિતભાઈ તથા સંચાલક મંડળના સભ્યશ્રીઓ, અંગ્રેજી મંડળના મંત્રીશ્રી પિંકલબેન, સહમંત્રીશ્રી સમીરભાઈ પટેલ

દ્વારા સુઆયોજન બદ્ધ કાર્યક્રમ રજુ થયો હતો. આમ, તમામ હોદ્દેદારશ્રીઓ ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમિષભાઈ ની અથાગ મહેનત અને શાળા પરિવાર ના તમામ સભ્યોની કાર્ય મુજબની કર્મનિષ્ઠા થકી આ કાર્યક્રમ ખૂબ જ સારી રીતે પૂર્ણ થયો હતો.

## ૧૪૭ મો સમૂહલગ્ન





માઁ ઉમિયાના અલૌકિક તથા અપ્રતિમ આશીર્વાદથી નિરંતર અને પરંપરાગત રીતે લાલચૂડા કડવા પાટીદાર સમાજ માટે કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ૧૪૭મો સમૂહલગ્નનું ભવ્ય આયોજન થયું હતું.

જે પરંપરાને આગળ વધારતા તા. ૧૪-૧૨-૨૦૨૧ ને મંગળવારના રોજ યોજાયેલ આ ૧૪૭ મો સમૂહલગ્નમાં સવારે ચાર અને સાંજે ચાર એમ કુલ આઠ નવયુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. સમૂહલગ્નનું આયોજન મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ મગનભાઈ પટેલ, મંત્રીશ્રી વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ, ખજાનચીશ્રી અમિષભાઈ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન અને યુવક મંડળના પ્રમુખશ્રી સુચેતનભાઈ સાથે ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ તથા સમૂહલગ્ન કમિટીના સભ્યશ્રીઓના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

સમૂહલગ્નમાં સમાજના સૌ મોભીઓ ઉપસ્થિત રહ્યાં હતા. પ્રભુતામાં પગલાં માંડનાર નવદંપતિઓને લગ્નગ્રંથિથી જોડાવા બદલ હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી હતી. લગ્નગ્રંથિની સાથે પરસ્પર વિચારગ્રંથિથી જોડાવા જણાવ્યું હતું. મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશભાઈએ સૌને જીવન સર્વગુણ સંપન્ન અને સુખી બનાવવા માટે ચાવીરૂપ વાત જણાવતા કહ્યું હતુ કે એકબીજાના દોષ કે દુર્ગુણો ન જોતા એકબીજાના સદ્‌ગુણો, સુટેવો, સારા વિચારોને અપનાવજો. જેવા છો તેવા એકબીજાને સ્વીકારશો તો જીવન સુખમય બની રહેશે એવા આશીર્વચનો આપ્યા હતા.

મંત્રીશ્રી વિકાસભાઈએ જણાવ્યું હતુ કે જીવનના અંત સુધી એકબીજાનો સાથ-સંગાથ નિભાવી જીવનનો ઉત્સવની જેમ જીવી જાણજો એવા આશીર્વાદ સૌ નવદંપતિને પાઠવ્યા હતા. સમગ્ર આયોજનને સફળ બનાવનાર સેવાભાવી અને કર્મઠ કાર્યકરોનો આ તબક્કે અમો સૌ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

દુર્ગાબા પરિવાર દાતાશ્રી શૈલેષભાઈ ભોગીભાઈ પટેલ ઉમરાગામના પરિવાર તરફથી કન્યાદાન તથા ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના પ્રસંગને ઉત્સાહપૂર્વક દીપાવવા બદલ કેળવણી મંડળ તેમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

## શિક્ષા ફાઉન્ડેશન – ચેક વિતરણ



શિક્ષા ફાઉન્ડેશન, બારડોલી તરફથી કોરોનાની મહામારીને લીધે જેમના કુટુંબની કોઈ વ્યક્તિનું કોરોનાને કારણે મૃત્યુ થયું હોય અને જેની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેવા કુટુંબને સહાયરૂપ થવા માટે ફોર્મ બહાર પાડવામાં આવ્યા હતા. લાલચૂડા કડવા પાટીદાર સમાજ તરફથી પણ દરેક ગામોને તેમજ શહેરી વિસ્તારમાં વસતા લોકોને તે અંગે જાણ કરવામાં આવી હતી. અને આપણાં સમાજ દ્વારા કુલ ૧૪૭૭ ફોર્મ ભરીને મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૩૯ ફોર્મ આપણાં જ્ઞાતિજનોના હતા. શિક્ષા ફાઉન્ડેશન તરફથી આજ સુધીમાં આપણને ઉપરોકત ફોર્મ પૈકી ૧૩૯ ચેકો મળ્યા છે. તેમાં દરેકને ફોર્મદીઠ રૂા. ૧૦,૦૦૦/- મળ્યા હતા. આ ચેકનું કૃષિમંગલ ઓફિસેથી હોદ્દેદારશ્રીઓ ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમિષભાઈ ના વરદ્હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. બાકીના લાભાર્થીઓને સમયાંતરે ચેકનું વિતરણ કરવામાં આવશે તે બાબતે શિક્ષા ફાઉન્ડેશન, બારડોલી તરફથી ખાતરી આપેલ છે.

## વેબસાઈટ તેમજ ઓનલાઈન ડિરેક્ટરી

**www.lkps.org**

કેળવણી મંડળ તથા યુવક મંડળે અમારા ઉપર વિશ્વાસ મૂકી સમાજની વેબસાઈટ તેમજ ઓનલાઈન ડિરેકટરીનું જે કાર્ય અમને સોંપેલ હતું, તેને એક વર્ષના સમયગાળામાં સફળતાપૂર્વક પૂરું કરવામાં આવ્યું છે. આ કાર્યમાં સમજનાં યુવકોએ પરિવારની માહિતી એકત્રિત કરવામાં તેમજ અમેરિકાથી ધર્મેશભાઈ પટેલે અને કેનેડાથી મુકેશભાઈ પટેલે ઓનલાઈન ડીરેકટરીમાં ડેટા પૂરો પાડવામાં તેમજ સંસ્થાના સ્ટાફ સભ્યોએ વેબસાઈટ માટે સમાજની અને ત્રણે મંડળીની માહિતી પૂરી પાડવામાં ખુબ મદદ કરી છે. તે બદલ આ સાથે અમે આપસૌનો ખુબખુબ આભાર માનીએ છે. પરિવારની માહિતી સમયસર આપવા બદલ સર્વે પરિવારોનો પણ ખુબ આભાર.

વેબસાઈટ અને ડિરેકટરી અમૃત મહોત્સવના સમાપન સમારંભનાં રોજ સમાજનાં ઉપયોગ માટે રજુ કરેલ છે. જેની ટૂંકી માહિતી નીચે મુજબ છે.

**www.lkps.org** વેબસાઈમાં સમાજ તેમજ ત્રણે મંડળો વિષયની માહિતી, હાલનાં તેમજ પૂર્વ વહીવટી કમિટીની માહિતી, સમાજની વિવિધ પ્રવૃત્તિની માહિતી, પ્રવૃત્તિનાં ફોટો તેમજ વિડિયો, ઉમાવાણી તેમજ વિવિધ ફોર્મ અમેરિકા લાલચૂડા સમાજની, ઊંઝા લાઈવ ઉમિયા દર્શન જેવી વિવિધ વેબલીંગ ડિરેકટરી લોઈ-ઈન.

ડિરેકટરીમાં પોતાના પરિવારની માહિતી જોઈ શકાય તેમજ તેને સુધારી શકાય, સમાજની માહિતી વિવિધ રીતે સર્ચ કરી જોઈ શકાય તેમજ તેમાં પસંદ કરી તેનું લિસ્ટ બનાવી પ્રીન્ટ કરી શકાય.

ફરી એકવાર સૌના આભારસહ,

શ્રી કિર્તીભાઈ પટેલ, શ્રી ચંદ્રેશભાઈ પટેલ, શ્રી હર્ષિલભાઈ પટેલ તથા યુવક મંડળના હોદ્દેદારો.

## વિદ્યામંગલ શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિશેષ રાહત

૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ શાળામાં (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) કેળવણી મંડળ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ ના શૈક્ષણિક વર્ષ માટે શૈક્ષણિક ફી માં રાહત આપવાનું નકકી કરવામાં આવ્યું છે. કોરોના કાળમાં કપરા સમયમાં કેળવણી મંડળ દ્વારા સમાજના બાળકોને વિશેષ લાભ આપવાનું સરાહનીય પગલુ લેવામાં આવ્યું છે. જેનો લાભ તમામ વાલીઓએ લેવા કેળવણી મંડળ દ્વારા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે સમાજના બાળકોને શૈક્ષણિક ફી માં ૪૦% રાહત આપવામાં આવશે. સમાજના બાળકોને હોસ્ટેલ ફી માં પણ વિશેષ રાહત આપવામાં આવશે. કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ, આમંત્રિત સભ્યશ્રીઓ પોતાના ગામ અને વિસ્તારમાં રહેતા સમાજનાં પરિવારોને આ વિશેષ લાભ મળે તેવા પ્રયત્નો કરવા હોદ્દેદારશ્રીઓની નમ્ર અપીલ છે.

અન્ય સમાજના બાળકોને પણ શૈક્ષણિક ફી માં ૨૦% રાહત આપવાનું કેળવણી મંડળ દ્વારા નકકી કરવામાં આવ્યું છે.

આપણી શાળામાં ધો. ૧૧, ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને JEE અને NEET ની તૈયારી કોટા (રાજસ્થાન) ના તજજ્ઞોની ટીમ દ્વારા કરાવવામાં આવે છે. આ સાથે ધો. ૮ થી ફાઉન્ડેશન કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યા છે. આ વર્ષે ઝળહળતુ પરિણામ પણ પ્રાપ્ત થયેલ છે. માટે સમાજના બાળકો આપણી શાળામાં પ્રવેશ લઈ ખુબ જ સરસ પરિણામ પ્રાપ્ત કરી સમાજનું નામ રોશન કરો. તેવી હોદ્દેદારશ્રીઓની નમ્ર અપીલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી વિદ્યામંગલ શાળામાં ધો. ૯ અને ધો. ૧૧ (સાયન્સ અને કોમર્સ) ના GBSC ના વર્ગો શરૂ થનાર છે. જેની નોંધ લેવા વિનંતી છે.

**વિકાસભાઈ જી. પટેલ**
મંત્રીશ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ



ગામ વલણ (સુરત) ના કેતન રમણભાઈ પટેલ ના સુપુત્ર યશે B.Com SPB Eng. Med. College of Com. & Chartered Accountancy The Institute of Chartered Accountants of India માંથી પાસ કરેલ છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.

# વિદ્યામંગલ સમાચાર

## * વિજ્ઞાનમેળાની સિદ્ધિ *

એન. જે. ચેરીટેબલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ ઉધનાના સંયુકત ઉપક્રમે (સાયન્સ ફેર) વિજ્ઞાન મેળાનું આયોજન.

સુરતના એન.જે. ચેરીટેબલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ ઉધના ના સંયુક્ત ઉપક્રમે 'An Innovative Science Fair' નું આયોજન તા. ૨૪-૧૨-૨૦૨૧ ને શુક્રવારના રોજ થયું હતું. જેમાં કુલ ૧૮ શાળાની ૨૮ ટીમે ભાગ લીધો હતો જેમાં Reduce, Reuse, Recycle, ઊર્જાના સ્રોતો, સાદા યંત્રો, વનસ્પતિ અને વિજ્ઞાન, અન્ન સ્રોતોમાં સુધારણા વગેરે વિવિધ વિષયો પર આધારિત નાવીન્ય સભર પ્રોજેકટ રજૂ કરાયા હતા. જેમાં DIET ના પ્રોફેસર રશ્મિકાંતભાઈ અને ડૉ. જગદીશભાઈ તથા ખાનગી સંસ્થાના જગદીશભાઈ પટેલે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. જેમાં વિદ્યામંગલ નિવાસી શાળાની પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાંથી બે કૃતિઓ મૂકવામાં આવી હતી. જેમાં પ્રાથમિક વિભાગની Reduce, Reuse, Recycle કૃતિએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને વિદ્યામંગલ શાળાનું નામ એન.જે. ચેરીટેબલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ ઉધનામાં ગુંજતું કર્યું હતું. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત થયા હતા પરંતુ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર ઉપરાંત રોકડ પુરસ્કાર આપવામાં આવ્યાં હતા તેમજ સંસ્થાને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આમ, આ સમગ્ર ટીમને કડવા પાટીદાર કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમિષભાઈ, તથા વિદ્યામંગલ શાળા પરિવાર તરફથી તથા શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ તેમજ શાળાના સહમંત્રીશ્રી અમિતભાઈ પટેલ, શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબ અને શાળાના શિક્ષકો દ્વારા હાર્દિક શુભકામના પાઠવવામાં આવી હતી.

---

## * Microsoft Innovative Educator Training *

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાલના કટોકટીના સમયને જોતા શિક્ષકોને ટેકનોલોજીથી વધુ ને વધુ માહિતીગાર કઈ રીતે બનાવી શકાય તે દિશામાં સતત પ્રયત્ન થતા રહ્યા છે. તે માટે શાળાના મેનેજમેન્ટના સભ્યો તથા શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબના સહિયારા પ્રયાસો થકી ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકો ટેકનોલોજી થી સુસજ્જ બને અને ટેકનોલોજી નો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને રસપ્રદ અને નવીન શૈલી થી શિક્ષણ આપી શકાય તે હેતુને ધ્યાને રાખીને તા. ૨૫-૧૨-૨૦૨૧ ના બપોરે ૩-૦૦ થી ૫-૦૦ ના સમયે MIE (Microsoft Innovative Educator) ઓનલાઈન ટ્રેનિંગ આયોજન થયું હતું. તેમાં શાળાના તમામ શિક્ષકો તથા ગૃહ માતા-પિતાએ પણ ભાગ લીધો હતો. જેથી સમયાંતરે દરેક શિક્ષકશ્રીઓને ટેકનોલોજીનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે.

આ ટ્રેનિંગમાં ટેકનોલોજીનો શિક્ષણમાં સરળ રીતે ઉપયોગ કેવી રીતે કરી શકાય તે માટે જુદા જુદા સોફ્ટવેર પ્રોગ્રામની ટ્રેઈનીંગ આપવામાં આવી હતી જે નીચી મુજબ છે.

(1) Microsoft sway, (2), Microsoft Innovative educator, (3) Office 365 Dashboard, (4) Microsoft Edge, (5) Microsoft Excel, (6) Microsoft Power Point, (7) Teaching Learning Process.

ઉપરોકત પ્રોગ્રામને કઈ રીતે ઉપયોગ કરી શકાય એ વિશે સંપૂર્ણ માહિતી આ ટ્રેનિંગમાં આપવામાં આવી હતી.

તા. ૨૮-૧૨-૨૦૨૧ ના રોજ બપોરે ૧-૦૦ થી ૨-૦૦ ના આ સમયગાળામાં માઈક્રોસોફ્ટ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન ની ટ્રેનિંગ આપવામાં આવી હતી. તેમાં પાવરપોઈન્ટમાં ઈમેજ કઈ રીતે ગોઠવાય, Speech Detectard, Immersive Reader Tools of Office 365 વિશેની સમજ આપી હતી.

આમ, બંને દિવસના સેશનમાં તત્કાલિન પરિસ્થતિને પહોંચી વળવા માટે દરેક શિક્ષકો સજાગ બને તે માટે ના બનતા તમામ પ્રયત્નો શાળામાં સંસ્થા દ્વારા સમયાનુસાર કરવામાં આવે છે. આ સાથે બંને સેશનમાં ટ્રેનિંગ દરમિયાન દરેક શિક્ષકો MIE સર્ટિફિકેટ મેળવ્યા હતા.

## ✳ RNG Patel Institute of technology, તાજપોરની મુલાકાત ✳

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાંથી તા. ૨૮-૧૨-૨૦૨૧ અને મંગળવારના રોજ ધોરણ-૧૨ સાયન્સ ના ૮૨ વિદ્યાર્થીઓએ RNG Patel Institute of technology, તાજપોર ની મુલાકાત લીધી હતી. એમની સાથે આયુષીબેન સોલંકી અને રવિરાજભાઈ વરસાણી એમ બે શિક્ષકો જોડાયા હતા.

આ સંસ્થામાં સૌથી પહેલા શિક્ષકોનું સ્વાગત કરવામાં આવ્યું. અને ત્યારબાદ કોલેજ કેમ્પસનો વિડિયો બતાવવામાં આવ્યો. સાથે સાથે ઈલેકટ્રીક કાર, ઈલેકટ્રીક બાઈક વિશે ત્યાંના અધ્યાપક શ્રી તેજસ પટેલ દ્વારા માહિતી આપવામાં આવી. અને ફિઝિકસ, કેમેસ્ટ્રીના અમુક નિયમો માંગરોલા સર દ્વારા મોડલ સાથે સમજાવવામાં આવ્યા તથા કોલેજના એન્જિનિયરિંગડેનો વિડિયો બતાવવામાં આવ્યો.

એ સંસ્થા દ્વારા બપોરે લંચમાં છોલે ચણા, પુરી, અને સલાડ આપવામાં આવ્યું. બપોરના સેશન બાદ વિદ્યાર્થીઓને બે ગ્રુપમાં વહેંચી વિવિધ લેબની મુલાકાત કરાવવામાં આવી.

(૧) MATL લેબ : આ લેબમાં અલગ-અલગ બનાવેલા રોબોટની માહિતી આપવામાં આવી.

(૨) ઈલેટ્રિકલ લેબ : આ લેબમાં સોલાર સિસ્ટમ વિશેની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી.

(૩) ઓટોમેશન લેબ : આ લેબમાં માણસ વગર કઈ રીતે કામ કરી શકાય તે વિશે ના પ્રોગ્રામની માહિતી આપવામાં આવી.

(૪) 3D પ્રિન્ટર : આ પ્રિન્ટરમાં કઈ રીતે કામ કરી શકાય તેના વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી.

આમ, આ ઈન્સ્ટિટયૂટ ની મુલાકાત વિદ્યાર્થીઓ માટે નોલેજ મુલાકાત બની રહી હતી. હાલના ટેકનોલોજી યુગમાં કઈ રીતે યંત્ર કાર્યો કરે છે તે વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. આમ, વિદ્યાર્થીઓને સતત ટેકનોલોજી ના સંપર્કમાં રાખવા અને ટેકનોલોજી નો યોગ્ય ઉપયોગ કરી શકે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે આપણી સંસ્થા પ્રયત્નશીલ રહે છે. અને આવા પ્રયત્નો માટે સતત સહકાર આપતા સંસ્થાના મેનેજમેન્ટના સભ્યો, શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણ સતત પ્રયત્નશીલ છે.

# ✻ સ્ટાર પાર્ટીનું આયોજન ✻

સ્ટાર પાર્ટી એ Overnigh કાર્યક્રમ છે જે શાળામાં સમગ્ર રાત્રિ દરમિયાન યોજવામાં આવે છે. આ ઈવેન્ટમાં સેલેસિટયલ ઓબ્જેક્ટ્રસનું અવલોકન અને બીજી સંખ્યાબંધ પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો. વિદ્યાર્થીઓને રાત્રિના આકાશના વિવિધ પાસાઓ જેવા કે Light પોલ્યુશન, નાઈટ એડેપટેશન, હેનડી મેઝરમેટ વગેરેનો પરિચય આપવામાં આવ્યો હતો. તેઓને આકાશમાં અવકાશી પદાર્થોને શોધવા માટે સ્કાય મેપ-પ્લાનિસફિયરનો ઉપયોગ કર્યો હતો. તેઓને વિવિધ ટેલિસ્કોપનો ઉપયોગ કરી ચંદ્ર, ગ્રહો અને બીજા ડીપ સ્કાઈ ઓબ્જેક્ટ્રસનું અવલોકન પણ કર્યું હતું. સેશન વચ્ચે વિદ્યાર્થીઓને રીફ્રેશમેન્ટ આપવામાં આવ્યું હતુ. તેઓને પ્રકાશના ગુણધર્મોને સમજવા માટે "લાઈટ બ્લોકર" ગેમ અને ટીમ વર્ક અને સંકલન શીખવા માટે "કેચ ધ કોઈન" જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં પાંચ અલગ અલગ દિવસે યોજવામાં આવ્યો હતો. તેનો સમય સાંજે ૭ થી સવારે ૫-૩૦ સુધીનો રહ્યો હતો.

આમ, સ્પેસ એ ખોગળ શાસ્ત્ર ના ક્ષેત્રમાં કામ કરનારી એક અગ્રણી સંસ્થા છે. આ સંસ્થા ભારતમાં ખોગળ શાસ્ત્રને પ્રચલિત કરવાના મહત્વપૂર્ણ પ્રયાસો કરી રહી છે. આ દિશામાં આગળ વધવા માટે સ્પેસ એ વિદ્યાર્થીઓ માટે ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટમાં ભાગ લેવાની તક પૂરી પાડે છે. આમ, યુવા પેઢીને વિજ્ઞાન તરફ વાળવાનો પ્રયાસ સતત થતો રહ્યો છે.

આમ, સ્ટાર પાર્ટી કાર્યક્રમ યોજવા માટે શાળાના મંત્રીશ્રી, સુનિલભાઈ પટેલ, સહમંત્રીશ્રી અમિતભાઈ પટેલ અને શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબ આ કાર્યક્રમ નો હેતુ સમજી બાળકોને વિજ્ઞાન તરફ આકર્ષિત કરવામાં મહત્વનો ભાગ ભજવો છે એ માટે તમામ વિદ્યાર્થીઓ તેમના ઋણી રહેશે.










## ✳ કમ્પ્યૂટર ક્વિઝ સ્પર્ધા ✳

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાઉસ સિસ્ટમ અંતર્ગત "કમ્પ્યૂટર ક્વિઝ" દ્વારા હાલની ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું જ્ઞાન બાળકોને મળે તે હેતુથી kahoot! app. ના માધ્યમ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવા આશય સાથે સ્પર્ધાનું આયોજન તા. ૨૫-૧૨-૨૦૨૧ ના રોજ જીજ્ઞાશાબેન રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક તેમાં શાળાના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ હાઉસના નામ નીચે મજુબ છે.

**પ્રાથમિક વિભાગ :**

પ્રથમ - વાયુ હાઉસ
દ્વિતીય - અગ્નિ હાઉસ
તૃતીય - પૃથ્વી હાઉસ

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

પ્રથમ - પૃથ્વી હાઉસ
દ્વિતીય - અગ્નિ હાઉસ
તૃતીય - વાયુ હાઉસ







## ✳ અંતાક્ષરી કોમ્પીટીશન ✳

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં હાઉસ સિસ્ટમ અંતર્ગત અંતાક્ષરી કોમ્પીટીશનનું આયોજન તા. ૧૧-૧૨-૨૦૨૧ ના રોજ આયુષીબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં શાળાના પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા થયેલ હાઉસના નામ નીચે મજુબ છે.

**પ્રાથમિક વિભાગ :**

પ્રથમ - જલ હાઉસ
દ્વિતીય - વાયુ, પૃથ્વી હાઉસ
તૃતીય - અગ્નિ હાઉસ

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :**

પ્રથમ - પૃથ્વી હાઉસ
દ્વિતીય - વાયુ હાઉસ
તૃતીય - જલ હાઉસ








## ✻ ધોરણ ૧૦ ની વાલી મિટિંગ ✻

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં તા. ૦૪-૧૨-૨૦૨૧ ના રોજ ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સાંપ્રત સમયમાં પરીક્ષામાં થયેલ ફેરફારને ધ્યાને લઈને વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાલી મીટીંગની શરૂઆત Mangal Murti Shlok અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબ એ દરેક વાલીઓના આવકારતા સ્વાગત પ્રવચન કર્યું હતું. તે સાથે ધોરણ ૧૦ માં પરીક્ષા પધ્ધતિમાં ગણિત વિષયની પરીક્ષામાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તે ફેરફાર થકી વિદ્યાર્થીની કારકીર્દીમાં ઉપયોગી બાબતો સાથે વાલીઓ માહિતગાર થાય તે હેતુને ધ્યાને રાખીને વાલી મીટીંગનું આયોજન નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી.

(૧) ધોરણ ૧૦ માં બોર્ડની પરીક્ષા માટે ગણિતના પેપરની પસંદગી બાબતે ચર્ચા.
(૨) ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિતની સમજ.
(૩) બોર્ડના વિદ્યાર્થીઓની ગંભીરતા બાબતની ચર્ચા.
(૪) બોર્ડની તૈયારી કરવા માટે ૩.૩૦ થી ૪.૩૦ નો એક્સ્ટ્રા કલાસ વિશેની ચર્ચા.
(૫) વાંચન અને લેખન દ્વારા વિશેષ તૈયારી કેવી રીતે કરી શકાય તે વિશેની સમજ.
(૬) કપિલ ગુપ્તા સર સાથે ઝુમ મીટીંગ દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દી ઘડતર કઈ રીતે કરી શકાય તે બાબતની ચર્ચા કરી હતી.
(૭) ભાવનાબેન પણ ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને વિશેષ તૈયારી કઈ રીતે કરી શકાય તે વિશેની માહિતી આપી હતી.

આમ, આ વાલી મીટીંગ જ્ઞાનની સાથે ત્રણ સ્તંભ ને જોડતી કડી બની રહી હતી. જેમકે વિદ્યાર્થી-શિક્ષક અને વાલી આમ, ત્રણે વ્યક્તિઓ ને જોડતી સાંકળ બની હતી.

## ✳ H.S.C. (વિજ્ઞાનપ્રવાહ) નું NEET નું પરિણામ ✳

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળાનું ૨૦૨૦-૨૦૨૧ નું H.S.C (વિજ્ઞાનપ્રવાહ) ગ્રુપ-બી માં ૮૨ વિદ્યાર્થીઓએ NEET ની પરીક્ષા આપી હતી તેમાંથી ૨૪ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ૦૧ મળીને કુલ ૨૫ વિદ્યાર્થીઓ ક્વોલીફાઈડ થયા હતા. કોરોના મહામારી અને ઓનલાઈન શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી હોવા છતાં NEET નું પરિણામ ઘણું સારું આવ્યું છે. વિદ્યાર્થીઓએ પરિણામમાં સારો દેખાવ કરી શાળાનું નામ રોશન કર્યું છે. તે બદલ કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારો ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમિષભાઈ અને શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ, સહમંત્રીશ્રી અમિતભાઈ અને આચાર્યશ્રી તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ✳ Football - Yoga - Basketball Team ✳

વ્યકિતના જીવનમાં રમતગમત અને ફિટનેસનું મહત્વ અમૂલ્ય છે. રમતો રમવાથી ટીમ ભાવના કેળવાય છે, વ્યૂહાત્મક અને વિશ્લેષણાત્મક વિચારસરણી, નેતૃત્વ કૌશલ્ય, ધ્યેય સેટિંગ અને જોખમ લેવાનો વિકાસ થાય છે. એક ફિટ અને સ્વસ્થ વ્યકિત, સ્વસ્થ સમાજ અને મજબૂત રાષ્ટ્ર તરફ દોરી જાય છે.

રમતગમત એ આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેની જબરદસ્ત ક્ષમતાને વૈશ્વિક પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરવાની જરૂર છે. આ સમય છે કે આપણે યુવા પ્રતિભાને પ્રેરણા આપીએ.

શ્રીમતી ગંગાબેન રામભાઈ ભાણાભાઈ પટેલ જ્ઞાનગંગા ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જે

**ફૂટબોલ સ્ટેટ લેવલ પ્લેયર :**

(૧) યોમ પટેલ, (૨) આદિત્ય વસાવા, (૩) શિવ પટેલ,
(૪) દેવ પટેલ, (૫) ધ્રુવ વસાવા, (૬) વિશ્વ પટેલ,
(૭) સત્યમ પટેલ, (૮) ક્રિશ પટેલ

**બાસ્કેટબોલ સ્ટેટ લેવલ :** (૧) મનન પટેલ

**યોગા સ્ટેટ લેવલ પ્લેયર :**


(૧) વિવેક પટેલ, (૨) આર્યન પટેલ




માટે પસંદગી પામ્યા છે. તો તેમની આ સફળતા અને જબરદસ્ત ક્ષમતા માટે કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમિષભાઈ, શાળાના મંત્રીશ્રી પિંકલબેન, સહમંત્રીશ્રી સમીરભાઈ તથા શાળા પરીવાર તેઓને અભિનંદન પાઠવે છે.



FOOTBALL TEAM



BASKETBALL

## ✳ સ્પોર્ટસ ડે ✳







કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં તા. ૧૦-૦૧-૨૦૨૨ થી તા. ૧૨-૦૧-૨૦૨૨ સુધી ત્રણ દિવસ સ્પોર્ટસ ડે નું આયોજન શાહ ચિરાગભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં વિવિધ રમતોને સ્થાન આપવામાં આવ્યું હતું. જેમ કે, લાંબીકૂદ, ઊંચીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, બનાના રેસ, સિક્કા શોધ, ક્રોસ કન્ટ્રી દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ વગેરે રમતોનું આયોજન થયું હતું. જેમાં ધોરણ-૫ થી ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને પોતાના હાઉસને વિજેતા બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ રમતોત્સવમાં મુખ્ય મહેમાન શ્રી કનુભાઈ રાઠોડ (Senior Coach, Sports Authority of

Gujarat) અને અતિથિ વિશેષ તરીકે દિનેશભાઈ કદમ (DSO, Surat City) સરે હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ કડવા પાટીદાર કેળવણી મંડળના મંત્રીશ્રી વિકાસભાઈ પટેલ, ખજાનચી અમિષભાઈ પટેલ, શાળાના મંત્રીશ્રી સુનીલભાઈ પટેલ, સહમંત્રીશ્રી અમિતભાઈ પટેલ, અંગ્રેજી માધ્યમ શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, અન્ય ટ્રસ્ટ મંડળના સભ્યશ્રી સમીરભાઈ પટેલ, રવિભાઈ પટેલ, દિપકભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, અંગ્રેજી માધ્યમ શાળાના આચાર્યશ્રી ભૂપેન્દ્રભાઈ મિશ્રા, તથા શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન, જોમ તથા જુસ્સો પૂરો પાડયો હતો.

"રમે વિદ્યામંગલ, જીતે વિદ્યામંગલ" ના સૂત્રોને સાકાર કરવા માટે આપણી શાળામાં શિક્ષણની સાથોસાથ સહશિક્ષણમાં પણ શાળાના બાળકો અગ્રેસર રહી પોતાની કાબેલિયત સિદ્ધ કરે, પોતાની કલાની આવડતને પ્રસિદ્ધ કરે એવા ઉમદા હેતુસર આ ચતુર્થ વાર્ષિક રમતોત્સવનું આયોજન હાથ ધરાયું હતું. બાળક ભણવાની સાથે રમવામાં પણ પાવરધો બની પોતાની પ્રતિભાને ઉજાગર કરવા માટે એના સર્વાંગી વિકાસની ખરી પરિભાષાને સાકાર કરવા માટે શાળાના વિશાળ પ્રાંગણમાં બાળકો, સંચાલકમંડળના સભ્યશ્રીઓ અને મુખ્ય મહેમાનશ્રીઓની હાજરીમાં ખૂબ રંગેચંગે આ રમતોત્સવ ઉજવાયો હતો.

રમતોત્સવની શરૂઆત કરતા પહેલા પધારેલા મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષનું સ્વાગત શબ્દોસુમન વડે શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પુરાણી સાહેબ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ચાર હાઉસના કેપ્ટન દ્વારા મશાલ લઈને પુરા ગ્રાઉન્ડ પર રાઉન્ડ લગાવીને કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી. ચારેય હાઉસના માર્ચ પાસની પરેડ રજૂ કરવામાં આવી. અને એ વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા કરાવવામાં આવી. ચારેય હાઉસની માસ ડ્રીલ કરવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓએ ડમ્બેલ્સ, લેઝીમ, બોલ, રીંગ વિગેરે જુદા જુદા સાધનોનો ઉપયોગ કરીને પોતાના કલા કરતબનું પ્રદર્શન રજૂ કર્યું હતું.

રાષ્ટ્રીય, રાજય અને જિલ્લાકક્ષાએ પસંદગી પામેલા વિદ્યાર્થીઓને પધારેલા મહેમાનો તેમજ ટ્રસ્ટ મંડળના સભ્યોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને સાથે ૧૦૦ મીટર દોડની ફાઈનલ કરાવવામાં આવી હતી. સ્પોર્ટસ ફીનાલેનું નિદર્શન પણ રજૂ થયું હતું. ત્યારબાદ મહેમાનશ્રીના વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને રમત ગમત જીવનના ક્ષેત્રે કેટલું ઉપયોગી છે. તેનું મહત્વ સમજાવ્યું હતું.

આ કાર્યક્રમનાં અંતે સ્પોર્ટસનું રીઝલ્ટ ડિકલેર કરવામાં આવ્યું હતું. જેમાં આ રમતોત્સવમાં સમગ્ર રીતે વિજેતા ટીમ પૃથ્વી હાઉસ તથા લિટસી તરીકે વિજેતા વાયુ હાઉસ અને સ્પોર્ટસમાં અગ્નિ હાઉસ વિજેતા રહ્યાં હતા.

આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી હર્ષદભાઈ ચૌહાણ દ્વારા સુચારુ રીતે થયું હતું. આમ, આ રમતોત્સવ ખૂબ જ સુંદર, સરાહનીય અને અદ્‌ભૂત રહ્યો હતો.

## * વાર્ષિક રમતોત્સવ અહેવાલ *

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ કેમ્પસમાં આવેલ જ્ઞાનગંગા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તા. ૦૬-૦૧-૨૦૨૨ થી ૦૮-૦૧-૨૦૨૨ સુધી ત્રણ દિવસ વાર્ષિક રમોતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિવિધ રમતોને સ્થાન આપવામાં આવ્યું હતું. જેમ કે, લાંબીકૂદ, ગોળાફેંક, બનાના રેસ, સિક્કા શોધ, ક્રોસ કન્ટ્રી દોડ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ વગેરે રમતોનું આયોજન થયું હતું. જેમાં ધોરણ ૧ થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાના હાઉસને વિજેતા બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

તા. ૦૮-૦૧-૨૦૨૨ શનિવાર ના રોજ સંસ્કારભવનમાં ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે મુખ્ય મહેમાન શ્રી ડૉ. પ્રદીપભાઈ લેન્કા (ઈન્ડિયન ઈન્ટરનેશનલ બોક્સિંગ રેફરી) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને અતિથિ વિશેષ કા.પ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, મંત્રીશ્રી વિકાસભાઈ પટેલ, ખજાનચીશ્રી અમીષભાઈ પટેલ, અંગ્રેજી માધ્યમનાં મંત્રી પિંકલબેન પટેલ, ગુજરાતી માધ્યમના મંત્રીશ્રી સુનીલભાઈ પટેલ, અંગ્રેજી માધ્યમના સહમંત્રી સમીરભાઈ પટેલ, ગુજરાતી માધ્યમના સહમંત્રી અમીતભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર મનીષભાઈ પુરાણી, અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી ભુપેન્દ્રભાઈ મિશ્રા, શ્રી બ્રિજેશભાઈ પટેલ, શ્રી રવિભાઈ પટેલ અને શ્રી જયેશભાઈ પટેલ વગેરે મહાનુભાવે ઉપસ્થિત રહ્યાં હતા.

આ વાર્ષિક રમતોત્સવના ઈનામ વિતરણ સમારંભમાં લગભગ ૩૦૦ જેટલા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજય કક્ષાએ પસંદગી પામેલ ૧૧ વિદ્યાર્થીઓને પણ પધારેલા મહેમાન અને ટ્રસ્ટ મંડળના સભ્યો દ્વારા ટ્રોફી અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેમાં ફૂટબોલ ટીમના વિજેતાઓમાં વ્યોમ પટેલ, આદિત્ય વસાવા, શિવ પટેલ, દેવ પટેલ, સત્યમ પટેલ, ક્રિશ પટેલ, ધ્રુવ વસાવા તથા બાસ્કેટ બોલના વિજેતા મનન પટેલ અને યોગાના વિજેતા વિવેક પટેલ અને આર્યન પટેલનો સમાવેશ થાય છે.










# "સમાજ"

"સમાજની ઈમારત એવી ચણજો કે એના ભગ્નાવેષ જોઈને
એની ભવ્યતા - દિવ્યતાનો ખ્યાલ આવે"

## ગયું એ ગયું, નવા વર્ષનું ઉમળકાથી સ્વાગત કરીએ.

– ચંદ્રકાંત ઉનડકટ

સમયનો બદલાવ સતત બદલતા રહેવાનો છે. સમયની દાબડીમાં શું છે એ કરવું મુશ્કેલ જ નહીં, અશક્ય છે. આજથી ૨૦૨૨ નું નવું નક્કોર અને તજજેતાજું વર્ષ શરૂ થઈ રહ્યું છે. કંઈ પણ નવું શરૂ થાય ત્યારે આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, જે વીતી ગયું છે એના પર નજર ચાલી જ જાય છે. તમને કોઈ પૂછે કે, ગયું વર્ષ કેવું રહ્યું તો તમારી પાસે કહેવા જેવું શું છે ? આમ તો છેલ્લા બે વર્ષ આખી દુનિયા કપરા રહ્યાં છે. આખી દુનિયા એક સમયે કેઈ એક જ સંકટથી હેરાન પરેશાન હોય એવી ઘટના સદીઓમાં ક્યારેક જ બનતી હોય છે. નરી આંખે ન દેખાતા કોરોના વાઈરસે કોણ જાણે કઈ રીતે દુનિયાને ભરડામાં લીધી છે કે તેનાથી છૂટવાનો કોઈ રસ્તો જ નથી મળતો. આપણે એવું સાંભળતા આવ્યા છીએ કે, જેની શરૂઆત છે એનો અંત છે, જેનો નામ છે એનો નાશ છે, કંઈ જ કાયમી નથી, બધું જ બદલતું રહે છે. અત્યારે જે છે એ પણ કાયમી રહેવાનું નથી. કોરોના પણ એક સમયે ઈતિહાસ બની જવાનો છે. અલબત્ત વર્તમાનમાં તો એનો સામનો કરવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.

ગયા વર્ષને વાગોળીએ તો વિચાર આવ્યા વગર ન રહે કે, એક વર્ષમાં દુનિયા કેટલી બધી બદલી ગઈ છે ? લોકોની લાઈફ સ્ટાઈલથી માંડીને જિંદગીના દરેક પહેલુઓમાં બદલાવ આવ્યો છે. સમયની સાથે દુનિયા પણ બદલાતી જ હોય છે પણ અમુક વર્ષો એવા હોય છે જેમાં દુનિયાના પરિવર્તનોો ઝડપી હોય છે. ૨૦૨૦ નું વર્ષ પુરૂં થયું ત્યારે આખી દુનિયાએ હાશ અનુભવી હતી. કોરોનાની શરૂઆત ભલે ચીનના વુહાન શહેરમાં ૨૦૨૦ ના અંતમાં થઈ હોય પણ દુનિયાને તો કોરોનાનો વરવો અનુભવ ૨૦૨૦ માં જ થયો હતો. એ વર્ષ લોકડાઉનનું હતું. ૨૦૨૧ નું વર્ષ વેક્સિનનું હતું. આ બધા વચ્ચે આપણે સહુએ કોરોનાની બીજી લહેર જોઈ. એ વખતે જે થયું એ ભૂલી જવા જેવું જ છે. ઘટનાઓ વૈશ્વિક હોય છે અને વ્યકિતગત પણ હોય છે. દરેક દરેક માણસે કંઈક ને કંઈક વ્યથાઓ ભોગવી છે.

આપણે બધા જાણીએ છીએ કે, જિંદગી એ સુખ અને દુ:ખનો સરવાળો છે. અપ અને ડાઉન્સ આવતા જ રહેવાના છે. હા, એવું બનતું હોય છે કે અમુક દિવસોમાં માત્ર ડાઉન્સ અને ડાઉન્સ જ હોય છે. છેલ્લા વર્ષમાં સારી ઘટનાઓની સંખ્યા ઓછી રહી છે અને ભૂલી જવા જેવી ઘટનાઓનું લિસ્ટ લાંબુ છે. દુનિયાની ઘટનાઓ પર નજર કરીએ તો ખબર પડે કે, આવા કપરા સંજોગોમાં પણ યુદ્ધ અને આતંકવાદ ઘટયા નથી. કુદરતની થપાટોથી માણસ કંઈ શીખતો નથી એનું આ ઉદાહરણ

છે. જેના નામ સુપર પાવર કન્ટ્રીઝ તરીકે લેવાય છે એ બધા જ કોઈને કોઈ વિવાદમાં ઉલઝેલા છે. બધા એક-બીજાને ધમકીઓ આપે છે, મર્યાદામાં રહેવાનું કહે છે અને તમે સખણા નહીં રહો તો અમે સીધા નહીં ચાલીએ એવું કહેવાનું પણ ચૂકતા નથી. અમેરિકા, રશિયા, ચીન, ઈરાન, તુર્કી, ઈઝરાયેલ, અફઘાનિસ્તાન સહિત દુનિયાના કોઈપણ દેશનું નામ લ્યો, દરેકે દરેક ઝઝૂમી રહ્યા છે.

દુનિયા વિશે શાંતિથી થોડોક વિચાર કરીએ તો એક વાત સારી રીતે સમજી શકાશે કે, ગમે તે થાય, દુનિયા ક્યારેય બદલવાની નથી. એ તો જેવી છે એવી જ રહેવાની છે. શાંતિની વાતો કરતા કરતા યુદ્ધો કરશે અને એવું પણ કહેશે કે શાંતિ માટે યુદ્ધ અનિવાર્ય હોય છે. જે સ્થિતિ, જે સંજોગ અને જે સમય છે એની સાથે માણસે એડજસ્ટ થવું પડે છે. ડિસ્ટર્બ થવાનો કોઈ અર્થ નથી. એક વસ્તુ સમજવા જેવી એ પણ છે કે, આટલું બધું થયું છતાંયે જિંદગી અટકી નથી. બધું જ આમ તો અગાઉની જેમ જ ચાલી રહ્યું છે. કોરોના અને ઓમિક્રોનનો ડર છે પણ તેની સાથોસાથ લોકો નવી પરિસ્થિતિથી ઘણા બધા ટેવાઈ પણ ગયા છે. ગયા વર્ષમાં કંઈક સારું પણ થયું હશે, એને યાદ રાખો અને વિચારો કે ખરાબ સમયમાં પણ સારી ઘટનાઓ તો બને જ છે. જે આપણાં પર વિત્યું છે, જે ગુમાવ્યું છે અને જે અનુભવ્યું છે એમાંથી ભૂલવા જેવું હોય એ ભૂલી જાવ અને ભૂંસવા જેવું હોય એ ભૂંસી નાખો! જિંદગીને સરસ રીતે જીવવાનો એ જ બેસ્ટ વિકલ્પ છે.

હવે તો માણસની માનસિકતાનો તાગ પણ એનાથી શોધવામાં આવે છે કે, ગૂગલ પર સૌથી વધુ શું સર્ચ થયું છે ? મેન્ટલ હેલ્થ એમાં ટોપ પર છે. તેનો સીધો મતલબ એવો થયો કે, મોટા ભાગના લોકોને મેન્ટલ હેલ્થની તલાશ છે. બધાને રિલેક્સ થવું છે. જે ચેલેન્જિસ છે એને ટેકલ કરવી છે. મેન્ટલ હેલ્થ માટે સહુથી વધારે જરૂરી કંઈ હોય તો એ પોતાની જાત પર વિશ્વાસ છે. પોતાના પર એટલો ભરોસો રાખો કે, ગમે તે થાય, હું તૂટવાનો કે ઝૂકવાનો નથી. જિંદગીના દરેક પડકારો માટે હું તૈયાર છું. સૌથી વધુ ધ્યાન સંબંધ પર રાખવા જેવું છે. સંબંધો મજબૂત હશે તો બાકીની બધી ચેલેન્જિસનો સામનો કરવામાં સરળતા રહેશે. કોઈ સાથે હોય, કોઈ પાસે હોય, કોઈની સાથે ખુલ્લા દિલે વાત કરી શકાતી હોય, મુક્ત રીતે હસી શકાતું હોય અને કોઈ સંકોચ વગર રડી શકાતું હોય તો એનાથી બહુ ફેર પડતો હોય છે. માણસ માણસથી દૂર થઈ રહ્યો છે. એટલે જ બધાને એકલું એકલું લાગી રહ્યું છે. આપણને બધાને કોઈને કોઈ ફરિયાદ છે. સમાજ સામે, સિસ્ટમ સામે અને પોતાના લોકો સામે આપણને સવાલો હોય છે. આપણે પોતે જ ઘણી વખત તો કાલ્પનિક ભય અને કલ્પિત ચિંતાઓમાં અટવાયેલા હોઈએ છીએ. જિંદગીને બહુ ગૂંચવો નહીં. જિંદગી ખરેખર જેટલી લાગતી હોય છે એટલી અઘરી પણ હોતી નથી. જિંદગી તો આપણે જેવું વિચારએ એ રીતે જ જીવાતી હોય છે. જિંદગીને રોકો નહીં, વહેવા દો.

તમારે કંઈ બદલવું હોય તો શરૂઆત તમારાથી કરો, બધું જ બદલેલું લાગશે. નવું વર્ષ છે, નવી ઉર્જાને આવવા દો. ઉર્જાને શકિતને અને ક્ષમતાને પણ કેળવવી પડતી હોય છે. એના માટે મન અને મગજ ખુલ્લા રાખવા પડતા હોય છે. બધું આપણા ધાર્યા મુજબ નથી જ થવાનું. ન ગમતું હોય એવું પણ થવાનું જ છે. આપણા સુખ કે દુઃખનો આધાર છેલ્લે તો એના પર જ રહેવાનો છે જેને આપણે પેમ્પર કરીશું. જે ગયું એ ગયું, જેવું હતું એવું પણ ગયું, જે થવાનું છે એ સારું જ થશે. હા, હજુ ધ્યાન રાખવા જેવું છે, રાખીશુ, પણ સાથોસાથ જીવવાનું પણ ચાલુ રાખીશું! નવા વર્ષનું ખુલ્લા દિલે અને શુભ વિચારો સાથે સ્વાગત કરીએ છીએ. હેપી ૨૦૨૨!

# કડવા પાટીદાર સમાજ અને ડૉક્ટરો

મારા સુરતના પ્રવાસ દરમિયાન જયારે પણ કામરેજ ચાર રસ્તાથી સુરત જવાનું થાય ત્યારે એ અડધો-પોણો કલાક માત્ર રસ્તાની આજુ-બાજુના ડૉક્ટરોની હોસ્પિટલોના પાટીયાં વાંચવામાં જ પસાર થાય. ઓહોહો ! કેટલા ડૉક્ટરો ! કેટલી હોસ્પિટલો ! અને બધા પાછા એક જ લેબલવાળાઃ કાઠીયાવાડી !! એવું લાગે કે સાલું, આ લોકોના છોકરાઓ ડૉક્ટર બનવાં જ જન્મે છે કે શું ? અને પછી તરત દીલ દુઃખાડી જતો બીજો સવાલ મનમાં જન્મે, કે આપણી ન્યાતના છોકરાઓ બધાં કરે છે શું ? જાય છે કયાં ? આપણાં સમાજના અગ્રણીઓ કરે છે શું ? આપણાં સમાજની કોઈ એક મોટી હોસ્પિટલ શુધ્ધાં નથી ? આપણાં સમાજનો કોઈ એક ફેમસ એમ.ડી. (મેડીસીન), ફીજીશીયન ડૉક્ટર પણ નથી ? આપણી ન્યાતના પીડીયાટ્રીશ્યન (બાળકોના ડૉક્ટર), પ્રસૂતિના ડૉક્ટર (ગાયનેકોલોજીસ્ટ) અરે ! કોઈ પણ સ્પેશ્યિાલિટીના નવા ૨૫-૩૦-૩૫ કે ૪૦ વર્ષના કોઈ ડૉક્ટર શુધ્ધાં નથી ! અને જયારે પણ ગામમાં સગાં-વ્હાલાં ને મળવાનું થાય ત્યારે બધી જ મમ્મીઓ ખુશી-ખુશી પોતાનાં છોકરાઓના ભણતરની વાત કરતી સાંભળવા મળે. પણ અંદરથી મારું મન જાણતું હોય છે કે આ છોકરાઓ કેટલાં આગળ જશે !!

તો ચાલો આજે આ વિષય પર ગહન ચિંતન કરીએ. આપણે કયાં પાછા પડીએ છીએ ? આપણાં સમાજમાં ગવર્મેન્ટ સીટ પરથી ફ્રી માં ભણેલા સારા ડૉક્ટરો બનાવવા હશે તો શું શું કાળજી રાખવી ઘટશે ? કેવી શાળાઓ જોઈશે ? અને સૌથી મહત્વનું - કેવા વિદ્યાર્થીઓ જોઈશે ! ‘મન હોય તો માળવે જવાય’ એ કહેવત લોકો સિધ્ધ કરે છે. પણ આ મનની Training આપણાં છોકરાઓને કરાવશે કોણ ?

અમેરિકા કે ફોરેન જવાનો આંધળા ક્રેઝ આ પણ આપણાં વિદ્યાર્થીઓને ડૉક્ટર બનતાં રોકે છે. કાઠીયાવાડીઓના છોકરાને ખબર છે કે બાપાની ફેકટરી છે નહીં, જમીનમાં કંઈ પાકતું નથી, એટલે એણે ભણીને જ છૂટકો છે. આપણે ત્યાં તો બાળક થોડું મોટું થાય એટલે એને ખબર પડી જાય કે આપણે બહાર જવાનું છે. બાપાની આટલા વિંઘા જમીન છે, પછી એ કેટલા આવા ડૉક્ટર બનવા મહેનત કરશે ?

અને જો કદાચ ભૂલથી ૧૨ માં ૮૦-૮૫% આવી જશે તો ખબર છે કે બાપા પૈસા આપી પેમેન્ટની સીટ પર મેડીકલમાં એડમીશન લેવડાવી શકે એમ છે એટલે આપણાં સમાજમાં ફ્રી સીટનાં ડૉક્ટરો કરતાં મોટાભાગના પેમેન્ટની સીટ પરથી કરાડ, મહારાષ્ટ્ર કે ડી.વાય પાટીલ માંથી પાસ થનારા જ ડૉક્ટરો હોય છે.

વળી ૧૦-૧૧-૧૨ માં મહેનત કરાવે તેવી શાળા નથી. શાળા કાં તો ન્યાતના બાળકો માટે જેમનું કાળજું બળતું હોય તેવા સહૃદય દીર્ઘદ્રષ્ટિવાળા શ્રેષ્ઠીઓ નથી. જયાં શાળાઓ પણ રાજકારણનું સ્થાન હોય ત્યાં વિદ્યાર્થીઓનો વિકાસ શું કેળા થવાનો ?

એટલે હું તો કાગડોળે રાહ જોઈ રહયો છું કે કયારે સુરતમાં કે ગામડામાં આપણી ન્યાતના ડૉક્ટરોની એક-અનેક હોસ્પિટલો હોય, સમાજમાં ધીકતી પ્રેકિટસ હોય અને ગામે-ગામ નામ થયું હોય એવા ડૉક્ટરો હોય. આ બધી જ ચર્ચામાં હું વચ્ચે-વચ્ચે કાઠીયાવાડીઓની પણ વાત કરીશ કે જેથી આપણને આપણી ઊણપો સરળતાથી ખબર પડે અને એમની સારી આદતો, સારા ગુણો આપણે શીખી શકીએ.

સૌ પ્રથમ ગવર્મેન્ટની ફ્રી સીટ પરથી ડૉક્ટર બનવા માટે સૌથી જરૂરી છે ખંતીલો

(ધૈર્યશીવ) મહેનતું વિદ્યાર્થી ! ભલે આપણને સાંભળવામાં કડવું લાગે પણ મોટે ભાગે સત્ય એજ છે કે આપણા બાળકો અને એમનાં માતા-પિતાઓને મહેનત કરવામાં જરાય રસ નથી હોતો. એનું સૌથી મોટું કારણ એમને મળતું વાતાવરણ છે. જીવનમાં કોઈ સંઘર્ષ જ નથી. નાના હોય ત્યારથી માત્ર જમીનમાં પૈસા એક વીંઘાના કેટલા રૂપીયા આવશે, કોને ત્યાં કઈ ગાડી, કોની પાસે કેટલો પૈસો, અને સવાર-બપોર-સાંજ ખાવામાં શું ? શાળામાં હોય તો નાસ્તામાં શું ? સવારથી સાંજ સુધી બાળકના મન પર માત્રને માત્ર શારીરિક ભોગ વિલાસની જ વાતો થતી રહે છે. એને સુખ સાહચબીની ચિંતા કરવાનું જ જાણે-અજાણે શીખવાડવામાં આવે છે. પછી એ સારો વિદ્યાર્થી કયાંથી બનશે ? એના મનમાં વિદ્યાર્થી અથવા તો સુખાર્થી બનવાનાં જ સપના ચાલશે.

'विद्यार्थीनः कुत सुखम्, कुतः सुखार्थीनः विद्या ।'

આ આપણી સાંસ્કૃતિનો પ્રયોગ કરીને સિધ્ધ કરેલો ચિરંતન સિધ્ધાંત છે. જે કોમના બાળકોએ નાનપણમાં આર્થિક, શારીરિક મુસીબતોનો સામનો કર્યો હોય છે. જેમને મહેનત લગીરે પડી ગઈ હોય છે. જેમને કામ કરવાથી નહીં પણ કામ ન કરવાથી થાક લાગે છે, એવાં જ બાળકો આગળ જઈને કંઈક ને કંઈક બની શકે. આ કાઠીયાવાડીઓને જોઈએ તો છેલ્લાં બે-ત્રણ દાયકામાં તેમનાં બાળકોએ વાત સિધ્ધ કરી બતાવી છે. હું મારી M.B.B.S. બેચની વાત કરુ તો અમારી બેચમાં ૧૦૦ માંથી ૪૦ થી વધુ કાઠીયાવાડી હતા. દર વર્ષે રાજકોટની આલ્ફા સ્કૂલ કે પછી ભાવનગરની જ્ઞાનમંજરી (G.M.) શાળામાંથી ગવર્મેન્ટની ફ્રી સીટમાં M.B.B.S. માં એડમીશન લેવાવાળા એકજ શાળાના ૫૦-૫૦, ૮૦-૮૦ બાળકો હોય છે. આપણે તો આખી ન્યાતમાંથી માંડ ૪ થી ૫ ને કદાચ ફ્રી સીટમાં એડમીશન મળે અને મને તો એ વાતની પણ શંકા છે.

બીજું કારણ, એમાના મોટાભાગના લોકો હજુ પણ ગુજરાતી મીડીયમને વળગી રહયાં છે. જયારે આપણે તો ઈંગ્લીશ મીડીયમ સિવાય બીજો કોઈ વિકલ્પ જ ના હોય એમ માનીએ છીએ, ગુજરાતી મીડીયમનાં બાળકો દર વર્ષે M.B.B.S. માં વધુ એડમિશન મેળવે છે. દર વર્ષે M.B.B.S. માં ૭૦+ થી વધુ બાળકો ગુજરાતી મીડયમના જ હોય છે.

ત્રીજું કાઠીયાવાડીઓમાં મોટે ભાગે સ્વામીનારાયણ સંપ્રદાય સથવાતો વૈષ્ણવનો પુષ્ટી સંપ્રદાય, કાં તો કોઈ પણ ધાર્મિક પ્રવૃતિ/વૃતિ સાથે જોડાયેલા રહેવાનો પ્લસ પોઈન્ટ છે. આ સંપ્રદાયો ઈન્દ્રિયનિગ્રહી શીખવાડે છે. તેથી તેમનાં બાળકો પણ ઈન્દ્રિયનિગ્રહી છે. એમને આપણા બાળકોની જેમ ખાવાનો ચટાકો નથી હોતો. એમનું મન ભોગોમાં, ખાવામાં, ફેશનમાં કે ફરવામાં નથી ફરતું પણ અભ્યાસના સમયે અભ્યાસમાં જ હોય છે. પછી એક જ શાળાના ૮૦ વિદ્યાર્થીને મેડીકલમાં એડમિશન મળે એમાં શું નવાઈ ?

તેથી અંતમાં એટલું જ જણાવું કે ચાલો ! આપણાં બાળકોને માતૃભાષા-ગુજરાતી મીડીયમમાં મુકીએ એમને ધર્મ-ઈન્દ્રિયનિગ્રહનું શિક્ષણ આપીએ, એમને સુખ-ભોગની નહીં પણ મહેનતની કેળવણી આપીએ, એમને ધીરજ-ખંત અને નિસ્વાર્થ સેવાનું શિક્ષણ આપીએ. લોકોને કાપવાવાળા અને લૂંટવાવાળા ડૉકટરો વચ્ચે સમાજનો પોતાનો ડૉકટર હંમેશા સાચી સલાહ, સાચી સારવાર આપશે. કોરોનાકાળમાં આપણને એ બ્રહ્મજ્ઞાન થયું જ છે કે સારા ડૉકટરો, ન્યાતના પોતાના ડૉકટરો હોય તો સમાજને કેટલી રાહત રહી શકી હોત ! તેથી ન્યાતના વધુને વધુ ડૉકટરો બને, ભારતમાં, ગુજરાતમાં કે સુરતમાં પ્રેકિટસ કરે તે આજના સમયની માંગ છે. આ મારા લેખથી કોઈને પણ ખોટું લાગ્યું હોય તો મન-વચન-કર્મથી ક્ષમાયાચના ! અસ્તુ !

# તમે વસિયતનામું બનાવી લીધું ?

**ખજાનચી – અમિષભાઈ પટેલ** (ઊંભેળ)

કોરોનાની મહામારીએ લોકોને એક પાઠ જરૂર ભણાવ્યો છે કે, જિંદગીનો કોઈ ભરોસો નથી. ખાસ કરીને સીનિયર સિટીઝનો આ બિમારીનો ભોગ વધારે બન્યા છે. કેટલાયે પોતાનો જીવ પણ ગુમાવવો પડયો છે. અને એ પણ કેવા સંજોગોમાં પોતાના કોઈ વારસદારો કે સગાંવહાલાં પણ મરણપથારીઓ હાજર ન હોય, માનવીને તેણે કમાયેલી અઢળક સંપત્તિનો તેની ઈચ્છા અનુસાર વહેંચણી કરવાનો સમય પણ ના રહ્યો. આવા સંજોગોમાં વીલ યાને વસિયતનામાની અગત્ય લોકોને જણાઈ છે ત્યારે આ વસિયતનામાનો અભ્યાસ જરૂરી છે. માટે આજનો આ લેખ મૂકયો છે. વ્યકિતના અવસાન બાદ તેનું કોઈ વીલ યાને વસિયતનામું ન હોવાને કારણે તેની મિલકતની વહેંચણી સંબંધી કૌટુંબિક કલેશ ઝઘડાઓ અને બીજા અનેક વ્યાવહારિક પ્રશ્નો તેમજ મુશ્કેલીઓ ઊભી થાય છે. આવી મુશ્કેલીઓ ઊભી ન થાય તે માટેનો આ લેખ સમજવો જરૂરી છે. સરળ રીતે પ્રશ્ન અને તેના જવાબથી આ - સમજ આપવા પ્રયત્ન કર્યો છે.

**<u>પ્રશ્ન–૧ : વીલ એ શું છે ?</u>**

જવાબ - વ્યકિતના મૃત્યુ પછી તેની સંપત્તિની વહેંચણી તેની ઈચ્છા અનુસાર થાય તેવો એક કાનૂની દસ્તાવેજ છે.

**<u>પ્રશ્ન–૨ : વીલ કોણ બનાવી શકે ?</u>**

જવાબ - સ્વસ્થ માનસ ધરાવતી પુખ્ત વયની કોઈપણ વ્યકિત વીલ બનાવી શકે છે. માઈનોર વીલ બનાવી શકતા નથી.

**<u>પ્રશ્ન–૩ : વીલ બનાવવા માટેની કાયદાકીય જરૂરિયાત શું છે ?</u>**

(૧) વીલમાં વીલ બનાવનારની સહી અથવા અંગુઠાનું નિશાન જરૂરી છે અથવા તો જો તે વ્યકિત અંગુઠો પણ કરી શકવાની ક્ષમતા ન ધરાવતો હોય તો વીલ બનાવનાર વ્યકિતની આજ્ઞાથી કોઈ ત્રાહિત વ્યકિતએ વીલ બનાવનારની હાજરીમાં સહી કરેલ હોય તો પણ વિશિષ્ટ સંજોગોમાં ચાલી શકે છે.

(૨) વીલમાં સાક્ષીઓએ સહી કરેલી હોવી જોઈએ અને આ સાક્ષીઓએ વીલ બનાવનારને સહી કરતા કે અંગુઠો મારતા જોયા છે તેવું દર્શાવવું જરૂરી છે.

વીલ બનાવવા માટે કોઈ જ સ્ટેમ્પ પેપરની જરૂરિયાત નથી. વીલ સાદા કાગળ ઉપર પણ લખી કે ટાઈપ કરાવી શકાય. તદ્ઉપરાંત વીલનું કાયદાકીય રજિસ્ટ્રેશન પણ ફરજિયાત નથી. તેમ છતાં વ્યકિત ધારે તો રજિસ્ટ્રાર સમક્ષ રજિસ્ટ્રેશન અથવા તો નોટરી પણ કરાવી શકાય છે.

**<u>પ્રશ્ન–૪ : વીલમાં સાક્ષી કોણ બની શકે ? વીલનો બેનિફિશયરી સાક્ષી બને તો તેનો હક્ક જતો રહે ?</u>**

જવાબ - સહી કરવાને સમર્થ એવી કોઈ પણ વ્યકિત સાક્ષી બની શકે. માઈનોર વ્યકિત પણ સાક્ષી બની શકે છે. સહી કરનાર બેનિફિશયરી તેનો હક ગુમાવતા નથી.

**<u>પ્રશ્ન–૫ : જો વ્યકિત વીલ કર્યા વગર ગુજરી જાય તો ગુજરનારની મિલકતની વહેંચણી કઈ રીતે થાય ?</u>**

જવાબ - જો કોઈ વ્યકિત વીલ કર્યા વગર ગુજરી જાય તો અગર જો તે હિંદુ હોય તો હિન્દુ સક્સેસન એક્ટની જોગવાઈઓ પ્રમાણે તેના સીધી લીટીના વારસદારો વચ્ચે મિલકતની વહેંચણી થાય. પારસી અને ખ્રિસ્તીઓના કેસમાં "Indian Succession Act" મુજબ મિલકતની વહેંચણી થશે. અને મુસ્લિમોના કેસમાં તેઓ તેમની એક તૃતીયાંશ મિલકતનું જ વીલ કરી શકે છે અને ૨/૩ મિલકત મુલ્લાના "મોમેડીયન લૉ" મુજબ વહેંચણી કરવી પડે છે.

**<u>પ્રશ્ન-૬ : વારસાઈથી મળેલ મિલકત અંગે આવકવેરો ભરવાની જવાબદારી શું છે ?</u>**

જવાબ - આવકવેરાના કાયદાની કલમ ૧૬૮ અનુસાર વારસાઈથી મળતી મિલકત, રોકડ જે ઝવેરાત મૂડી ખાતામાં ઉમેરી શકાય છે અને તેના ઉપર કોઈ આવકવેરો ભરવાની જવાબદારી આવતી નથી.

**<u>પ્રશ્ન-૭ : કોડીસીલ શું છે ?</u>**

જવાબ - વીલ બનાવ્યા બાદ તેમાં સુધારો કરતો જે દસ્તાવેજ (લખાણ) બનાવવામાં આવે તેને કોડીશીલ કહેવાય. વીલને સુધારતું લખાણ પણ મુખ્ય વીલની માફક જ લખનારની સહી અને બે સાક્ષીઓની સહીથી બની શકે છે.

**<u>પ્રશ્ન-૮ : વ્યકિતએ વીલ કયારે બનાવવું જોઈએ ?</u>**

જવાબ - વીલ બનાવલા માટે ઉંમરનો કોઈ નિયમ નથી. પરંતુ સામાન્ય રીતે વીલ પાછલી ઉંમરે એટલે કે ૬૫ કે ત્યાર બાદની ઉંમરે અથવા તો મરણતોલ બીમાર વ્યકિતઓએ બનાવી લેવું જોઈએ. જયારે તમે નિવૃતિ કાળમાં હો ત્યારે બનાવવું હિતાવહ છે.

**<u>પ્રશ્ન-૯ : વીલ શેનું થઈ શકે ?</u>**

જવાબ - વીલ કરનાર વ્યકિત માત્ર સ્વોપાર્જિત મિલકતો તેના વારસદારો અથવા તો વારસદારો સિવાય અન્ય કોઈ પણ વ્યકિતને આપી શકે છે.

**<u>પ્રશ્ન-૧૦ : પ્રોબેટ એ શું છે ?</u>**

જવાબ - પ્રોબેટ એટલે કોર્ટના સીલ હેઠળ પ્રમાણિત વીલની નકલ જે વીલના સત્તાવાર પુરાવા તરીકે ગણાવી શકાય. કોર્ટ વીલની સંપૂર્ણ પ્રક્રિયાને અનુસારીને મંજૂરી આપે છે. જેમાં કોઈના વાંધાવચકા હોય તો તે સાંભળીને પછી વીલની કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે. આવું કરવાની જરૂરિયાત વીલમાં કોઈ વાંધો આવે તો કરવું જરૂરી જણાય છે. અથવા કેટલીક સરકારી સિક્યોરિટીના અમલીકરણ માટે જરૂરી બને છે.

**<u>પ્રશ્ન-૧૧ : સક્સેસન સર્ટિફિકેટ શું છે ?</u>**

જવાબ - સક્સેસન સર્ટિફિકેટ એ હાઈકોર્ટ યા તો ડિસ્ટ્રિકટ કોર્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાર્ટપત્ર જે ડેબ્ટા અથવા સિક્યોરિટી વિગેરેની પ્રાપ્તિ માટે વારસદારોએ કોર્ટમાંથી લેવાનું હોય છે. આ સર્ટિફિકેટ કોર્ટ વીલ અથવા વીલ કર્યા વગર કોઈ ગુજરી જાય ત્યારે વારસદારોની ખરાઈ કરીને ઈશ્યૂ કરે છે.

**<u>પ્રશ્ન-૧૨ : એક વાર વીલ બનાવ્યા પછી તેમાં ફેરફાર કરી શકાય ?</u>**

જવાબ - હા, વીલના કાયદા અનુસાર છેલ્લે બનાવેલું વીલ કાયદેસર ગણાય. વીલ ગમે તેટલી વખત બનાવી શકાય, પરંતુ છેલ્લું વીલ માન્ય ગણાય છે. અથવા કોડીસીલથી પણ ફેરફાર કરી શકાય. આખુંય વીલ નવું પણ બનાવી શકાય, અગાઉનું વીલ આપોઆપ રદ થઈ જાય છે.

## જીવન મંગલમય કરો

– કિશોરનાના
(મોરથાણા)

માનવી જયારે સદ્‌વિચાર છોડી કુવિચાર તરફ દોડે છે તે સત્તાના મદમા આવી જઈને તે પ્રભુના બાળકોને પીડે છે ત્યારે સીધા કરવા માટે પ્રભુના જ આંખ ફરે છે ને ઉલ્કાપત ઉદ્‌ભવે છે. નિમિત્ત માત્ર માનવીને કદી વિચાર્યું ન હોય એવા ઉલ્કાપાત થાય આપણે દેશને પણ આવી કપરી પરિસ્થિતિમાંથી પસાર ન થવુ પડે તે માટે કે સમાજ માટે સારા વિચારોનું આંદોલન ઉભુ રાખવાની જવાબદારી આપણા સૈની છે. આપણી સંસ્કૃતિઓ એ સદા વિચારના પાવન ઝરણા સતત વહેતા રાખેલા છે પણ ઝરણા સુકાય ન જાય એ આપણે જોવાનું છે એ બધા જીવન આવશયકતાના કાર્યો કરતા કરતા પણ આપણે સૌના જીવનમાં સદ્‌વિચાર સંસ્કૃતિ જળવાય રહે તે જોવાની જવાબદારી આપણી છે. આપણા વ્યકિતગત જીવનમાં સદ્‌વિચાર સ્થાપેલા હશે તો સમાજ દેશમાં સારા વિચારોની સુગંધ પ્રસરેલી રહેશે પણ આપણી સૌથી પહેલી સમજ આપણી ફરજ આપણી જાતનો સદ્‌વિચારવાળી બનાવવી પડે, સંગઠને ઐકયતાની ભાવના આપો-આપ આવી જાય, ઘણી વખત મનમાં સવાલ થાય હું એકલો સારા વિચારવાળો બનુ તો સમાજમાં શું ફેર પડશે ? પણ સવાલ મહત્વનો ગણીને સારા વિચાર માટે આપની સાંધના થંભાવી ન દેશો કારણ કે તમારા એક ના જીવનમાં સદ્‌વિચાર સંકલ્પ શકિત બેઠી હશે તો તમો અનેક ના જીવનમાં પ્રેરણા પ્રગટાવી શકશો. આપણે દિવાળીમાં દિવા પ્રગટાવીએ અંધકારને પ્રકાશવાન બનાવીએ તે રીતે એક દીવો બીજા અનેક દિવડાઓના સર્જનહાર બની જાય. આજ રીતે દરેક માનવ હૃદયમાં સારા વિચાર, સારી સમજ અનેકના હૃદયમાં હૃદયમાં ભાવપ્રેમ પ્રગટાવીએ તો કુટુંબ પરિવાર સમાજમાં ભાવપ્રેમના પ્રકાશ ફેલાવતા રહીશું તો આવી શુભ દ્રષ્ટિ જાગૃત થાય આ દિપક પાસેથી આપણે પ્રેરણા લેવાની છે, હું પ્રકાશિત થઈશને બીજાને પ્રકાશિત બનાવીશ. આપણે આપણા પરિવાર સાથે સંપસહકારથી મંગલમય બનાવી ને ભગવાનને કહીએ હમારા જીવનમાં દિવાળી લાવ હમો બધાને સુખશાંતિઓ, સાંસ્કૃતિ જીવન, ધાર્મિક જીવન આધ્યાત્મિક જીવનમાં સારા વિચાર સદ્‌વિચાર, સદ્‌બુધ્ધિ પ્રકાશીત બનાવજે એજ માંગણી છે.

સર્વ સ્નેહીજનોને નવા વર્ષની શુભેચ્છા....

## અનેક ભાષામાં નૂતન વર્ષાભિનંદન

– કિશોરનાના
(મોરથાણા)

ગુજરાતીમાં - નૂતન વર્ષાભિનંદન
સંસ્કૃતમાં - મંગલદાયી નવ સવન્સરમ્
હિન્દીમાં - સાલમુબારક
અંગ્રેજીમાં - હેપી ન્યુઈયર
કચ્છીમાં - ખસ્સો ડીન
મરાઠીમાં - ન્યુ સાલમુબારક
બંગાળીમાં - સુખી નૂતન બત્સરમ્
તેલુંગુમાં - બાયા પાડાદાદીનમું
તામિલમાં - નલ્લાત હોડાત દિનમ્
કાનડીમાં - શુભ હોસાંવરૂપ વાંગલી
ફારસીમાં - સાલમુબારક
ઉર્દુમાં - સાલમુબારક
પોર્ટુગીઝમાં - આફેલાઝ નોવા આનો
ફ્રેન્ચમાં - ચુહ રોબે આ
જર્મનમાં - ગ્લુકલીચ ન્યુ મટર
ઈટાલિયનમાં - ફેલિસન વ્હાલાઓનો
લેટ્રીનમાં - બી આટુસ આલુસ અનુસ નોઉસ
સિંધીમાં - ન્યુ સાલમુબારક

(આ ૧૮ ભાષામાં નૂતન વર્ષાભિનંદન ધર્મિન શાહ પાસેથી મળ્યા)

# ''શિક્ષણ''

''હાડમાંસના લોચા ને માનવ... મહામાનવ ને
મહાપુરૂષ બનાવે તે શિક્ષણ''

## સાચું ભણતર : ભાર વગરનું ભણતર

– ગોવિંદ દરજી 'દેવાંશુ'

ભાર વગરના ભણતરની અત્ર-તત્ર ચર્ચા ચાલે છે. તે માટે સરકારશ્રી દ્વારા અમલીકરણ માટેના પ્રયત્નો પણ ચાલુ છે. બાળકો શાળામાં જાય છે ત્યારે તેમની સ્કૂલબેગમાં પુસ્તકોને જાણે કે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. તેનો ભાર જે તે બાળક ખભે ભરાવીને જાય છે તેને લાગે છે. વધારે પડતા વજનથી બાળકોને શારીરિક રીતે કેટલું બધું નુકસાન થાય છે તેની વિગતો વર્તમાનપત્રો અને શૈક્ષણિક સામયિકોમાં પ્રગટ થાય છે. મૂળવાત શારીરિક ભાર સાથે માનસિક ભારની પણ વાત કરવી જ રહી. માધ્યમિક શાળાના બાળકોને પણ વાત કરવી જ રહી. માધ્યમિક શાળાના બાળકોને પણ આપણે ભાર વહન કરવા જોઈએ છીએ. માત્ર ને માત્ર ઔપચારિક શિક્ષણનો જ જાણે કે માહોલ રચાય છે. અનૌપચારિક શિક્ષણ તો સમાવિષ્ટ થતું જ નથી.

બાળકને શાળામાં તો ભણવાનું પરંતુ ઘેર આવ્યા પછી પણ મા-બાપ દ્વારા 'ભણાવવાનું ભૂત' ધુણાવાય છે. શાળાએ જતાં પહેલાં પણ 'ભણાવવાની કરવત'' ફર્યા કરે છે. એ બાળકનું શું કરે ? એને આનંદપ્રમોદ થાય તેવી પ્રવૃત્તિનો છેદ ઘેર આવ્યા પછી પણ ઊડી જ જાય છે !

શાળામાં બાળકને ગૃહકાર્ય આપવામાં આવે છે. 'સ્વાધ્યાય' કરી લાવવાનું ફરમાવવામાં આવે છે. ગૃહકાર્ય-સ્વાધ્યાય હૃદયપૂર્વક કરતો નથી. તેને પારાવાર કંટાળો આવે છે અને ભારરૂપ પ્રવૃત્તિનો અનુભવ થાય છે. તેને 'ભણવાની' ઈચ્છા સુદ્ધાં થતી નથી. તેના મમ્મી-પપ્પા ઘેર બળજબરીપૂર્વક ભણવા બેસાડે છે. પરિણામે ઘણી વખત બાળક માનસિક તાણ અનુભવે છે અને માનસિક રોગોનો દર્દી બને તો નવાઈ નહીં.

ગૃહકાર્ય-સ્વાધ્યાયકાર્ય ઉપરાંત 'ટયુશન' માં પણ જવાનું. એટલે તે બાળકને કોઈપણ રમતગમતની પ્રવૃત્તિનો સમય જ ન મળતાં હતાશા અનુભવે છે. મમ્મી યા પપ્પા શાળાનું અને ટયુશનનું કામ કરવાની-પતાવવાની વારંવાર ટકોર કરે છે અને આવી વારંવાર ટકોરથી તેના મગજ પર ટકોરા વાગતાં હોય તેવું અનુભવે છે અને મમ્મી-પપ્પા પ્રત્યે અણગમો થાય છે. છેવટે મમ્મી યા પપ્પા કહે છે, 'મારું કહ્યું કરતો નથી' ત્યારે તેના મનમાં વેદના થાય છે. આમ થતાં બાળક બરાબર ખોરાક લઈ શકતો નથી. શારીરિક રીતે અશકત બને છે અને બીમારીનું ઘર બની જાય છે. કયારેક તો ભણવાનું અટકી જાય છે અને ત્યાંને ત્યાં જ રહી જાય છે.

ભાર વગરના ભણતર માટે નીચે મુજબના ઉપાયો યોજી શકાય :

(૧) શકય હોય તો ખાસ કરીને ધોરણ-૧ થી ૪ ના બાળકોને શાળામાં જ ભણવાનું. પુસ્તકો-નોટ-પેન્સિલ-કંપાસ વગેરે શૈક્ષણિક સાધનોને શાળામાં જ રાખવાં. ઘરે લઈ જવા-લાવવાનાં નહિ. આવી વ્યવસ્થા યોજી શકાય.

(૨) શાળામાંથી બાળક ઘરે આવે ત્યારે માતા-પિતાએ તેની સાથે અનૌપચારિક વાત કરવી.

(૩) ઉપલા વર્ગના બાળકો પાસે માતા-પિતાએ વધુ પડતું શૈક્ષણિક કામ કરાવવું જોઈએ નહિ. તેની રસ-રુચિ જેટલું જ કરે અને જે કરે તે ખૂબ જ હ્રદયપૂર્વક કરે તેની તકેદારી રાખવી.

(૪) માતા-પિતાએ નીચેના જેવાં વિધાનો બાળકને સંભળાવીને હતાશ કરવા જોઈએ નહિ. જેમ કે,

- ફલાણા વિષયમાં ઓછા ગુણ આવવા જોઈએ નહિ, ફલાણા છોકરા/છોકરી કરતાં વધુ ટકા આવવા જોઈએ, બાળકને શાળામાં આત્મવિશ્વાસ પેદા થાય તેવું વાતાવરણ ઊભું કરવુ જોઈએ. તેમજ પરિવારમાં પણ આત્મવિશ્વાસ પેદા થાય તેવું વાતાવરણ-વ્યવહાર કરવો જોઈએ. આમ થશે તો તેને માટે આપોઆપ કોઈપણ પ્રકારનો 'ભાર' દૂર થઈ જશે.

પ્રાચીન શિક્ષણ પ્રણાલીથી આપણે પરિચિત છીએ. સેવા-તપ-નીતિ-પ્રમાણિકતા-સત્ય વગેરે ગુણોની એ કાળે બોલાબાલા હતી. બાળકને 'ભણતર' સાથે 'ગણતર' ના પણ પાઠો શાળામાં ભણાવવામાં આવે ઉપરાંત તેના પરિવાર દ્વારા મળતા અલભ્ય સંસ્કારો સાકાર બને તો 'ભાર વગરના શિક્ષણ'નો સૂરજ જરૂર ઊગે.

# લાલચુડા કડવા પાટીદાર યુવક મંડળ

ઉમામંગલ, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત.

## T-20 સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટ :–

યુવક મંડળ દ્વારા આયોજીત T-20 સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૧-૨૨ નું આયોજન કઠોર જીમખાના મુકામે કરવામાં આવ્યુ હતું. આ ટુર્નામેન્ટ લીગ મેચ થી રમાડવામાં આવી હતી. જેમા સમાજની કુલ ૩૦ ટીમોએ ભાગ લીધો હતો. તા. ૯-૧૨-૨૦૨૧ ના રોજ શરૂ કરી હતી. અને તા. ૨૧-૦૧-૨૦૨૨ ના રોજ T-20 સિઝન ટુનામેન્ટની ફાઈનલ મેચ કોળી ભરથાણા-A અને નવી પારડી વચ્ચે યોજાય હતી. જેમા કોળી ભરથાણા-A ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૪૨ રન કર્યા હતા. અને નવી પારડીની ટીમે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવી ૧૩૬ રન કર્યા હતા. આ ટુનામેન્ટમાં કોળી ભરથાણા-A ની ટીમ ચેમ્પિયન રહી હતી જયારે નવી પારડી ની ટીમ રર્નસઅપ બની હતી.

આ ટુર્નામેન્ટમાં રર્નસઅપ ટીમને ટ્રોફી પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, અને મંત્રીશ્રી ના વરદ હસ્તે અપાય હતી. જયારે ચેમ્પિયન ટીમને ટ્રોફી સ્પોર્ટસ સમિતિના કન્વીનરશ્રી તથા સહકન્વીનરશ્રી ના વરદ હસ્તે અપાય હતી.

## ડિગ્રીધારીઓ દ્વારા ભ્રષ્ટાચાર : કારણ અને નિવારણ

**– તુલસીભાઈ પટેલ**

'અચલા' (જુલાઈ-૨૧) ના ચોથા કવરપેજ પર આપણા માનનીય ગવર્નર આચાર્ય દેવવ્રતજીના પ્રવચનનો એક અંશ પ્રગટ થયો છે. એમણે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓજી ટીચર્સ એજયુકેશનના સ્થાપના દિવસના કાર્યક્રમમાં વિચારપ્રેરક સંબોધન કર્યું હતું. એમણે કોરોનાકાળમાં થયેલા ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરીને કહ્યું કે, "આ બધું ભણેલા ગણેલા ડૉકટરો, એન્જિનિયરો, ડિગ્રીધારકોએ કર્યું છે. ધરતી પર પાપ, બેઈમાની, ભ્રષ્ટાચાર ભણેલા ગણેલા લોકો દ્વારા થઈ રહ્યાં છે." એમણે એમ પણ કહ્યું કે, "ચોર બનાવવાની ટ્રેનિંગ આપતી કે જૂઠું બોલવાનું કે અનૈતિક કામ કરવાનું શિખવાડતી કોઈ સ્કૂલ નથી છતાં ચોરોની કોઈ કમી નથી."

આજના શિક્ષણ વિશે માનનીય ગવર્નર સાહેબે સ્પષ્ટ ભાષામાં પોતાના વિચારો નિર્ભીક રીતે રજૂ કર્યા છે. ઉચ્ચપદધારી વ્યકિતઓ શબ્દચોરી કરતા હોય છે, ગવર્નર સાહેબે એવું નથી કર્યું. તેઓ અભિનંદનના અધિકારી છે. ભ્રષ્ટાચાર કરનારાઓ માટે એમણે 'ડિગ્રીધારી' શબ્દપ્રયોગ કર્યો છે. એ ખૂબ સૂચક છે. આપણે ડિગ્રીધારીને જ શિક્ષિત માનીએ છીએ, પરંતુ આજે પરિસ્થિતિ વિપરીત છે. આજે 'શિક્ષિત' અને 'ડિગ્રીધારી' વચ્ચે ખાઈ પેદા થઈ છે, જે પ્રતિદિન વધી જ જાય છે.

આપણા સમાજે અને વિશેષ તો શિક્ષણમાં રસ-રુચ ધરાવતી વ્યકિતઓએ, ડિગ્રીધારકો દ્વરા થતા ભ્રષ્ટાચારનાં કારણો અને એના નિવારણ વિશે વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

પૂ. ગાંધીજીનું આ વિધાન ખૂબ જાણીતું છે કે, "ચારિત્ર્ય વિનાનું શિક્ષણ એકડા વગરના મીંડા જેવું છે." આપણા શૈક્ષણિક પરિસંવાદોમાં વિદ્વાન વકતાઓ આ વિધાનનું અવારનવાર રટણ કરતા હોય છે. પરંતુ આજની પરિસ્થિતિમાં આ વિધાન કેવળ 'શુકપાઠ' બની રહેલ છે. અલબત્ત વિદ્વાન વકતાને પણ એની ખબર હોય છે!

ગાંધીજીએ પોતાના નાનકડા વિધાનમાં ભ્રષ્ટાચારનું કારણ અને નિવારણ સચોટ રીતે સૂચવી દીધું છે : "જયાં સુધી શિક્ષણનો અનુબંધ ચારિત્ર્ય સાથે નહીં થાય ત્યાં સુધી શિક્ષણ દ્વારા સમાજ-પરિવર્તનની આશા રાખવી એ પાણી વલોવવા બરાબર છે."

શિક્ષણના મુખ્ય બે ઉદ્દેશ છે : (૧) વિદ્યાર્થીનું ચારિત્ર્યનિર્માણ અને (૨) વિવિધ વિષયોનું માહિતીજ્ઞાન. આ બંને ઉપયોગિતા નિર્વિવાદ છે, પરંતુ પરિસ્થિતિ આજે વિષય છે. ચારિત્ર્ય અને માહિતીજ્ઞાન વચ્ચે આજે બિલકુલ સુમેળ નથી. બંનેએ છૂટાછેડા લઈ લીધા છે. જયાં સુધી સુમેળ નહીં સધાય ત્યાં સુધી ભ્રષ્ટાચાર દૂર થાય કે સુધી સંવાદીસમાજની સ્થાપનાની આશા રાખવી એ બાવળ પર કેરી પકવવાની ઈચ્છા રાખવા જેવું છે.

માનનીય ગવર્નરશ્રીએ પોતાના પ્રવચનમાં દર્શાવ્યું છે કે વર્તમાન શિક્ષણમાળખું આપણું નથી. એ અંગ્રેજોએ આપેલી વ્યવસ્થા છે. આપણે જે ઈચ્છીએ છીએ તે આ પદ્ધતિમાં છે જ નહીં. આપણી પ્રાચીન ગુરુકુળ વ્યવસ્થા રાષ્ટ્રપ્રેમ માનવતાથી ભરેલી હતી, જે સમાજ તથા રાષ્ટ્રને ઉન્નતિ તરફ લઈ જતી હતી. અંગ્રેજોએ આપેલી શિક્ષણવ્યવસ્થામાં ડિગ્રી મેળવનારાઓને માત્ર વેતનથી

મતલબ હોય છે. એને માનવતા, ચારિત્ર્યશુદ્ધિ કે રાષ્ટ્રપ્રેમ સાથે સ્નાનસૂતકનો ય સંબંધ નથી.

એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું કે, કઈ બાબત આપને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે ? ગાંધીજીએ કહ્યું કે, 'ભણેલાઓની હૃદયહીનતા મને સૌથી વધુ દુઃખ પહોંચાડે છે.'

આપણી જ શિક્ષણપ્રથાની વાત કરીએ તો આઝાદી મળ્યા પછી થોડા દાયકા સુધી આપણી પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં નીતિશિક્ષણ અને ચારિત્ર્ય-નિર્માણનો સમાવેશ હતો. નીતિશિક્ષણ વિશે એક પુસ્તકનો અભ્યાસક્રમમાં સમાવેશ હતો. એ બાબતમાં આગળ વધવાને બદલે આજે આપણે પીછેહઠ કરતા જઈએ છીએ. આજે કેવળ 'કેરિયર' બનાવવા પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આપણી આજની શિક્ષણ વ્યવસ્થામાં તો 'કેરિયર' શબ્દ ભગવાનની જેમ સર્વવ્યાપક બની ગયો છે. આ કેરિયરની ઘેલછાએ ન્યાન-નીતિ, માનવતાનું ચીરહરણ કર્યું છે ! વળી કરુણ અને દુઃખદ હકીકત એ છે કે ભણેલા કહેવાતા વાલીઓ જ કુમળાં બાળકો પર કેરિયરની માટે અત્યાચાર કરતા જોવા મળે છે. 'શૈશવનાં સંસ્મરણો' એ માત્ર નિબંધમાં લખવાનો વિષય રહી ગયો છે. શૈશવ છિનવાઈ ગયું છે, એટલું જ નહીં ત્રસ્ત બાળકો આપઘાત કરવા લાગ્યાં છે.

શાસ્ત્રજ્ઞાન ઉમદા બાબત છે, પરંતુ 'શાસ્ત્ર' જયારે 'શસ્ત્ર' નો રોલ ભજવે ત્યારે ઉલ્કાપાત મચી જાય છે. એક અંગ્રેજ ચિંતકે કહ્યું છે કે, રેલ્વેના અભણ કુલી પાર્સલની ચોરી કરશે, પરંતુ ભણેલો સ્ટેશન માસ્તર આખું વેગન ચોરી જશે! મતલબ કે ચારિત્ર્ય વિનાનું શિક્ષણ ભ્રષ્ટાચાર કરવાની આવડતમાં વધારો કરે છે. ડિગ્રી અને હોદ્દો જેમ ઊંચા તેમ ભ્રષ્ટાચાર કરવાની તક અને આવડત પણ વધારે! આપણા શાસ્ત્રમાં સચોટ કહ્યું છે કે, 'साक्षराः विपरीता राक्षसाः भवन्ति ।' ('સાક્ષરા' નું ઊલટું 'રાક્ષસા' થાય છે.) ટૂંકમાં, ચારિત્ર્યવિહીન શિક્ષણ વ્યક્તિને રાક્ષસ બનાવે છે. ફી માટે થઈને વકીલ કેસ લંબાવે છે. ખૂનીને નિર્દોષ છોડાવે છે એ સફળ વકીલ ગણાય છે! ડૉક્ટર કમાણી માટે ટ્રીટમેન્ટ લંબાવે છે, ખોટા લેબોરેટરી ટેસ્ટ કરાવે છે. શિક્ષક, વિદ્યાર્થીને શાળામાં ભણાવવાને બદલે ઘેર ટયુશને બોલાવે છે. પરીક્ષક પૈસા લઈને માર્ક્સ વધારી આપે છે. સ્વનિર્ભર (ખરેખર તો વાલીનિર્ભર) કોલેજો 'ડોનેશન' (એટલે કે લાંચ) લઈ એડમિશન આપે છે. આ બધું કશાય સંકોચ વગર થઈ રહ્યું છે,

બુદ્ધિશાળી વ્યક્તિમાં આજે દુર્યોધનવૃત્તિ જોવા મળે છે. દુર્યોધન કહે છે : 'जानामि धर्मं न च में प्रवृत्ति, जानामि अधर्म न च मे निवृत्ति ।'

લાખો રૂપિયા ખર્ચીને બનેલા ડૉક્ટર-વકીલ-એન્જિનિયર વગેરે એ દલીલ પણ કરી શકે છે કે, શિક્ષણમાં કરેલા આટલા બધા ઈન્વેસ્ટમેન્ટનું રિટર્ન પણ મેળવવું પડે ને! મોંઘું ભણતર ભ્રષ્ટાચાર કરવા મજબૂર કરે છે. દલીલમાં તથ્ય છે. શિક્ષણસંસ્થાઓમાં જ ભ્રષ્ટાચાર એ વળી અલગ ચર્ચા-વિચારણા માગી લે છે. જંતુનાશક દવા જ ભેળસેળવાળી હોય પછી ભ્રષ્ટાચારના જંતુઓનો નાશ કેમ કરીને થાય ?

શિક્ષણનો ન્યાય-નીતિ-માનવતા-સહૃદયતા-કરુણા સાથે અનુબંધ થાય; ઉપરાંત આત્મદીપ પ્રગટે તો ભ્રષ્ટાચાર દૂર થાય, બાકી ચારિત્ર્ય-ઘડતરની ગોળીઓ શાળાઓ કે દુકાનમાં મળતી નથી.

# દેશની સિધ્ધિઓની સુત્રધાર સંસ્થાઓ

– સંકલન : મગનભાઈ પટેલ (સીથાણ)

**※ GSI જી.એસ.આઈ. : પૃથ્વીના પેટાળમાં પરીક્ષણ : (સ્થાપના : માર્ચ – ૧૮૫૧)**

જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાની સ્થાપના બ્રિટીશ ઈન્ડિયા વખતે થઈ હતી. કોલસાની શકયતા તપાસવા માટે ભારતમાં વૈજ્ઞાનિક ઢબે પૃથ્વીનાં પેટાળમાં પરીક્ષણો હાથ ધર્યા હતા.

**※ કેગ : સરકારના વહીવટો પર નજર રાખતી સંસ્થા : (સ્થાપનાઃ ૧૮૫૮)**

કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ)ને વિશેષાધિકારો મળ્યા છે. સુપ્રીમ ઓડિટ ઈન્સ્ટિટયુટ તરીકે ઓળખાતી આ એજન્સી સરકારના પ્રભાવ વગર કામ કરી શકે એવી કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે.

**※ ડી.આર.ડી.ઓ : બળનું મૂળ વિજ્ઞાન છે. (સ્થાપનાઃ ૧૮૫૮)**

બળનું મૂળ વિજ્ઞાન છે એવા સૂત્ર સાથે કાર્યરત ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના ૧૮૫૮માં થઈ હતી. ૧૧,૩૭૩ કરોડ રૂપિયાનું વાર્ષિક બજેટ ધરાવતી આ સંસ્થાનું મુખ્ય કામ સૈન્ય માટે સંશોધન કરવાનું છે.

**※ એ.એસ.આઈ.: સાંસ્કૃતિક ધરોહરની રખેવાળ સંસ્થા : (સ્થાપના–૧૮૬૧)**

આ સંસ્થા પણ બ્રિટીશ કાળમાં સ્થપાઈ હતી. આઝાદી પછી સંસ્થાએ ભારતીય ધરોહરની રખેવાળી કરવાનું બીડું ઝડપ્યું હતું. એએસઆઈની ભલામણ અને પ્રયાસોના કારણે ૧૯૪૯માં પાટનગર દિલ્હીમાં નેશનલ મ્યુઝીયમ બન્યું હતું. આ સંસ્થાને વાર્ષિક ૧૦૦૦ કરોડનું ફંડ ફાળવવામાં આવે છે.

**※ હવામાન વિભાગ : દેશના વાતાવરણની તાસીર તપાસતી એજન્સી : (સ્થાપના – ૧૯૭૫)**

ભારતમાં વૈજ્ઞાનિક ઢબે હવામાનનું એનાલિસિસ કરવાનો યશ અંગ્રેજ અધિકારીઓને મળે છે. ભારતમાં ઝડપભેર બદલાઈ જતાં વાતાવરણનો અભ્યાસ ૧૯મી સદીની શરૂઆતથી જ થયો હતો. ૧૮૭૧માં ભારતનાં ઘણાં વિસ્તારોમાં દુકાળ પડયો એ ઘટનાએ હવામાન વિભાગની સ્થાપનાને બળ આપ્યું. ૧૯૪૪માં તેનું મુખ્યાલય દિલ્હીમાં ખસેડાયું અને વિશ્વના હવામાન સંગઠન સાથે પણ આ સંસ્થા કામ કરતી થઈ.

**※ નેશનલ આર્કાઈવ્ઝ : દેશની રેકોર્ડબુક : (સ્થાપનાઃ ૧૮૯૧)**

૧૮૯૧માં ઈમ્પિરિયલ રેકોર્ડ ડિપાર્ટમેન્ટના નામથી નેરો પ્રારંભ થયો હતો. રેકોર્ડ જાળવવામાં કુશળ અંગ્રેજોએ ભારતમાં આ એજન્સીની શરૂઆત કરી હતી. આઝાદી પછી કેન્દ્ર સરકારે તેનું નામ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા કર્યું હતું અને તેનો વિકાસ કર્યો હતો. સરકારી રેકોર્ડસ આ સંસ્થા સંભાળે છે. આ સંસ્થાને રોકોર્ડ સંભાળવા માટે દર વર્ષે ૩૭૬ કરોડનું બજેટ ફાળવવામાં આવે છે.

**※ યુપીએસસી – જાહેર સેવામાં ગુણવતાના ઊંચા ધોરણ : (સ્થાપનાઃ ૧૯૨૬)**

બ્રિટીશ શાસન વખતે ૧૯૧૯માં બંધારણમાં જોગવાઈ થઈ હોવા છતાં પબ્લિક સર્વિસ કમીશન અસ્તિત્વમાં આવ્યું ન હતું. બંધારણમાં જોગવાઈઓ કરવામાં આવી હોવાથી આ સંસ્થા સ્વતંત્ર તટસ્થ રહીને કામ કરે છે. જાહેર સેવાનાં ક્ષેત્રમાં આ સંસ્થાએ ગુણવત્તાના ઊંચા ધોરણો સ્થાપિત કર્યા હોવાથી તે દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સ્થાન પામે છે.

**❋ ઈન્ટેલીજન્સ બ્યુરો : જાગૃતં અહર્નિશં : (સ્થાપના : ઓગષ્ટ – ૧૯૪૭)**

ઈન્ટેલીજન્સ બ્યુરોની ગણતરી દુનિયાની સૌથી જૂની જાસુસી એજન્સીઓમાં થાય છે. એક ગુપ્તચર સંસ્થાને હોય એવું માળખું તેને ૧૯૦૯ માં આપવામાં આવ્યું હતું. નામ પ્રમાણે જ આ સંસ્થાના કર્મચારીઓ ભારતના નેતાઓની હિલચાલ ઉપર નજર રાખતા હતા. ૧૯૪૭ પછી દેશ બહાર બનતી ઘટનાઓની બાતમી મેળવવાનું કામ પણ આ સંસ્થાને ભાગે આવ્યું.

**❋ રિઝર્વ બેન્ક : ચલણી સિકકા અને નોટો છાપવાનો સર્વોચ્ચ અધિકાર : (સ્થાપના : જાન્યુઆરી – ૧૯૪૯)**

આમ તો બ્રિટીશ ઈન્ડિયામાં આ બેન્કની સ્થાપના થઈ હતી. પરંતુ આઝાદી પછી તેનું રાષ્ટ્રીયકરણ કરીને વધુ સત્તા આપવામાં અવી હતી. ૧૯૩૫માં રીઝર્વ બેન્કને ઊંચા મૂલ્યોની ચલણી નોટો બહાર પાડવાનો અધિકાર અપાયો હતો. ભારતની બેન્કીંગ સીસ્ટમ અને પેમેન્ટ સીસ્ટમ ઉપર તેનો કાબુ છે. ગવર્નર ઉપરાંત ચાર નાયબ ગવર્નર્સ અને નાણાં વિભાગના પ્રતિનિધિ સહિતના ૨૧ સભ્યોનું રીઝર્વ બેન્કનું સંચાલન કરે છે.

**❋ ચૂંટણી પંચ : લોકશાહીની રખેવાળ સંસ્થા : (સ્થાપના : જાન્યુઆરી–૧૯૫૦)**

દેશમાં બંધારણ લાગુ પડયું તેની સાથે જ લોકશાહી સ્થાપવા અને દેશવાસીઓની આઝાદી કાયમ રાખવા માટે ચૂંટણીપંચ અસ્તિત્વમાં આવ્યું હતું. દેશમાં લોકશાહીને નકકર સ્વરૂપ આપવામાં ચૂંટણીપંચની ભૂમિકા ખૂબજ મહત્વની સાબિત થઈ છે. ચૂંટણીપંચે ચૂંટણીકાર્ડની સિસ્ટમ વિકસાવીને દેશની ચૂંટણીઓને વધારે વિશ્વસનીય અને ચોકસાઈભરી બનાવી છે.

**❋ સુપ્રીમ કોર્ટ : યતો ધર્મસ્તતો જય : (સ્થાપના : જાન્યુઆરી–૧૯૫૦)**

બ્રિટીશ ઈન્ડિયા વખતે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એકટ ૧૯૩૫ પસાર થયો હતો. ૧૯૫૦માં બંધારણ લાગુ પડયું એ પછી સુપ્રીમ કોર્ટ અસ્તિત્વમાં આવી. તે ભારતવાસીઓમાં સૌથી શકિતશાળી સાર્વજનિક સંસ્થા તરીકેનું આદરભર્યું સ્થાન ધરાવે છે. સુપ્રીમકોર્ટ છેલ્લાં ૭૧ વર્ષમાં તેના સુત્રને અનુરૂપ કામગીરી કરી છે.

**❋ લોકસભા : દેશની સત્તામાં લોકોનું સીધું પ્રતિનિધિત્વ : (સ્થાપના : એપ્રિલ – ૧૯૫૨)**

૫૪૩ સભ્યો ધરાવતી લોકસભા સંસદનું નીચલું ગૃહ છે. ૧૯૧૯ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એકટમાં ભારતના લોકોને સંસદગૃહમાં પ્રતિનિધિત્વ સાથે કાયદા ઘડવાની કે તેમાં ફેરફાર કરવાની સત્તા મળી હતી. પછાત વર્ગને લોકસભામાં પ્રતિનિધિત્વ મળે તે માટે અનામતની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**❋ રાજય સભા : સત્તાનું સંતુલ બનાવતી સભા : (સ્થાપનાઃ એપ્રિલ–૧૯૫૨)**

સત્તાનું ઉપલું ગૃહ છે. તેની ૨૪૫ બેઠકો છે. એમાંથી ૨૩૩ની ચૂંટણી થાય છે. અને ૧૨ સભ્યો રાષ્ટ્રપતિ નિમણૂંક કરે છે. લોકસભામાં પૂર્ણ બહુમતિ ધરાવતો પક્ષ પણ રાજયસભામાં એમ તુરંત બહુમતિ મેળવી શકતો નથી. રાજયસભાનું કયારેય સંપૂર્ણ વિસર્જન થતું ન હોવાથી એમાં સતત સભ્યો ઉમેરાતા રહે છે. દેશમાં આઝાદીને કાયમ રાખવા પરિબળોમાં રાજયસભાનો ફાળો અમૂલ્ય છે.

**❋ યુ.જી.સી. : જ્ઞાન વિજ્ઞાન વિમુકતયે : (સ્થાપના : ડિસેમ્બર – ૧૯૫૩)**

બ્રિટીશ શાસન વખતે જ ભારતના વિદ્વાન સભ્યોએ ઉચ્ચ શિક્ષણ માટે ખાસ આયોગ બનાવવાની માગણી કરી હતી. આઝાદી પછી ૧૯૪૮-૪૯ માં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની

આગેવાનીમાં યુનિવર્સિટી શિક્ષણપંચની રચના કરવામાં આવી હતી. ૧૯૫૬માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશન એક્ટ પસાર કરીને ફંડ ફાળવવામાં આવ્યું હતું. આ સંસ્થાને ૪૭૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે.

**❋ ઈસરો : અવકાશ તરફ ઉડાન : (સ્થાપના : ઓગષ્ટ–૧૯૬૯)**

વિક્રમ સારાભાઈના વિઝન સાથે શરૂ થયેલી આ સંસ્થાએ વિશ્વમાં કાઠું કાઢયું છે. ભારતના અંતિરિક્ષ મિશનને ઈસરોએ નવી ઉંચાઈ આપી છે. ચંદ્ર ઉપર પાણી છે એ શોધી કાઢનારી ઈસરો વિશ્વની પ્રથમ સ્પેસ એજન્સી છે. બહું જ સંઘર્ષ કરીને ઈસરોએ ૧૯૭૫માં પ્રથમ ઉપગ્રહમ્ આર્યભટ્ટ લોન્ચ કર્યો હતો. ઈસરો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ સહિતના દેશોના ઉપગ્રહો લોન્ચ કરી આપે છે. ૧૭ હજાર કર્મચારીઓ ધરાવતી આ સંસ્થાનું વાર્ષિક બજેટ આશરે ૧૪ હજાર કરોડ રૂપિયા કરતાં પણ વધારે છે.

**❋ ભૂમિદળ : સર્વિસ બિફોર સેલ્ફ : (સ્થાપનાઃ એપ્રિલ – ૧૮૯૫)**

બ્રિટીશ ઈન્ડિયન આર્મીના નામથી ૧૮૫૮માં લશ્કરની આ પાંખ અસ્તિત્વમાં આવી હતી. આઝાદી પછી તેનું નામકરણ ઈન્ડિયન આર્મી કરવામાં આવ્યું હતું. ભૂમિદળમાં ૧૩ લાખ જવાનો દેશની સેવામાં ખડે પગે રહે છે. દેશની સરહદોની રખેવાળી સાથે દેશમાં ત્રાટકતી હોનારતો વખતે પણ સેવાકીય કાર્યોમાં સહકાર આપે છે. અંગ્રેજ જનરલ બુચર પાસેથી કે.એમ. કરિઅપ્પાએ તા. ૧૫-૧-૧૯૪૯ ના રોજ ચાર્જ સંભાળ્યો હતો.

**❋ નૌકાદળ : વરૂણદેવ કકલ્યાણ કરે : (સ્થાપનાઃ જાન્યુઆરી – ૧૯૫૦)**

રોયલ ઈન્ડિયન નેવીના નામે ઓળખાતી સૈન્યથી આ પાંખને ૧૯૫૦ પછી ઈન્ડિયન નેવીની ઓળખ આપવામાં આવી હતી. નૌસેના પાસે ૬૭ હજાર કરતા પણ વધુ સૈનિકો છે. અને ૭૫ હજાર રિઝર્વ ફોર્સ છે. ભારતીય નૈકાદળની વૈશ્વિક તુલના કરવાની હોય તો અમેરિકા, રશિયા, ચીન, જાપાન અને બ્રિટીશ નેવી પછી ક્ષમતાની બાબતમાં ભારતીય નેવીનો છઠ્ઠો નંબર આવે છે.

**❋ વાયુદળ : નભઃસ્પૃશં દીપ્તમ્ : (સ્થાપનાઃ ઓકટોબર – ૧૯૩૨)**

વાયુદળે ૧૯૬૫ - ૧૯૭૧ - ૧૯૯૯માં ખેલાયેલા પાકિસ્તાન સામેના યુધ્ધમાં સંગીન ભૂમિકા ભજવી હતી. એ ઈતિહાસ જાણીતો છે. ૧.૩૯ લાખ એકટિવ સૈનિકો છે. ૧૮૫૦ કરતાં વધુ એરક્રાફ્ટ છે. ૫૦૦ હેલીકોપ્ટર્સ વાયુસેનાની શાનમાં વધારો કરી રહ્યાં છે. ઈન્ડિયન એરફોર્સના ફોર્સને ખાળવાની શકિત માત્ર અમેરિકા, ચીન અને બ્રિટન પાસે જ છે.

**❋ એન.ડી.આર.એફ. : આપદા સેવા સદૈવ : (સ્થાપનાઃ ૨૦૦૬)**

નેશનલ ડીઝેસ્ટર રીસ્પોન્સ ફોર્સની સ્થાપના ૨૦૦૬ માં થઈ હતી. આ એજન્સી કુદરતી કે માનવ સર્જિત હોનારતોમાં બચાવ કામગીરી કરે છે. દેશભરમાં ૧૩ હજાર જવાનો તૈનાત રહે છે. તેનું વાર્ષિક બજેટ ૧૨૦૦ કરોડ રૂપિયા છે. આ એજન્સી ગૃહ મંત્રાલય હેઠળ કામ કરે છે. એન.ડી.આર.એફ.ની ૧૩ બટાલિયન છે.

**❋ સી.આઈ.એસ.એફ. : સંરક્ષણ અને સુરક્ષા : (સ્થાપના : માર્ચ–૧૯૬૨)**

૧૦મી માર્ચ ૧૯૬૯ ના રોજ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સની રચના કરવામાં આવી હતી. પાટનગર દિલ્હીમાં સંવેદનશીલ સરકારી ઈમારતો, મેટ્રો, એરપોર્ટ, વગેરેની સુરક્ષા આ એજન્સી કરે છે. ૨૮૦૦ જવાનો સાથે શરૂ થયેલી આ એજન્સીમાં જવાનોની સંખ્યા દોઢ લાખ થઈ છે. તેનું વાર્ષિક બજેટ ૧૦ હજાર કરોડ રૂપિયાનું થયું છે. પરમાણું મથકોથી લઈ ખાણ, સ્ટીલ પ્લાન્ટ્સ, હેવી

એન્જીનીયરીંગ, હાઈડ્રો પાવર પ્લાન્ટ, રીફાઈનરી, બંદરો વગેરેને સુરક્ષા પુરી પાડે છે.

**❊ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન : કૌભાંડો સામે લાલ આંખ : (સ્થાપના: ફેબ્રુઆરી–૧૯૬૪)**

સરકારમાં થતા ભ્રષ્ટાચારને રોકવા માટે આ એજન્સીની સ્થાપના થઈ. ૨૦૦૩માં સંસદમાં કાયદો બનાવીને આ સંસ્થાને વધુ સત્તા અપાઈ હતી. સરકારના કોઈપણ વિભાગના અધિકારી સામે તે કામગીરી કરી શકે છે. આ એજન્સીમાં એક મુખ્ય વિજિલન્સ કમિશ્નર અને બે વિજિલન્સ કમિશ્નર હોય છે. આ એજન્સી ભ્રષ્ટાચારની ફરિયાદનું નિવારણ કરે છે અને કોઈ પણ સરકારી સંસ્થાન દબાણમાં આવ્યા વગર નિષ્પક્ષ કામ કરે તે માટે ખાસ જોગવાઈ થઈ છે.

**❊ આઈ.ડી.એસ.એ. : સંરક્ષણ ક્ષેત્રની થીંક ટેન્ક : (સ્થાપના : નવેમ્બર – ૧૯૬૫)**

ઈન્સ્ટીટયુટ ફોર ડીફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસની સ્થપના સંરક્ષણ ક્ષેત્રે આંતર રાષ્ટ્રીય સંબંધો બાબતે સલાહ લેવા માટે થઈ હતી. જે સંરક્ષણ ક્ષેત્રના સોદા બાબતે લાંબા ગાળાનું આયોજન કરે છે અને સરકારને વિગતવાર અભ્યાસ કરીને માહિતી આપે છે. સુરક્ષાને લગતા દેશના જેટલા પણ મુદ્દા હોય એમાં આ થીંક ટેન્કનો મત મહત્વનો ગણાય છે.

**❊ પોલીસ ફોર્સ : અનેકવિધ જવાબદારી ઉપાડતી એજન્સી : (સ્થાપના : ૧૯૪૮)**

સને ૧૯૪૮માં ઈન્ડિયન પોલીસ સર્વિસના નવા નામકરણ સાથે તેને ઓલ ઈન્ડિયા સર્વિસનો ભાગ બનાવાઈ હતી. ઈન્ડિયન એડમીનીસ્ટ્રેટીવ સર્વિસ ઈન્ડિયન પોલીસ સર્વિસ અને ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ એમ ત્રણની બનેલી ઓલ ઈન્ડિયા સર્વિસમાં સમાવેશ થાયો તે સાથે જ કેન્દ્ર અને રાજય સરકારો માટે ઉચ્ચ પોલીસ ઓફિસરો આ એજન્સીથી મળતા થયા હતા. પોલીસ સર્વિસનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ છે. કાયદો અને વ્યવસ્થાથી લઈને તપાસ, ગુપ્ત બાતમી, નાગરિકોની સુરક્ષા, જાહેર સંપત્તિનું રક્ષણ જેવી જવાબદારી પોલીસ ફોર્સને મળે છે. આ એજન્સીએ ૪૦૦૦ જેટલા અધિકારીઓ તૈયાર કર્યા છે.

**❊ ટ્રાઈ : કોમ્યુનિકેશન રેગ્યુલેટરી : (સ્થાપના: ફેબ્રુઆરી – ૧૯૯૭)**

ધી ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા ટ્રાઈના ટૂંકા નામથી જાણીતી છે. ટેલીકોમ્યુનિકેશન સેકટરને નિયંત્રિત કરવા અને ફરિયાદોનું નિવારણ કરવા માટે ૧૯૯૭માં આ સરકારી એજન્સી બનાવાઈ હતી. ૨૦૦૦ના વર્ષમાં ટ્રાઈ એકટમાં સુધારો કરાયો હતો અને તેને વધારે સત્તા મળી હતી. સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટની ક્રાંતિ પછી ફરીથી ટ્રાઈ એકટમાં ફેરફારની ભલામણ થઈ રહી છે.

**❊ સેબી : રોકાણકારોની સલામતી : (સ્થાપના: જાન્યુઆરી–૧૯૯૨)**

ધ સિકયુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ તે સાથે જ કોમોડિટી અને સ્ટોક માર્કેટમાં નિયંત્રણ આવ્યું હતું. નાણાં મંત્રાલયની ગાઈડ લાઈન પ્રમાણે કાર્યરત સેબી શેર માર્કેટને નિયંત્રિત કરે છે. ૧૯૯૦ થી શેર માર્કેટમાં વ્યાપેલી અંધાધૂંધી નિવારવા માટે આ એજન્સીને સત્તા આપવામાં આવી હતી. શેર માર્કેટમાં રોકાણ કરવા માટે હવે સેબીનું સર્ટિફીકેટ ફરજિયાત બનાવાયું છે. ખાનગી ક્ષેત્રોની બેન્કો ગ્રાહકોના એકાઉન્ટ ખોલે તો પણ સેબીની પરવાનગી લેવી જરૂરી બની ગઈ છે.

**❊ નાબાર્ડ : ગ્રામીણ બેંકની વડી સંસ્થા : (સ્થાપના જલાઈ–૧૯૮૨)**

૮૦ના દાયકા સુધી બેંકો શહેરો પૂરતી જ મર્યાદિત હતી. તેને ગ્રામ્ય સ્તરે પહોંચાડવા માટેના ભાગરૂપે ૧૯૮૨માં નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)ની શરૂઆત થઈ

હતી. પ્રાદેશિક ગ્રામીણ બેન્કોને નિયંત્રિત કરનારી અને લાયસન્સ આપનારી બેન્ક નાબાર્ડ નાણામંત્રાલય હેઠળ કાર્યરત છે. કૃષિ ક્ષેત્રે ધીરાણ મળી રહે તે માટે કો-ઓપરેટીવ બેન્કોને પ્રોત્સાહિત કરીને નાબાર્ડ અસંખ્ય બેંકોને લાયસન્સ આપ્યા છે. નાબાર્ડ વર્લ્ડ બેન્ક સાથે જોડાઈને ગ્રામ્ય સ્તરે ફંડ મળે તે માટે કાર્ય કરે છે.

**❋ માહિતી આયોગ : નાગરિકોના માહિતી અધિકારનું જતન : (સ્થાપનાઃ ૨૦૦૫)**

માહિતી અધિકારનો કાયદો લાગી થયા પછી તેના નિયમન માટે એક સંસ્થા જરૂરિયાત વર્તાતી હતી. તેના ભાગરૂપે આ સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. આ કાયદા હેઠળ અરજદારે સરકારી વિભાગો પાસેથી માહિતી મેળવવી હોય અને નિયત સમયમાં એને સંતોષકારક માહિતી ન મળે તો એ અરજદાર માહિતી કમિશ્નરનો સંપર્ક કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થામાં એક મુખ્ય કમિશ્નર અને ૧૦ માહિતી કમિશ્નર કાર્ય કરે છે. એની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.

**❋ પ્રસાર ભારતી : સાંસ્કૃતિક આદાન પ્રદાન : (સ્થાપના : નવેમ્બર – ૧૯૯૭)**

ઓલ ઈન્ડિયા રેડિયો - આકાશવાણીની શરૂઆત ભારતમાં ૧૯૨૭માં થઈ હતી. દૂરદર્શનનો પ્રારંભ ૧૯૫૯માં થયો હતો. પ્રસાર ભારતી એક્ટ પસાર કરીને ૧૯૯૭માં ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનનો હવાલો પ્રસાર ભારતીને સોંપવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક અને ભાષાના વૈવિધ્યમાં એકતા લાવવા માટે આ બંને માધ્યમોએ દેશમાં ખૂબજ મહત્વની ભૂમિકા ભજવી છે. પ્રસાર ભારતીની ડિજિટલ ન્યુઝ સર્વિસનો પ્રારંભ થયો છે.

**❋ માનવ અધિકાર : સર્વે ભવન્તુ સુખિનઃ (સ્થાપના : ઓક્ટોબર– ૧૯૯૩)**

બધા સુખી થાઓ - એવા સૂત્ર સાથે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન ૧૯૯૩ થી કાર્યરત છે. યુએનના સભ્ય દેશોમાં સરકારી સંસ્થા તરીકે હ્યુમન રાઈટ્સ કમિશનની સ્થાપના થવા લાગી તે પછી ભારતમાં પણ એ પ્રકારની સંસ્થા બની હતી. મૂળભૂત માનવ અધિકારોના જતન માટે આ સંસ્થા કામ કરે છે. જીવન જીવવાનો, સમાનતાનો, આત્મગૌરવનો અધિકાર આ માનવ અધિકારમાં સામેલ થાય છે. ભારતે ૧૯૯૩માં હ્યુમન રાઈટ્સ એક્ટ પસાર કરીને તેને કાયદાકીય રક્ષણ આપ્યું.

**❋ એન.સી.ડબલ્યુ : મહિલાઓના મુદ્દે ચર્ચા : (સ્થાપના : જાન્યુઆરી–૧૯૯૨)**

નેશનલ કમિશન ફોર વુમનની સ્થાપના જાન્યુઆરી ૧૯૯૨માં મહિલાઓનાં સામાજિક - આર્થિક કલ્યાણ માટે થઈ હતી. આ કમીશનનું મુખ્ય કામ સ્ત્રીઓના મુદ્દે સરકારને ભલામણો કરવાનું છે. દેશમાં મહિલાઓની સમસ્યાઓથી કેન્દ્ર સરકારને વાકેફ કરીને તેના સમાધાનની ચર્ચા કરવામાં મહિલા આયોગનો મહત્વનો ફાળો છે. દહેજપ્રથા, સામાજિક-ધાર્મિક સમાનતા, રાજકારણમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વગેરે મુદ્દા આ સંસ્થાએ ઉઠાવ્યા હોવાથી તે દિશામાં ઘણું પરિવર્તન થયું હતું. કેટલાક કિસ્સામાં આ સંસ્થાની ભલામણોના કારણે સરકારે કાયદામાં ફેરફારો પણ કર્યા છે.

**❋ એનસીપી : રાષ્ટ્રીય વસતિ નીતિ : (સ્થાપના : ૨૦૦૦)**

નેશનલ પોપ્યુલેશન કમીશનની સ્થાપના ૨૧ વર્ષ પહેલાં થઈ હતી. વડાપ્રધાન આ કમીશનના ચેરમેન હોય છે. નીતિ આયોગના વડા તેના વાઈસ ચેરમેનનો હોદ્દો ધરાવે છે. બધા જ રાજ્યોનાં મુખ્યમંત્રીઓ તેના સભ્યો હોય છે. ભારતની પોપ્યુલેશન પોલિસીનું વિશ્લેષણ કરવા માટે આ સંસ્થા બનાવાઈ હતી. સ્વાસ્થ્ય, પર્યાવરણ, શિક્ષણ જેવા મુદ્દા તપાસીને આ કમિશન આગામી વર્ષો માટે કેવી પોલીસી હોવી જોઈએ તેની સરકારને ભલામણ કરે છે.

**❋ ઈ.પી.એફ : કર્મચારીઓનું ભવિષ્ય : (સ્થાપનાઃ માર્ચ ૧૯૫૨)**

કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા સંસ્થાની સ્થાપના ૧૯૫૨માં થઈ હતી. દેશની સૌથી મોટી પેન્શન યોજનાનું સંચાલન આ સંસ્થા કરે છે. સરકારી એજન્સીઓએ ફરજિયાત કર્મચારીઓના ભવિષ્યનિધીમાં ફાળો આપવો પડે છે. દેશના કરોડા નાગરિકો આ સ્કીમમાં ભાગીદાર છે. લગભગ ૧૧ લાખ કરોડની રકમ ઈપીએફઓ મેનેજ કરતી હોવાનો અંદાજ છે.

**❋ એનએફડીસી : ફિલ્મોને ફંડ આપતી એજન્સી : (સ્થાપનાઃ ૧૯૭૫)**

નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનએફડીસી)ની સ્થાપના ૧૯૭૫માં કરવામાં આવી હતી. આ સંસ્થા સંદેશા પ્રધાન ફિલ્મોને ફંડિંગ આપે છે. ફિલ્મને ફંડ આપવાથી લઈને નિર્માણ અને વિતરણ સુધી આ સંસ્થા ફિલ્મ મેકરને મદદ કરે છે. એનએફડીસીની મદદથી બનેલી અસંખ્ય ફિલ્મોને નેશનલ એવોર્ડ મળ્યા છે.

**❋ એટોમિક કમિશન : પરમાણુ સજજતા આપનારી સંસ્થા : (સ્થપના : ઓગષ્ટ–૧૯૪૮)**

એટોમિક એનર્જી કમિશન ઓફ ઈન્ડિયાની સ્થાપના ૧૯૪૮માં થઈ હતી. આ કમિશન ભારતને પરમાણુ પાવરથી સજ્જ બનાવવા ઉપર ભાર મૂકયો હોવાથી પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ ૧૯૫૪માં કમિશનની ભલામણના આધારે પરમાણુ વિભાગ સ્થાપ્યો હતો. એટોમિક કમિશન અંતર્ગત પાંચ પરમાણુ રીસર્ચ સેન્ટર સ્થપાયા છે. જેમાં ભાભા એટોમિક સેન્ટર, ઈંદિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રીસર્ચ, રાજા રમન સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. એટોમિક કમિશનને ૨૧૪ અબજ રૂપિયાનું ફંડ રીસર્ચ માટે આપવામાં આવ્યું છે.

**❋ બીસીએએસ : નાગરિક ઉડ્ડયનની સુરક્ષા : (સ્થાપનાઃ જાન્યુઆરી ૧૯૭૮)**

ધ બ્યુરો ઓફ સિવિલ એવીએશનની સિકયુરીટીની સ્થાપના હવાઈ અકસ્માતો ઘટાડવાના હેતુથી થઈ હતી. આ એજન્સી સુરક્ષાના માપદંડોનું પાલન થાય છે કે નહીં તે તપાસે છે. જો કોઈ એરલાઈન્સ સુરક્ષામાં બાંધછોડ કરાતી જણાય તો તેની સામે પગલાં લેવાની સલાહ પણ આ એજન્સી આપી શકે છે. આ એજન્સી દેશભરમાં ૨૦ શહેરોમાં કાર્યરત છે. એરક્રાફ્ટ એકસીડન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરો નામની આ એજન્સી દુર્ઘટના થવાના કારણની તપાસ કરે છે.

**❋ આરડીએસઓ : રેલ્વેની સલાહાકાર સમિતિ : (સ્થાપના – ૧૯૫૭)**

ભારતીય રેલવેનું તંત્ર ખૂબ વિશાળ છે. સૌથી વધુ કર્મચારીઓ ધરાવતા આ વિભાગના સલાહકાર તરીકે રીસર્ચ ડીઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આર.ડી.એસ.ઓ) કાર્યરત છે. ૧૯૫૬માં સરકારે એર્ડિનન્સ પસાર કરીને આ સંગઠન બનાવ્યું હતું. સંસ્થા મોકળાશ સાથે સંશોધન કરી શકે તે માટે લખનઉમાં ૨003 થી વિશેષ સવલતો આપવામાં આવી છે.

**❋ એનએચએઆઈ : દેશના માર્ગો પર નજર : (સ્થાપના : ૧૯૯૫)**

૧૯૮૮માં આ સંસ્થા બનાવવા માટે કાયદો પસાર થયો હતો. પરંતુ સંસ્થાનું ગઠન ૧૯૯૫માં થયું હતું. આ સ્વાયત ઓથોરિટી માર્ગ અને પરિવહન મંત્રાલય અંતર્ગત કાર્યરત છે. એ દેશના ૫૦ હજાર કીલોમીટર લાંબા નેશનલ હાઈવેનું મેનેજમેન્ટ આ સંસ્થા હસ્તક છે. ગ્રીનકોરિડોર એટલે કે ઈકોફ્રેન્ડલી નેશનલ હાઈવે બનાવવા માટે ખાનગી સંસ્થાઓ, પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ બનાવીને સંસ્થાએ નવતર પ્રયોગો કર્યા છે.

**❋ જીએસટી કાઉન્સીલ : એક દેશ એક ટેકસની શરૂઆત : (સ્થાપનાઃ જુલાઈ–૨૦૧૬)**

ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની રચના ૨૦૧૬માં થઈ હતી. આ સરકારી બોડીનું સંચાલન ૩૩ સભ્યો દ્વારા થાય છે. ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) ૨૦૧૭થી લાગુ થયો હતો. દેશના નાણાંમંત્રી હોદ્દાની રૂએ જીએસટી કાઉન્સિલના વડા છે. પ્રોડકટના ટેક્સમાં ફેરફાર કરવા માટે ચર્ચા-વિચારણા પછી બહુમતીથી નિર્ણય લેવામાં આવે છે.

**❊ આધાર : દેશને ખાસ ઓળખ આપનારી એજન્સી : (સ્થાપનાઃ જાન્યુઆરી – ૨૦૦૯)**

યુનિક આઈડેન્ટિફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ)ની સ્થાપના ૨૦૦૯માં થઈ હતી. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોરમેશન વિભાગ હેઠળ કાર્યરત આ એજન્સીની ભલામણ પછી દેશના નાગરિકો માટે ૧૨ આંકડાના યુનિક નંબરની ઓળખ આપવામાં આવી હતી. તે ટૂંકમાં આધારકાર્ડથી ઓળખાય છે. આધારકાર્ડ વિશ્વની સૌથી વિશાળ બાયોમેટ્રીક્સ આઈડી સીસ્ટમ ગણાય છે. વર્લ્ડબેંકે તો એક સમયે આધારકાર્ડને વિશ્વનો સૌથી સોફિસ્ટિકેટેડ આઈડ પ્રોગ્રામ ગણાવ્યો હતો. આધારકાર્ડની યોજના આ એજન્સી નિયમન કરે છે. સરકારી યોજનાઓમાં અને બેંકો સાથે આધારકાર્ડ જોડવાનો નિર્ણય પણ આજ એજન્સીએ લીધો હતો.

**❊ આરએનઆઈ : પ્રકાશન સંસ્થાઓની નોંધણી : (સ્થાપના : જુલાઈ ૧૯૫૬)**

આરએનઆઈ નામથી ઓળખાતી રજિસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર ફોર ઈન્ડિયા અખબાર અને સામયિકોની નોંધણી કરે છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ આવતી આ એજન્સી સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્ય કરે છે. ૧૯૫૩માં પહેલું પ્રેસ કમિશન બનાવવામાં આવ્યું હતું. આ કમિશને અંગ્રેજ કાળના પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુકસ એકટમાં સુધારો કરવાની ભલામણ કરી હતી. સંસદમાં ચર્ચા-વિચારણાના અંતે આર.એન.આઈનો માર્ગ મોકળો થયો હતો. આ સંસ્થા પ્રકાશન સંસ્થાઓનું મોનીટરીંગ કરે છે.

**❊ આઈઆઈએમસી : માસ મિડીયા એજયુકેશન : (સ્થાપના : ઓગષ્ટ – ૧૯૬૫)**

ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્યરત સંસ્થા આઈઆઈએમસી દેશની ટોચની માસ મિડીયાની શૈક્ષણિક સંસ્થા છે. આ સ્વાયત સંસ્થાએ નોંધપાત્ર પત્રકારો અને સમાજ સેવકો આપ્યા છે એમાં પ્રિન્ટ, ફોટો, રેડિયો, ટેલીવિઝન અને વિકાસલક્ષી પત્રકારત્વના પાઠો ભણાવવામાં આવે છે. આ સંસ્થાનો મૂળભૂત હેતુ ઈન્ડિયન ઈન્ફર્મેશન સર્વિસ માટે અધિકારીઓ સર્જવાનો છે. ઓડિશા, કેરળ, મીઝોરમ, કાશ્મીરમાં પણ આ સંસ્થા કાર્યરત છે.

**❊ એનસીસીડી : કોલ્ડ ચેઈન થિંક ટેન્ક : (સ્થાપના : ૨૦૧૨)**

ભારતમાં કોલ્ડ સ્ટોરેજની અછત હોવાના કરણે ઘણી ખેતપેદાશો નકામી થઈ જતી હતી. એ સ્થિતિ નિવારવા માટે ૨૧મી સદીમાં ભારતનું કૃષિ ઉત્પાદન વધ્યું હોવાથી સરકારે નેશનલ સેન્ટર ફોર કોલ્ડ ચેઈન ડેવલપમેન્ટ (એનસીસીડી)ની સ્થાપના કરી હતી. આ સંસ્થા દેશમાં કોલ્ડ ચેઈનને પ્રમોટ કરવાની દિશામાં સલાહ આપે છે. ફાર્મથી લઈને ફ્રોઝન ફૂડ સુધીમાં કોલ્ડ ચેઈનની વ્યવસ્થા કેવી હોવી જોઈએ તેનો વિકસીત દેશો સાથે તુલનાત્મક અભ્યાસ કરીને આ થિંક ટેન્ક સરકારને ભલામણો કરે છે. દેશના વડાપ્રધાન આ થિંક ટેન્કના ચેરમેન હોય છે. સંસ્થાનો મુખ્ય હેતુ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપની મદદથી દેશમાં કોલ્ડ સ્ટોરેજનો વિકાસ કરવાનો છે.

# ''જીવન''

''જીવન જીવતા આવડે તો એમાંથી અવનવા સૂરો નીકળે
નહીંતર ભૂંગળી સમાન છે.''

## જીવનનું ઉજ્જવળ પોત

**નીલમ દોશી**

જન્મ અને મૃત્યુ જીવન સાથે જોડાયેલી બે અભિન્ન ઘટના છે. જીવનનો પ્રારંભ પણ રૂદનથી થાય છે અને આખરી ક્ષણ પણ અશ્રુવિહિન નથી હોતી. એ વચ્ચેના સમયમાં જીવનધારા વહેતી રહે છે. એ કેવી અને કઈ રીતે વહે છે એ જીવનકલા છે. જેને એ કલા સારી રીતે આવડી ગઈ છે એને માટે જીવન જેવું કંઈ સરળ નથી અને જેને એ જીવનકલા શીખી નથી એમને માટે જીવન બહુ જટિલ સંકુલ બની રહે છે.

જીવનની આખરી પળ કયારે, કેવી રીતે કે કયાં આવશે એની જાણ કોઈને નથી થતી,. એમાં કોઈ નિયમો નથી હોતા, ઉમરનો કોઈ બાધ નથી હોતો. વૃદ્ધ લોકો પહેલા મરે અને યુવાન કે બાળકો પછી મરે એવા કોઈ નિયમો અહીં નથી હોતા. કોઈ ફૂલ સાવ અકાળે પણ કરમાઈ જતું હોય છે અને કોઈ નેવું વરસની ઉંમરે મોતની પ્રતીક્ષા કરતું હોય છે, શરીરે જવાબ દાઈ દેતું હોય અને છતાં શ્વાસ ચાલતા હોય છે. એથી જ કહેવાયું છે ને કે માગ્યા મોત પણ નથી મળતા.

જીવન ક્ષણભંગુર છે. કોઈપણ ક્ષણે 'ધ એન્ડ' નું પાટિયું લાગી શકે છે. એ બધું આપણે સૌ જાણીએ જ છીએ અને અસીમ અવકાશના સંદર્ભમાં કહીએ તો આપણું જીવન બહુ અલ્પ છે. છતાં આપણે સૌ જાણે ચિરકાળ સુધી જીવવાનો હોઈએ એ રીતે જીવ્યા કરીએ છીએ. કાલ કોણે દીઠી છે એવું બોલતા રહીએ છીએ. પણ એની અનુભૂતિ કદાચ કરતા નથી. એ જો કરી શકતા હોત તો કદાચ આપણે જીવનને જટિલ ન બનાવ્યું હોય. અને જીવન કદાચ અલગ રીતે જીવી શકતા હોત.

આ સંદર્ભમાં કયાંક વાંચેલી એક વાત યાદ આવે છે.

સંત એકનાથજીના નામથી આપણે પરિચિત છીએ. તેઓ હંમેશા પ્રસન્ન ચિત્ત રહેતા. તેમને કદી કોઈએ ઉદાસ, નિરાશ નહોતા જોયા. એક વખત એક યુવાને તેમને કુતૂહલથી પૂછયું, 'નાથજી, આપનું જીવન કેવું સ્વસ્થ, મધુર અને પ્રેમથી છલોછલ લાગે છે. આપને કદી ઈર્ષ્યા, મોહ મહત્વાકાંક્ષા પજવતા કે પીડતા નથી ? તમારી જેમ મારું જીવન પણ શાંત અને સ્થિર બને, દિવસો આનંદ, મંગલ અને કલ્યાણમય પસાર થાય તેવો ઉપાય બતાવોને.'

એકનાથજીએ તેને તેનો હાથ બતાવવા કહ્યું. યુવાને તેનો હાથ આગળ ધર્યો.

બે-પાંચ મિનિટ તેનો હાથ જોઈ એકનાથજીએ ધીમેથી કહ્યું, 'ઉપાય તો બતાવતા પણ અફસોસ,

હવે મોડું થઈ ગયું છે. તારા હાથની રેખા પ્રમાણે તું હવે સાત જ દિવસનો મહેમાન છે. પહેલા જેમ જીવતો હતો એમ આ થોડા દિવસો વીતાવી નાખ. બીજું કશું થઈ શકે તેમ નથી.'

યુવકને સંતના શબ્દો પર પૂરો વિશ્વાસ હતો. તેમના આ શબ્દો સાંભળતા જ યુવકના ચહેરા પર ચિંતા, ભય અને વિષાદ ફરી વળ્યા. તેનું તન, મન ધ્રૂજી ઉઠયા. પરસેવાના રેલા ઉતરવા લાગ્યા. પગમાંથી પ્રાણ, આંખમાંથી નૂર અને ચહેરા પરથી જાણે તેજ ચાલ્યા ગયા. યુવાન મોતના નામમાત્રથી ઘડીભરમાં જાણે વૃદ્ધ થઈ ગયો. જગત અને જીવન તેને અસાર ભાસવા લાગ્યું. તે ઘેર જઈને પત્ની પાસે રડી પડયો. પડોસી અને મિત્રો પાસે ક્ષમા માગી.

સાતમા દિવસે સૂર્યાસ્તની ક્ષણે સ્વયં એકનાથજી તેના ઘેર આવ્યા. યુવાને હાથ જોડીને દર્દભર્યા અવાજે પૂછયું, 'સ્વામીજી, હવે કેટલી ઘડી બાકી છે. ?'

એકનાથજીએ કરૂણાસભર સ્વરે કહ્યું, 'વત્સ, શાંત થા. અંતિમ ઘડી તો પરમ નક્કી કરશે. તારે હજુ જીવવાનું છે. પણ પહેલાં મને એ કહે કે આ સાત દિવસ તે કેવી રીતે વીતાવ્યા ? મોજ-મજા, ભોગ, વિલાસમાં, આનંદમાં, ગુસ્સો મોહ, મહત્વાકાંક્ષા, ઈર્ષ્યાની એક પણ ક્ષણ આવી ?'

યુવાન રડી પડયો. કરૂણ સ્વરે એણે કહ્યું, 'સ્વામીજી, આ સાત દિવસ તો માત્ર મૃત્યુના ઓછાયામાં જ ગયા. તેના સિવાય કશું દેખાતું જ નહોતું. મોત સામે છે એ જાણ્યા પછી એવા કોઈ વિચાર કેમ આવી શકે ?'

એકનાથજીએ હળવાશથી કહ્યું, 'વત્સ, જેના ધ્યાનમાં તે સાત દિવસ વીતાવ્યા છે. તેના ધ્યાનમાં અમે સમગ્ર જીવન વીતાવીએ છીએ. બસ, આ જ છે અમારી ચિરપ્રસન્નતાનું રહસ્ય.'

યુવાનને જીવનદીક્ષા મળી ગઈ.

મૃત્યુ એટલે કોઈ નામ, તારીખ, સાલ, ક્ષણ નહીં પણ ક્ષણ-ક્ષણની સજાગતા. આ સાવધાની જ જયોત છે. એના ઉજાસમાં જોવાનું, જાણવાનું, જાગવાનું અને જીવવાનું હોય છે. એ જ ઉપલબ્ધિ છે. કબીર સાહેબ કહે છે. રે દિલ જમ આયેગા

ઈશ્વરનું તેડું કોઈપણ ક્ષણે આવી શકે છે. એ વાત સતત નજર સમક્ષ રાખીને આપણા ભાગે જે પણ કાર્ય આવ્યું હોય તે શ્રેષ્ઠ રીતે કરવું એ જ આપણો ધર્મ, એ જ આપણું પરમ કર્તવ્ય. જીવન ક્ષણિક છે, ક્ષણભંગુર છે એવું બધું જો જાણતા અને માનતા હોઈએ તો આટલા બધા રાગ દ્વેષ, ક્રોધ, અહંકાર જીવનમાં શા માટે ? માનવસહજ અમુક દોષ હોય એનો સ્વીકાર કરીએ, દેવ બનવાની કોઈ જરૂર નથી. એ શકય પણ નથી. પણ થોડે અંશે ચિત્તને વશમાં રાખીને આપણા હાથે કોઈ સારું કાર્ય થાય તો વધારે ઉત્તમ અને એ પણ ન થાય તો ખરાબ કામ તો ન જ થાય, કોઈનું બૂરું તો ન જ કરીએ, એટલું તો કરી જ શકાય.

દોસ્તો, ઈશ્વરે આપેલ જીવનનો ઉજળો હિસાબ તો આપવો જ રહ્યો. ઈશ્વરે આપેલ જીવન પોતને ડાઘાડૂઘી લગાડયા સિવાય પાછું સોંપી શકીએ એમાં જ જીવનનું ગૌરવ છે.

# કુદરતની કરામત તેમા આપણે કેટલા સલામત

**– કિશોરનાના** (મોરથાણા)

આપણા પર જયારે કુદરતી આફત ગમે ત્યારે આવી પડે ત્યારે તે આફત સામે ગમે તેટલો હિંમતવાળો માણસ તે ભાંગી પડે આ વર્ષની વાત કરીએ તો કુદરતે વાવાઝોડા માવઠાથી તેમાં ખેડુત ના બેહાલ નુકશાન થયુ તેમાં મજુરો પણ કામધંધા વગર અટવાયા ખેડુતોના ખેતરમાં વાવેલો પાક વધુ વરસાદથી ખેતરમાં પાણી ભરાયા કેટલાકનો પાક તૈયાર થયેલો મગફળી, કપાસ ખેતરમાં વધુ વરસાદથી નુકશાન થયુ વળી કેટલાક માલ માર્કેટમાં ખુલ્લા મેદાનમાં પલળી ગયો. હજુ આ નવેમ્બરમાં માવઠાથી ભર શિયાળે માવઠાથી નુકશાન થયુ બે વર્ષથી આ વાયરસ થોડો નરમ થાય ને પાછો હુમલો કરે કેટલા આ વાયરસના ભોગ બન્યા આ આફતમાં હોસ્પીટલોમાં જગ્યા ન મળે, દવા, ઈન્જેકશનનાં ડબલ ભાવ કાળા બજારમાં વેચાય, કેટલા મૃત્યુને ભેટયા, કોઈ જગ્યા એ તો ઘરના બધા જ વાયરસમાં આવ્યા, કોઈ ઘરમાં બે-ત્રણ સભ્યનાં મરણ થયા. આમ રોજ ઘણા મૃત્યુ થતા ત્યારે સમશાનમાં જગ્યા પણ ન મળે. આમ સીટીની આજુબાજુ ના સમશાનમાં લાવવા પડતા કેટલાક ખુલ્લા મેદાનમાં બાળવા પડતા તેમા લાકડા પણ ખુટી જતા આવી આફતનો પાર નહિ હમણા થોડા વખત પર નવો વાયરસ આફ્રિકાથી સપ્લાય થયો, આમ વાયરસમાં અનેક દેશો ઘેરાયેલા છે હજુ આ નવા વાયરસથી બચવા હજુ દવા કે કોઈ ઈન્જેકશન શોધી શકયા નથી. માણસો જયા જુઓ તો ટોળાને ટોળા જોવા મળે. બજારો, મંદિરો, ધાર્મિક સ્થળો પર માણસો ઉભરાય. હવે તો આપણે વાહન લઈને બહાર રોડ પર જવુ હોય તો આપણી સલામતી નથી આપણે વાંક ન હોય પણ સામે વાળો આવી પડે હવે તો ધોળા દિવસે લૂંટ-ફાટ-ખૂન થાય, કેટલા વ્યાજખોરોના ત્રાસથી, કેટલા ખંડણી માગે તે ત્રાસ કેટલાક દેવામાં ડુબી જાય, નોકરી છુટી જાય, કોઈ રસ્તો ન મળે ત્યારે નિરાશાથી નદીમાં ઝંપલાવે, કેટલાક ઝેર પીવા મજબૂર થાય, કેટલા પ્રેમી-પંખીડા કોઈ પણ ઉકેલ ન મળે તે રેલ્વે કે ઝેર પીને મરે, આવી ઘણી આફતો દરેક માણસ પાસે આવી પડે છે કેટલાકના ધંધા, રોજગાર બંધ થયા, નિરાશ થાય ત્યારે આપણી અગવડમાં ભગવાન જ ઉભો રહે, કેટલાક એવા વિચારવાળા કે આપત્તિ આપણે જ ઉભી કરતા છે મંદિરોમાં બજારોમાં હીલસ્ટેશન ખૂબ ભીડ કરીએ ને આફત નોતરતા છીએ હવે તો જંગલો પણ સલામત રહ્યાં નથી ત્યાંથી દિપડા, સિંહ ખોરાક માટે આપણા બારણે કે શેરીમાં ફરતા જોવામાં આવે છે. કેટલીક જગ્યાએ પર્વતમાળામાં હિમ વર્ષા થાય છે. હિમાલયના રસ્તામાં પહાડો પરથી શીલા ગબડે ને ત્યાં રસ્તા પહોળા કરવા ઝાડો કપાય, પર્વતની સાઈટ ખોદાય આથી આપણે કુદરતની આફતનો ભોગ બનીએ છીએ પણ માણસ વિચાર નથી કરતો કે કુદરત સાથે ચેડા કેમ કરીએ. પર્યાવરણ ખોરવાય જાય છે અગાઉના વખતમાં ચોમાસુ, શિયાળો, ઉનાળો એ બેલેન્સ જળવાયેલુ રહેતું પણ આજે પર્યાવરણને કેટલુ નુકશાન કરીએ છીએ. આપણામાં હતાશા નિરાશા આવે પણ કુદરત સાથે જીવતા શીખો. આપણે પેટ્રોલ કે શાકભાજી મોંઘવારીની બૂમો પાડીએ પણ કરકસર કયાં કરીએ. આપણે આ મહોલ્લામાંથી બીજા નજીક મકાનમાં જવા માટે બાઈક વગર જતા નથી હવે ચાલીને કોઈ જતુ નથી. હવે કોઈને મહેનત કરકસર કરવી નથી. ખેતી માટે મજુરો મળતા નથી વધુ પૈસા માગે ઓછુ કામને વધુ દામ એ વિચારે આપણા વડવાઓ કરકસરથી જીવન જીવી ગયા

હવે બિમારી પણ વધી તમોને કોઈ ઘર કે ગામ એવુ ન હોય કે ઘરમાં કોઈ સભ્ય સલામત ન હોય, કાંઈ કેન્સર, શુગર કે પ્રેશર, લકવો વગેરે બિમારીથી હેરાન થતા હોય હવે ખાવા પીવાની ફેશન વધી બહાર લારી ગલ્લા પર ભીડ જોવા મળે, પીઝા-બર્ગર-પાણીપુરી-ઢોસા-પંજાબી આઈટમ ખાતા હોય પણ એ સ્વચ્છ ચોખ્ખુ કેટલુ તે કોઈ તપાસ કરતુ નથી. હમણા દિવાળી, બળેવ, ચંદીપડવોમાં માવા મિષ્ટાન્ન ઘારી માવામાં ભેળસેળને કોઈને ખ્યાલ આવતો નથી. ભાવ ગમે તેટલો હોય પણ ખાવાવાળા તૈયાર હોય આપણે કોઈ ખાવાવાળાની ટીકા કરતા નથી પણ તમે જયા જાઓ ત્યાં સ્વચ્છતાં ચોખ્ખાઈ છે કે તે કોઈ જોતુ નથી આપણે આપણી તંદુરસ્તી શરીર સાથે ચેડા ન કરીએ સાત્વીક ને ચોખ્ખો ખોરાક પસંદ કરો તે આપણા શરીર ને અનુકુળ હોય એક ભાઈ લગ્ન પ્રસંગમાં સાથે જમવા બેઠા એમને સુગર વધુ રહે ઘરે પત્ની ખાવામાં ધ્યાન રાખે અહીથી મોજથી કેટલી મીઠાઈ શિખંડ ખાતા હતા ત્યારે બાજુવાળા ભાઈ કહે તમારે શુગર છે તો માપથી ખાવું જોઈએ ત્યારે કહે હસતા હસતા જવાબ આપે સાંભળો એમ તો મરવાના છે તો પછી ખાઈને કેમ ન મરીએ આપણને ભગવાને શરીર આપ્યુ પણ જીવન જીવતા શિખી જવુ પડે. આપણા પર ગમે તેટલી અગવડો આવે પણ એ હિંમતથી સહન કરતા શીખી લેવુ પડે. આપણે કાળજીથી જીવન જીવીશું તો તંદુરસ્તી તમારા હાથમાં જ છે આપણા જીવનમાં આ કુદરતી હોનારત માવઠા, વરસાદ, વાયરસમા બચીને જીવી જવાનું છે એજ અગત્યનું છે.


॥ જય ગુરૂદેવ ॥

# નામદાની એડર્વટાઈઝીંગ

**દિલીપ નામદાની** 99250 13973

**ગીતા નામદાની** 95865 62895

તમામ જાણીતા પેપર

સંદેશ | ગુજરાતમિત્ર | ગુજરાત સમાચાર | દિવ્ય ભાસ્કર

તેમજ અંગ્રેજી અખબારમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો

**તમામ પેપરોમાં શ્રદ્ધાંજલિ, બેસણું, અવસાન નોંધ, જાહેર નોટિસ પ્રસિદ્ધિ તથા જાહેર ખબર આપવા ઉપરનાં વોટસઅપ નંબર પર મોકલવી.**

**ઘર બેઠા સર્વિસ મળશે.** **દિલીપ બી. પટેલ**

# "મહિલા"

"પત્ર.... નાયેસ્તુ.... પૂજન્તે... તત્ર વસતિ... દેવતા...
જયાં નારી પુજાય છે ત્યાં દેવતાનો વાસ છે.

## એક એવો તે 'વર' જોજો વડીલો...

– સંકલન

વહાલસોયી દીકરી યુવાનીમાં પગ માંડે ત્યાં તો તેના માતા-પિતા તેના માટે યોગ્ય મુરતિયો શોધવાની પળોજણમાં પડી જાય છે. જો કે પુત્રીના લગ્નની ચિંતા તો તેના જન્મ સાથે જ શરૂ થઈ જાય છે. અગાઉના સમયમાં માતા-પિતા અથવા ઘરના વડીલો દીકરી માટે જે યુવક પસંદ કરે તેની સાથે કન્યા ચૂપચાપ સાત ફેરા લઈને પોતાનો સંસાર માંડી દેતી. પણ હવે સમય અને વિવાહના માપદંડ સમગ્ર પણે બદલાઈ ગયા છે, મુરતિયાના ખાનદાન કરતાં મુરતિયાને જ વધારે મહત્ત્વ અપાઈ રહ્યું છે ત્યારે સૌથી મહત્વનો પ્રશ્ન એ થાય છે કે લગ્ન માટે કેવો યુવક પસંદ કરવો ? તેના ગુણ ટૂંક સમયમાં અને ટૂંકી મુલાકાતો દ્વારા શી રીતે જાણી શકય ?

સૌથી પહેલા તો કન્યાએ પોતાની જાતને એ પ્રશ્ન પૂછી લેવો જોઈએ કે તેને કેવો જીવનસાથી જોઈએ છે ? જયાં સુધી તે પોતાના વિચારો અને ધ્યેયમાં સ્પષ્ટ નહીં હોય ત્યાં સુધી તે યોગ્ય જીવનસાથીની પસંદગી નહીં કરી શકે. કારણ કે જો પતિ-પત્ની બેઉ સમાન વિચારસરણી ધરાવતા હોય અને બન્નેના ઉદેશ્ય મળતાં આવતા હોય તો બેઉ એકમેકના પૂરક બની રહે છે. ઈન્દ્રા નૂયી સહિતની ભારતની મોટા ભાગની વ્યાવસાયિક મહિલાઓએ પોતાના જીવનસાથીની પસંદગી વખતે આ વાતને સૌથી વધુ મહત્ત્વ આપ્યું હતું. પરિણામ આપણી સામે છે. આજે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કામિયાબ વ્યાવસાયિકાઓ પુરવાર થઈ રહી છે. તેઓ પુરુષ સમોવડી નહીં, પરંતુ પુરુષો કરતાંય અનેકગણી આગળ છે. તેથી જ નિષ્ણાંતો કહે છે કે લગ્ન પૂર્વે છોકરા-છોકરીએ એકમેકની વિચારસરણી જાણી લેવી જોઈએ.

સ્ત્રી જયાં ભાવનાત્મક સુરક્ષા અનુભવે ત્યાં જ તેણે લગ્ન કરવા જોઈએ. અહીં ભાવનાત્મક સુરક્ષાને બે અર્થમાં લઈ શકાય. એક, પુરુષ તેની લાગણી અને સંવેદનાઓને સમજી શકે અને તનો યોગ્ય પ્રતિભાવ આપી શકે. બીજું, માનુની નિર્ભય બનીને પોતાની દરેક વાત પોતાના પતિને કહી શકે. કોઈ પણ વાત સાંભળ્યા પછી પતિ તરફથી તેની અવહેલના કરવામાં નહીં આવે એવી ખાતરી અને વિશ્વાસ યુવતીમાં નિર્માણ થવી જોઈએ. જે યુવકમાં આ ગુણ દેખાય તે પુરુષ સારો જીવનસાથી પુરવાર થઈ શકે.

ભાવિ જીવનસાથીની સંવેદનશીલતા ચકાસી લેવી પણ અત્યંત આવશ્યક છે. તે જો લાગણીશીલ હશે તો તમારી સાથે સરળતાથી અનુકૂલન સાધી લેશે. વળી તે તમારા માટે કેટલો અને કેવા પ્રકારનો

ભોગ આપી શકે તે પણ તપાસી લેવું જોઈએ. અહીં ભોગનો મતલબ છે સામી વ્યકિતને ભરપૂર સુખ પ્રદાન કરવું. એકમેક સાથે એડજસ્ટમેન્ટ કરવાની કે થોડું ઘણું જતું કરવાની ભાવના ન હોય એવા દંપતીનું લગ્નજીવન ખરાબે ચડતાં વાર નથી લાગતી. છેવટે મોટા ભાગના કિસ્સાઓમાં સ્ત્રીઓને જ નમતું જોખવું પડે છે. બહેતર છે કે આ બાબતમાં ભાવિ પતિને સારી રીતે પિછાણી લો. જેમ કે યુવકને જે વ્યકિતની નિયમિત જરૂર ન પડતી હોય એવા લોકો સાથે તેનું વર્તન સૌમ્ય છે કે ઉદ્દંડ. આવા લોકોમાં ટેકસી ડ્રાઈવર, હોટલના વેઈટર કે બસ કન્ડકટરનો સમાવેશ કરી શકાય. જો યુવક આ લોકો સાથે સલુકાઈથી વર્તે તો તેં તમારી સાથે પણ એડજસ્ટ થઈ શકશે. આ ઉપરાંત તે પોતાના પરિવાજનો સાથે શી રીતે વર્તે છે તે જાણી લેવું પણ આવશ્યક છે.

મુરતિયો ઈમાનદાર છે કે નહીં તેની ખાતરી કર્યા વગર આગળ ન વધવામાં જ ભલાઈ છે. જો તે પોતાના વ્યવસાયમાં, સંબંધીઓ અને મિત્રો સાથે બેઈમાની કરશે તો તેની આ આદત તમારી સાથે પણ દોહરાવશે. વૈવાહિક જીવનમાં અપ્રમાણિકતા જિંદગીને નરકની ગર્તામાં ધકેલી દે છે.

આ બધા ગુણ-અવગુણની તકેદારી સાથે અન્ય એક પ્રશ્ન પણ ખૂબ મહત્ત્વનો છે. ભાવિ પતિનું વ્યકિતત્વ પ્રભાવશાળી હોવું જોઈએ કે તે ધનવાન હોવો જોઈએ. નિષ્ણાતો કહે છે કે પૈસો જીવનનો અવિભાજય અંગ છે. આજની તારીખમાં દરેક ક્ષેત્રે નગદ નારાયણની બોલબાલા છે ત્યારે પૈસાનું મૂલ્ય ઓછું ન આંકી શકાય. પરંતુ લગ્ન કરવા માટે માત્ર પૈસાને જ મહત્ત્વ આપવું બહુ મોટી ભૂલ ગણાશે. તે વ્યકિત પાસે પૈસો ખોટાં કામ કરીને તો નથી આવ્યોને ? તે તપાસી લેવું જરૂરી છે. ખોટા રસ્તેથી આવેલી શ્રીમંતાઈ પોતાની સાથે બીજું ઘણુ બધું તાણતી જાય છે. વળી બેઈમાનીથી રૂપિયા રળનાર વ્યકિત તમારી સાથે શી રીતે ઈમાનદાર બની શકશે ? પરંતુ જો મુરતિયાનું વ્યકિતત્વ પ્રતિભાશાળી હોય, તે બુધ્ધિશાળી, મહેનતુ અને ખંતીલો હોય તો તે આપબળે આગળ વધી શકે. આવી વ્યકિતને જો વારસાગત દોલત મળે તોય તે છકી જવાને બદલે સંયમમાં રહી શકે અને પૈતૃક સંપત્તિની સાચવણી સુપેરે કરી શકે. આ ઉપરાંત તે નિર્વ્યસની છે કે નહી તે જાણી લેવું આવશ્યક છે. કોઈ પણ જાતનું વ્યસન વહેલોમોડો વિનાશ નોંતરીને જ રહે છે. ચાહે તે લત દારૂની હોય, જુગારની હોય કે વ્યભિચારની. વળી આ આદતમાંથી મુકિત મેળવવાનું અત્યંત કઠિન છે. વ્યસન છોડી દીધેલી વ્યકિતઓ પણ ફરી પાછી તેના તરફ વળતી હોય છે એવા દાખલાઓનો તોટો નથી. બહેતર છે કે દીકરી માટે મુરતિયો જોતી વખતે આ બાબત પ્રત્યે પણ ખાસ ધ્યાન આપવામાં આવે.

## H.S.C. પરીક્ષામાં પાટીદાર પ્રતિભા ઝળકે...

### H.S.C. (બોર્ડ)



**નામ** : દત્ત ભૂપેન્દ્રભાઈ કુમદભાઈ પટેલ
**ગામ** : ડુંગરા
**ટકા/ગ્રેડ** : 92.00%



**નામ** : વિશ્વા ધવલભાઈ ધનસુખભાઈ પટેલ
**ગામ** : છાપરાભાઠા
**ટકા/ગ્રેડ** : 90.00%

**નોંધ : S.S.C. અને H.S.C. પરીક્ષામાં માત્ર A1 અને A2 મેળવેલ વિદ્યાર્થીના જ સમાચાર છપાય છે. જેની નોંધ લેશો – 'નામદાની'**

# દાંપત્ય ખીલશે તો ગૃહસ્થજીવન મહેકશે

**– ઈના કંદર્પ દેસાઈ**

ગૃહસ્થજીવન સારું હોય, પરંતુ દાંપત્ય જીવન સારું હોય એવા વિધાનથી અચંબામાં પડશો નહીં. સામાન્યપણે આપણે ગૃહસ્થજીવન અને દાંપત્યજીવનને એકબીજાના પર્યાય શબ્દ માની લઈ, એક સંદર્ભમાં શબ્દપ્રયોગ કરીએ છીએ, પરંતુ ગૃહસ્થાશ્રમ આશ્રમ અને દાંપત્યજીવનમાં દશશેરા જેવો ભેદ છે. આજના સમયમાં દાંપત્યજીવન એક સંઘર્ષકાળમાંથી પસાઈ થઈ રહ્યું છે.

ગૃહસ્થજીવનને આપણે લગ્નના પ્રસંગે બાંધેલો માંડવા સાથે સરખાવી શકાય. એમાં વર/વધૂ, એમના કુટુંબીજનો, મહેમાનો કામકાજ કરતાં નોકરો, ચાકરો, બધાની જ કયાંક ને કયાંક અવરજવર થતી હોય છે અને જરૂર પડતી હોય છે. ગૃહસ્થાશ્રમનો ધ્યેય ભારતીય દ્રષ્ટિએ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા અનેક લોકોની આર્થિક અને સામાજિક જવાબદારીઓનો સ્વીકાર કરી કર્તવ્ય હળીમળી પ્રેમથી પૂરાં કરવાનો છે. ત્યારે દાંપત્ય જીવન આ લગ્નના માંડવામાં બનેલા માયરામાં બેઠેલા વરવધૂ પૂરતો મર્યાદિત છે. દાંપત્યજીવન બંનેનું આંતરિક એકત્વ સુધી જ રહ્યું છે.

ગૃહસ્થજીવન એટલે લીંબુચમચીના દોડમાં ભાગ લેતાં ગૃહસ્થ પતિ-પત્ની જે પોતપોતાની ડાહ્યાં અને સમજુ હોય તો પોતાની ક્ષમતા અને કાર્યકુશળતા પ્રમાણે ગૃહસ્થ જવાબદારી નિભાવી સામાજિક મોભો અને સ્થાન મેળવે છે અને બાહ્ય સ્વરૂપે આકર્ષક અને આદર્શ લાગે છે. દાંપત્યજીવન એટલે ત્રણપગા દોડ. પતિ-પત્ની એકબીજાં સાથે જોડાણની  જવાબદારી સ્વીકારે છે. પોતાની અને એકબીજાની શકિત અને મર્યાદાઓ સ્વીકારી તેમાં યોગ્ય સમન્વય સાધે છે. એકબીજાનાં સાથસહકારથી તેઓ જીવનની હોડમાં આગળ વધે છે અને મનમેળનું પ્રમાણ વધારે હોય છે. પોતાની શકિતથી કોઈ છકી નથી જતું, બીજાની નબળાઈ સાંચવી લેવાનો ભાવ ધરાવે છે.

જો દાંપત્યજીવન સુખી ન હોય તો ગૃહસ્થજીવન લાંબાગાળે પ્રતિકૂળ દબાણમાં આવી પાણીપૂરીની પૂરીનો ચૂરો થઈ જતાં વાર લાગતી નથી. ઊંડા વાસણમાં રહેવું ગંદુ પાણી થોડા સમય પછી ઉપર ચોખ્ખ્યુ નજરે આવે છે, કારણકે કચરો નીચે બેસી જતો હોય છે. સાચવીને આ ચોખ્ખુ પાણી decant (બીજા વાસણમાં રેડવાની પ્રક્રિયા જેના નીચે જમા થયેલો કચરો રહી જાય છે) કરી ચોખ્ચુ પાણી મળે પણ ખરું પણ કેટલું ચોખ્ખું છે એ કહી શકાય નહીં. તેમ જ ગૃહસ્થજીવન ઉપરનાં ચોખ્ખાં પાણી જેવું નજરે પડે છે પણ નીચે બેસી રહેલો દાંપત્યજીવનનો કચરો કંઈક બીજું જ સૂચવે છે. પોતાની શકિતઓના પ્રદર્શનમાં મદ થયેલી વ્યકિત ગૃહસ્થજીવનનો મોભો જાળવવામાં સફળતા પામે છે, પરંતુ આખરે તો દાંપત્યજીવનનો સડો ગૃહસ્થજીવનને કોતરી ખાય છે.

અંતરની વેદના વધુને વધુ ઊંડાણમાં ઊતરતી જાય અને આંતરજીવનને કોતરતી જાય છે, બંને પતિપત્ની અંદરથી એકત્વ સાધી શકયાં નથી અને દાંપત્યજીવન નિષ્ફળ જાય છે. પતિમાત્ર ભૌતિકલક્ષી હોય છે, કમાણી કરવામાં મગ્ન હોય છે. બીજી બાજુ પત્ની ખાવો, પીઓ અને વૃત્તિજન્ય જીવોમાં માનનારી અને અજંપા - syndrome માં જીવવાની આદત પડી હોય તો એ પતિની સહધર્મચારિણી હોવા છતાં સહભાગીપણામાં ખાલીપો વર્તાય છે.

પ્રસંગોપાત્ત વિવેક ખાતર જ જોડે ઘડીભર રહેતાં પણ દરરોજ બંને પોતાની ભીતરી સૃષ્ટિમાં

તદ્દન અલગ હોય, તેઓ સમગ્ર જીવન એક વ્યવસ્થા તરીકે જીવે છે. 'ડાયનિંગ ટેબલ' પર માત્ર ઔપચારિક સંવાદ રહે છે. સૌ પોતાના કામમાં નીરાલી રીતે જીવન જીવે જાય છે. ઘરના પુરુષને એવી ટેવ સદે છે. આમજીવનનાં જીવન બરબાદ થાય છે.

પતિપત્ની સહઅસ્તિત્વ ધરાવતાં હોય છે. પણ સહજીવનનો કોઈ પત્તો જ નથી હોતો. બંનેમાં રહેલી લક્ષણ, ભિન્નતાનો સ્વીકાર, માનસિક તૈયારી અને નિખાલસ ચર્ચાઓથી થવો જોઈએ. એક ઉદ્યોગપતિએ સફળ પતિ થવા સમય કાઢવો જરૂરી છે. નહીં તો આલીશાન બંગલાની અગાશીમાંથી નીચે ઝાંકતી ઉદ્યોગપતિની પત્ની મજૂરી કરીને પેટભરનાર યુગલનાં પ્રેમભર્યા સહવાસથી ઈર્ષા કરે એ દિવસ દૂર નથી.

એક કવિએ પોતાની પંકિત દ્વારા સૂચવ્યું છે કે 'ભલે ગણિતે એક ને એક બે થાય, તમે બે બે ના એક થજો' પતિપત્નીમાં ખાસ સાચવવાનું હોય તો તે છે પરસ્પરની વફાદારી. બીજુ બધું બગડેલું હોય, પણ આ જો સાચવશો તો બીજુ બધું સુધારી શકાશે.

શ્રી ભૂપત વડોદરિયાએ લગ્નના પંચશીલ તરીકે (૧) પરસ્પર પ્રેમ, (૨) અન્યોન્ય માટે આદર ભાવ, (૩) એકમેકની વફાદારી, (૪) એકબીજાની સમાનતાનો સ્વીકાર અને (૫) સહિયારી જવાબદારીઓની ભાવના ગણાવી છે.

દાંપત્ય ખીલશે તો ગૃહસ્થજીવન મહેકશે.

## છેલ્લે તો આપણે બે જ હોઈશું.

ભલે ઝઘડિયે, ક્રોધ કરીએ એકબીજાંના પર તૂટી પડીએ.
એકબીજાં પર દાદાગીરી કરવા, છેલ્લો તો આપણે બે જ હોઈશું
જે કહેવું હોય તે કહી લે, જે કરવું હોય તે કરી લે.
એકબીજાંના ચશ્મા શોધવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.
હું રીસાઈશ તો તું મનાવજે. તું રીસાઈશ તો હું મનાવીશ.
એકબીજાંને લાડ લડાવવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
આંખો જયારે ઝાંખી થશે, યાદશકિત પણ પાંખી થશે,
ત્યારે એકબીજાને એકબીજાંમાં શોધવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.
ઘૂંટણ જયારે દુખશે, કેડ પણ વળવાનું મૂકશે,
ત્યારે એકબીજાંના પગના નખ કાપવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.
"મારા રીપોર્ટ્સ તો તદ્દન નોર્મલ છે, આઈ એમ ઓલ રાઈટ."
એમ એક કહીને, એકબીજાંને છેતરવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.
સાથે જયારે છૂટી જશે, વિદાયની ઘડી આવી જશે,
ત્યારે, એકબીજાંને માફ કરવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.

સંકલન : વ્રજેશ ગાંધી

# મૌનનો મહિમા

– દિનેશ કાનાણી

કાલે તમને કદાચ નોકરી કરતી એક સ્ત્રી મળશે,

પણ જરા, આટલી વાતો ધ્યાનમાં રાખીને એને પરણજો.

આ એક એવી યુવતી છે, જે તમારા જેટલું જ ભણેલી છે, અને લગભગં તમારા જેટલું જ કમાય છે. એને પણ તમારાં જેવાં જ સપના-આકાંક્ષાઓ છે, કારણ, એ પણ તમારા જેવી જ 'મનુષ્ય' છે. એણે પણ તમારી કે તમારી બહેનની જેમ જ રસોડામાં કદી પ્રવેશ નહોતો કર્યો, કેમ કે એ પણ ભણવામાં વ્યસ્ત હતી.

એક એવી 'સિસ્ટમ' સાથે એ લડી રહી હતી, જે ઘરકામની આવડત ધરાવતી છોકરીઓને કોઈ વિશિષ્ટ સવલતો આપતી નથી. એણે પણ પોતાનાં મા-બાપ તથા ભાઈ-બહેનોને જીવનના ૨૦-૨૫ વર્ષો સુધી એટલો જ પ્રેમ કર્યો છે, જેટલો તમે તમારા કુટુંબીઓને કરો છો.

આ એ સ્ત્રી છે, જે પાતાનું ઘર, પોતાના સ્વજનો, બધાને બહાદુરીપૂર્વક છોડીને તમારું ઘર, તમારું કુટુંબ, તમારી જીવનશૈલી, અરે, તમારી અટક સુધ્ધાં અપનાવવા તૈયાર થઈ છે.

પ્રથમ દિવસથી જ, એ રસોઈમાં પારંગત હોવાનું ધારી લઈ, નવી પરિસ્થિતિ, વાતાવરણ અને રસોડાની અંદરની એની કપરી અવસ્થા વિશે અજાણ રહી તમે આરામ ફરમાવો છો.

એ યુવતી કે જેની પાસેથી અપેક્ષા રખાય છે કે સવારે પહેલું કામ એ ચા બનાવવાનું કરે ને દિવસને અંતે પણ રાંધી શકે. એ કદાચ તમારા જેટલી જ કે એથીય વધુ થાકેલી હોય, ને છતાંય એક નોકર, એક રસોયણ, એક માં, એક પત્ની, આ બધાં પાત્રો ભજવવા સામે એ ફરિયાદ ન કરે, એવી આશા રખાય.

તમે એની પાસેથી શું ઈચ્છો છો, એ વાત તમારી જેમ જ એ પણ જાણતાં શીખી રહી છે.

એ જાણે છે કે એની બહુ માગણીઓ પણ તમને નહીં ગમે.

એને પણ પોતાનું મિત્ર-વર્તુળ છે, જેમાં છોકરાઓ પણ છે, અને કામને સ્થળે પુરુષો પણ છે.

એ મિત્રોને એ નાનપણથી જાણે છે, છતાં એ સૌને એ પાછળથી બાજુ રાખવા ઈચ્છે છે, જેથી તમારી તર્કહીન અદેખાઈ, બિનજરૂરી હરીફાઈ અને તમારી અંદર છુપાયેલી અસલામતી છંછેડાય નહીં.

હા, એ પણ તમારી જેમ જ મિત્રો વચ્ચે નાચી-ગાઈ શકે છે, પણ તે એમ કરશે નહિ - ખુદ તમે કહેશો તો પણ નહિ. કેમ કે તમને જ નહિ ગમે.

કામના સ્થળે કોઈ વાર સમયમર્યાદામાં કામ પતાવતાં એને પણ તમારી જેમ મોડું થઈ શકે છે.

એના જીવનના, તમારી સાથેના આ સૌથી વધુ અગત્યના સંબંધને સફળ બનાવવા એ ઉત્તમ પ્રયત્નો કરે છે. બસ, જો તમે એનામાં વિશ્વાસ મૂકો, એને થોડી મદદ કરો તો - તમારા આખા ઘરમાં તમને એકને જ એ ઓળખતી હોઈ, તમારી પાસેથી એક જ અપેક્ષા રાખે છે. તમારો પૂરતો ટેકો, તમારી લાગણીઓ, અને સૌથી વધુ તો તમારી સમજદારી, એટલે કે તમારો પ્રેમ.

- પણ... બહુ ઓછા પુરુષો આ બધું સમજે છે... તમે એની યોગ્ય કદર કરશોને ?

# "માણસ"

"ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન માણસ... શિક્ષણ... સંસ્કાર
થકી મોંઘેરી જણસ...!"

## સારા માણસ બનવાનું ગમે છે ?

**નીલમ દોશી**

સારા માણસો બધાને ગમે છે પણ સારા માણસ બનવાનું કેટલાને ગમે છે ?

હે પરમાત્મા, ગઈકાલથી મેં તારી સાથે દોસ્તી બાંધીને મારા જીવનની એક નવી શરૂઆત કરવાનું મારી જાતને વચન પણ આપ્યું છે. આજ સુધી જે જિવાયું છે સારું કે ખરાબ જેવુ છે. એ બધું ભૂલી જવું છે. આજે મારું જીવન જેવું પણ છે એને એનાથી થોડું વધારે સારું બનાવવાની આ મારી મથામણ અવિરત ચાલુ રહે એ જ મારી પ્રાર્થના છે. નવી કેડીએ ચાલવાનું શરૂ કર્યું છે. ગતિ ધીમી પણ હોઈ શકે. પણ અટકશે તો નહીં જ. બસ, એ શ્રદ્ધા સાથે જ જીવતરની આ યાત્રા નવેસરથી શરૂ કરી છે.

હે ઈશ્વર, મને જાણ છે કે હું મારી અનેક આદતોનો બંદીવાન બની ગયો છું. મેં પોતે રચેલા કેદખાનામાં પૂરાઈ ગયો છુ. ફૂલ પર રહેલા ઝાકળનું સૌંદર્ય માણતા મને નથી આવડતું, આસપાસના કોલાહલમાં ડૂબીને મારા કાન એવા બહેરા બની ગયા છે કે પંખીનો કલરવ કે ઝરણાનું ખળખળ સાંભળવાથી હું વંચિત જ રહી જાઉ છું. હું મારી દુન્યવી ચિંતાના ઘૂઘવતા દરિયામાં એવો તો રમણ થઈ ગયો છું કે મારી ચોપાસ પથરાયેલા કુદરતના સૌંદર્ય અને સંગીતથી અજાણ જ રહી જાઉ છું. અનેક આવરણોમાં હું જાણે વીંટળાઈ ગયો છું. એક પછી એક એ આવરણોને દૂર કરવાના મારા પ્રયાસોમાં, હે પરમાત્મા, તું મને સાથ આપીશ ને ?

હે પરમાત્મા, હું જાણું છું કે, હજુ આપણા બે વચ્ચે કોઈ સેતુ નથી રચી શકાયો. હજુ તો આપણી વચ્ચે દીવાલ છે અને આ દીવાલ મેં જ રચી છે. એની યે મને જાણ છે. આ દીવાલ, મારા અહમ્, મારા રાગ-દ્વેષ, લોભ, મોહ અને મનના અનેક કાવા-દાવાઓથી રચાઈ છે. પણ ઈશ્વર, આજે જયારે મેં આ દીવાલ દિલથી કરીને તારી તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો છે, ત્યારે હે કરૂણાસાગર, મારી ભીતરની એ દીવાલ તોડવામાં મને તું સહાય તો કરીશ ને ? મને જાણ છે કે મારો રસ્તો આસાન નથી અને હું એક સામાન્ય, અદનો માણસ છું. બની શકે કદીક થાકીને બેસી પણ જાઉ. અવારનવાર હિંમત હારી બેસું એવું તો થતું જ રહેવાનું, પરંતુ હે કૃપાળુ, હું ડગી ન જાઉ અને હારીને કે નિરાશ બનીને પ્રયત્નો છોડી ન દઉ એ માટે મારી સાથે રહી ને ? મને વિશ્વાસ છે કે જો મારા પ્રયાસો સાચા દિલના હશે તો મને તારો સાથ મળવાનો જ છે.

સૌ પ્રથમ તો હે પરમાત્મા, આજે ફરી એકવાર જાગી શકાયું એ માટે દિલથી આભાર. અનેક લોકો સૂતા પછી બીજી સવાર જોઈ શકતા નથી. એ હું જાણું છું. પણ તેં મને એક વધુ સવારની અણમોલ ભેટ આપી છે. હવે એ સવારને વેડફું નહીં, એને વધારે સુંદર બનાવવાની જવાબદારી તો મારી જ કહેવાય. પણ હે કરૂણાસાગર, તારી મદદની જરૂર તો મને ક્ષણે ક્ષણે પડવાની જ ને ? તું મારો પરમ સખા બનીશ ને ? મને રસ્તો બતાવીશ ને ? મને જાણ છે કે તને સખા બનાવવા માટે મારે પાત્રતા કેળવવી પડશે. એ પાત્રતા કેળવવા માટે હું પૂરા દિલથી સંનિષ્ઠ પ્રયાસ કરીશ. પણ કયારેક એમાં ચૂકી જાઉ, કદીક થાકી જાઉ કે હારી જાઉં, ભૂલ કરી બેસું, કદીક નિરાશ બનીને બેસી રહું એવા સમયે પણ હે ઈશ્વર, તું મારો સાથ છોડી તો નહી દે ને ? કદીક ખીજાઈને, કદીક કોઈ રૂપે ઠપકો આપીને, નાની મોટી સજા કરીને પણ આખરે તો તું સાથ આપીશ જ ને ? આખરે તો હું તારું સર્જન, તારો જ એક અંશ છું ને હું ખોટે રસ્તે ન ચાલુ એ જોવાની તારી પણ ફરજ ખરી કે નહીં ? મારો કાન પકડવાની તને છૂટ છે. મારી ભીતર બેસેલો તું મને બસ રસ્તો ચીંધતો રહેશે. એ રસ્તે ચાલવાની મારી જવાબદારી હું નિભાવીશ. હે પરમાત્મા, આજે હું તને જ નહીં મારી જાતને વચન આપું છું. હું છું એના કરતા ભલે થોડોક જ, પણ વધારે સારો માનવ બનવાની કોશિશ કરતો રહીશ. સફળતા કે નિષ્ફળતા એની મને જાણ નથી. પણ મારી મથામણ તો ચાલુ રહેશે જ.

મારા મનમાં ચાલતા સારા, નરસા દરેક વિચાર તારી સમક્ષ ઠાલવીને હળવા બની રહેવાનો મારો આ ઉપક્રમ છે. મારી ભીતરની આરઝૂ અહીં વ્યકત કરવાનો પ્રયાસ કરીશ. મારા દોસ્ત, બનીને પૂર સહહૃદયતાથી તું મારી વાત સાંભળીશ ને ? મને જાણ છે આજે તું અમારાથી નિરાશ થયો છે. તારી પરીક્ષામાં અમે સૌ ઊણા ઉતર્યા છીએ. પણ હે સખા, છતાં યે હું તને એટલો વિશ્વાસ અપાવવાં માગું છું કે મારી અંદરની સારપ ઝાંખી જરૂર પડી છે પણ સાવ નષ્ટ નથી થઈ. ઊંડે ઊંડે કયાંક એકાદ નાનકડી ચિનગારી, એકાદ તણખો હજુ પ્રગટી રહ્યો છે એમ કહું તો હે ઈશ્વર, તું મારી વાત સ્વીકારીશ ને ?

હે ઈશ્વર, મને એટલી જાણ તો અવશ્ય છે જ કે, તેં મને પશુ નહીં માનવી બનાવ્યો છે. તો મારી પાસેથી તારી અપેક્ષા પણ થોડી વધારે હોવાની જ. તેં માનવી માત્રમાં ભીતરની શકિતનું એક નાનકડું બીજ જરૂર મૂકયું છે. અને એ બીજને વિકસાવવામાં મદદરૂપ થાય એ માટે વિવેકબુધ્ધિ, વિચારશકિત પણ આપી જ છે. હવે એને વિકસાવવાની મહેનત કરવાનું મારું પરમ કર્તવ્ય છે. એ માટે પૂરી નિષ્ઠાથી મથતા રહેવાનું મારું જીવન કાર્ય છે. એટલી સમજણની ચિનગારી પણ તારી કૃપાથી જ મારી ભીતર પ્રગટી છે. ત્યારે એ ચિનગારી જલતી રહે, રોજ રોજ વધારે પ્રજવલિત થતી રહે એ માટે મારા પ્રયત્નોમાં હું કોઈ કચાશ નહીં જ રાખું. હે પ્રિય સખા, તું અદ્રશ્યપણે પણ મારી સાથે દરેક પળે રહીશ ને ?

લિ. તારો જ એક અંશ, માનવ.

# ઈશ્વર અલ્લાહનું સાચું સરનામુ એટલે માણસ !

**ખલીલ ધનતેજવી**

સમગ્ર પ્રાણીજગતમાં સૌથી શ્રેષ્ઠ માનવપ્રાણી છે ! કુરઆનમાં માણસ માટે 'અશ્રફુલ મખલૂકાત' જેવો શબ્દપ્રયોગ ! અર્થાત, સમગ્ર પાણીઓમાં માણસ જ સર્વોચ્ચ પ્રાણી છે ! એ શા માટે સર્વોચ્ચ છે ? સમગ્ર પ્રાણીઓમાં એ શી રીતે નોખો કહી શકાય ? ભૂખ અને તરસ બધાને લાગે છે. બધાને ખોરાક અને પાણીની જરૂર પડે છે | ઊંઘ, આહાર અને મૈથુન વિગેરે ખાસિયત બધા પ્રણીઓને હોય છે એમ જ માણસને પણ હોય છે. તો પછી માણસમાં એવી કઈ વિશેષ ખાસિયત છે કે જે અન્ય પ્રાણીઓમાં નથી અને જેને લઈને માણસને સર્વોચ્ચનો દરજજો પ્રાપ્ત થયા છે ?

એમ કહેવાય છે કે માણસ પાસે વિચાર જેવી મહામૂલી સંપત્તિ છે, જે અન્ય પ્રાણીઓ પાસે નથી ! જો એ આ સાચું હશે તો પણ તદ્દ્ન સાચું તો નથી જ ! પક્ષીઓ સંતોત્તપત્તિ ખળ માટે માળો બાંધ છે ! આ બાબત વિચાર વિના શકાય નથી ! ઈંડા મુકવાના થાય ત્યારે એને માળો બાંધવાનો વિચાર આવતો હશે. પ્રથમ માળાનો વિચાર આવે છે અને માળો પછી આવે છે ! આમ પક્ષીઓ પણ વિચારી શકે છે! માણસ જાત એ મૂળભૂત રીતે કુદરતનો પક્ષપાત છે ! કુદરતના એ પક્ષપાતના કારણે જ માણસજાત સર્વોચ્ચ ગણાય છે ! અથવા કુદરતને એક સર્વોચ્ચ મખલૂક પેદા કરવાનો વિચાર આવ્યો હશે ને એણે માનવજાતનું સર્જન કર્યુ ! સર્વોચ્ચ થવા માટે માણસે કોઈ સમજપૂર્વકનાં પ્રયત્નો નથી કર્યા. કુદરતે એને સર્વોચ્ચ બનાવવો હતો તે બનાવ્યો. કુદરતે બધા જ પ્રાણીઓના મોઢામાં જીભ મૂકી છે. પરંતુ બોલવાનું અને વાતચીત કરવાનું વરદાન એકલા માનવીને જ આપ્યું છે. આ પક્ષપાત નહિ તો બીજું શું કહેવાય ? માનવજાત પ્રત્યે પક્ષપાત દાખવીને કુદરતે પોતાનો જ સ્વાર્થ સિધ્ધ કર્યો છે ! એ સિધ્ધિ એટલે માનવજાતનું સર્વોચ્ચપણું ! માણસ માત્ર સર્વોચ્ચ જ નહિ ! મંદિર મસ્જિદમાં ઈશ્વર અલ્લાહ નહીં જડે. માણસ પાસે જ જવું પડે ! માણસ કુદરતનું સરનામુ જડે છે ! એટલું જ નહિ ઈશ્વર અલ્લાહની ઓળખ લઈઝો માણસ આવ્યો છે. માણસ ન હોત તો ઈશ્વરને કે અલ્લાહને કોણ ઓળખવાનું હતું ? આમ પોતાની ઓળખ માટે જ કુદરતે માણસને પેદા કર્યો છે અને પક્ષપાત પણ કર્યો છે ! માણસમાં વિચારશકિત સાથે અખૂટ સમજદારી પણ આપી છે. વ્યવહારકૂશળતા અર્પી છે, વાણી આપી છે અને વાણી વિવેકની સમજણ પણ આપી છે ! અને એથી જ સમગ્ર પ્રાણીઓમાં માણસ સૌથી નોખો તરી આવે છે !

પક્ષીઓ પ્રસંગોપાત માળો બાંધે છે ! ઈંડા મૂકવા જેવા પ્રસંગ માટે માળો બાંધે છે ! બચ્ચાં ઉડવા માંડે એ સાથે જ માળો છોડી દેતા હોય છે. એમને પરિવારની દેખભાળની કશી ચિંતા હોતી નથી ! અહિ માણસ નોખો પડે છે. માણસ ઘર બાંધીને પરવારી જતો નથી. ઘર બાંધ્યા પછી ઘર વસાવવું પણ પડે છે !

"ઘર તો તારાથી ખરેખર ઘર થયું, જે કશું ખૂટતું હતું સરભર થયું !"

ઘર વસાવ્યા પછી ઘરનું ગુજરાન પણ ચલાવવું પડે છે ! એણે પોતે જ ઉભા કરેલા રીત-રિવાજો પણ નિભાવવા પડે છે, એને માત્ર પેટની ભૂખ સંતોસવા પૂરતી ચિંતા નથી હોતી ! સામાજિક રીતરિવાજો અને સામાજિક તહેવારો અને વહેવારોને પહોંચી વળવા માટેની આર્થિક જરૂરિયાતો પૂરી

કરવા એને કમાવુ પણ પડે છે. અન્ય પ્રાણીઓને ખોરાક મળી જાય, પેટની ભૂખ સંતોષાઈ જાય એટલે નિરાંત ! માણસને આવી નિરાંત ક્યારેય મળતી નથી !

માણસ પાસે વિચારશકિત છે અને એ પ્રમાણે સમજદારી પણ છે ! આ સમજદારીને કારણે માણસ સુખી પણ છે અને દુઃખી પણ છે ! વિચાર અને સમજદારીનું પ્રમાણભાન વ્યકિતગત હોય છે ! પોતાના વિચાર અને સમજદારીનો ઉપયોગ પણ બધા પોતપોતાની ઉપયોગ પણ બધા પોતપોતાની રીતે જ કરતા હોય છે ! કેટલા સ્વકેન્દ્રીય હોય છે ! પોતાની જાત પૂરતું જ વિચારતા હોય છે. કેટલાક પોતાના પરિવાર પૂરતું વિચારે છે ! જે વ્યકિત સમાજ માટે વિચારે છે એનામાં સામાજિકતના ગુણ પ્રવેશે છે અને સંકુચિત વિચારસરણીને બદલે સાર્વજનિક હિત અંગે વ્યાપકરૂપે વિચારતો થઈ જાય છે ! આવા પ્રકારના વિચારોથી માણસની સમજદારી પણ ખીલી ઉઠે છે. આવા સમજદારોમાં બે પ્રકારના લોકો હોય છે ! એક પ્રકાર એવો છે જે પૂછ્યા વગર સલાહ આપવાનું યોગ્ય ગણતા નથી ! સલાહ આપવી પડે તો પણ એની સલાહનો અમલ થાય છે કે નહિ, એ અંગે કશી તકેદારી રાખવાની કુટેવ એમનામાં નથી હોતી. સમજદાર માણસ ભારપૂર્વક એકવાર કહી દે કે આ યોગ્ય છે અને આ અયોગ્ય છે. પછી એના અમલ માટે એ જિદ કરતા નથી. મેં કોઈને સલાહ આપી છે. એ વાત પણ એ તો ભૂલી જતા હોય છે.

કેટલાકને પોતાની સમજદારીનું અભિમાન હોય છે અને આમ એ પોતાની સમજદારી માટે પણ ગેરસમજ ઉભી કરી લેતો હોય છે. એ ગેરસમજ એને લાંબા સમય સુધી પજવતી રહે છે. સમજદારી એમને જિદ્દી બનાવી દેતુ હોય છે. મારી સમજણ પ્રમાણે બધાએ ચાલવું જોઈએ. મારી વાત તો માનવી જ જોઈએ. એવા દુરાગ્રહોથી પોતે તો પીડાય છે. સામેવાળાને પણ દુઃખી કરતા હોય છે. એમની વાત ન માનીએ તો એમની સમજદારી વંઠે છે. એલફેલ બોલવા મંડી પડે છે. શબ્દોમાં તોછડાઈ આવી જાય છે. સમજદાર માણસ જિદ્દી બને છે. ત્યારે એ અનઘડ કરતા ય વધુ ભૂંડો લાગતો હોય છે. તમારો જ વિચાર સાચો. બીજાનો ખોટો. એવી જિદ્દ શા કામની ? દરેક માણસ વિચારે છે અને એ દરેક પોતાની રીતે વિચારે છે.દરેકના સ્થળ અને સ્થિતિ જુદા હોય છે. દરેકની સમસ્યા જુદી હોય છે.

દરેકના પ્રશ્નોનું નિવારણ જુદુ હોય છે. એવા ભિન્ન ભિન્ન પ્રકારના લોકોમાં મારો જ વિચાર સાચો. એવો દુરાગ્રહ શા માટે રાખવો જોઈએ. વ્યવસાયિક વકીલો ભણેલા ગણેલા સમજદાર માણસો હોય છે. પણ એમની સલાહ ક્યારેય સાચી સલાહ ન હોઈ શકે. એમની સલાહથી કોઈ એકને ફાયદો થાય તો સામે પક્ષે બીજા કોઈ એકને નુકશાન થયા વગર રહેતું નથી. કોઈને પણ નુકશાન ન પહોંચાડે એને સાચી સલાહ કહી શકાય.

આજકાલ માર્કેટીંગ યુગ ચાલે છે. દરેક પ્રકારના વેપાર ધંધા માર્કેટીંગ પર નિર્ભર થઈ ગયો છે. પબ્લિસીટી વગર પ્રોજેક્ટ સફળ થાય નહી. સામાજિક ક્ષેત્રે આ વાત સાચી પુરવાર થતી નથી. આપણે ત્યાં સદકાર્યોનો જ પ્રચાર થાય છે. છતાં બદકાર્યો વધારે જોવા મળે છે. એનું કારણ શું ?

આ અમાવસને કોણ નવડાવે, રાતનાં કોણ કપડાં બદલાવે !

## "શ્રી ઉમિયા દ્વારેથી...!"

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃધ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

**ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ :**

શિક્ષણ થકી સમાજોત્થાન એ સૂત્રને સાર્થક કરવાના હેતુથી મા ઉમિયાની પ્રેરણાથી સંસ્થાએ ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ મારફતે કડવા પાટીદારના તેજસ્વી તારલાઓને સહાયરૂ બનવા છેલ્લા ૨૭ વર્ષથી આ યોજના શરૂ કરી છે. જેમાં જરૂરિયાતમંદને વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં વગર વ્યાજની લોન દર વર્ષે આપવામાં આવે છે. આજનું શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે. તેથી ઉચ્ચ શિક્ષણ સહાય નિધિમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને વગર વ્યાજે વાર્ષિક રૂા. ૩૦,૦૦૦/- થી ૫૦,૦૦૦/- સુધીની લોન આપવામાં આવે છે. દર વર્ષે ફેબ્રુઆરી માસમાં લોન આપવામાં આવે છે. તેના ઓનલાઈન ફોર્મ ૧ લી ઓગષ્ટ થી ૩૧ ડીસેમ્બર સુધી www.maaumiya.com વેબસાઈટ પર ભરી શકાશે. ટેલીફોન નં. ૦૨૭૬૭-૨૪૫૪૭૨ તથા મો.નં. ૮૫૧૧૦૧૬૦૦૦ ઉપર આ અંગે માહિતી મળશે. ફકત નવા વિદ્યાર્થીઓને પ્રથમવાર રૂબરૂ બોલાવવામાં આવે છે જરૂરી કાગળો ઉપર સહી કરવા એક જ વાર હાજર રહેવાનું હોય છે. તે પછી દર વર્ષે ઓનલાઈન ફોર્મ ભરી વિદ્યાર્થીઓને ઘરેબેઠા લોનની સહાય મળી રહેશે. દર વર્ષે ફોર્મ ભરવું ફરજીયાત છે. આજના સંજોગોમાં ઉચ્ચ શિક્ષણ ખૂબ મોંઘુ થયુ છે. વ્યાજદર ઘટી ગયા છે. રૂા. ૨૫,૦૦૦/- ના આશરે ૨૨૦૦ દાતા સભ્યો નોંધાયા છે. સમાજના સુખી સક્ષમ ભાઈઓને ઉચ્ચ શિક્ષણ નિધિ યોજનાના દાતા સભ્ય બનવા વિનંતી છે.

**ઊંઝાના ધારાસભ્યશ્રી ડૉ. આશાબેન પટેલ ને શ્રધ્ધાંજલી :**

ડૉ. આશાબેન પટેલ ઊંઝાના ધારાસભ્યશ્રીનું તા. ૧૨-૧૨-૨૦૨૧ ના રોજ ટૂંકી માંદગીથી અવસાન થતાં A.P.M.C. ઊંઝા ખાતે લાવવામાં આવ્યા હતા. જેમાં મા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વનાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ તથા હજારોની સંખ્યામાં કાર્યકરોએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ આપી. તેમના નશ્વરદેહને બીજા દિવસે સિધ્ધપુર સરસ્વતી નદી કિનારે અગ્નીદાહ આપ્યો. ઊંઝા અને વડનગરના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો. ટૂંકાગાળાની રાજકીય કારકીર્દીમાં તેમણે ઉજ્જવળ સોપાન સર કરેલા, શિક્ષણવિદ, આક્રમક, સાચી રજૂઆત કરનાર અને સેવાભાવને વરેલા સનિષ્ઠ સેવકની છાપ ધરાવતાં હતા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં કારોબારી સભ્ય રહી લક્ષચંડી મહોત્સવમાં સરકારશ્રીના વિવિધ વિભાગોમાં સહયોગ અપાવ્યો હતો. મહિલા જાગૃતિમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. તેમના જવાથી સમાજને બહુ મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.

"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના.."

આપ સર્વનો સહકાર એ જ અભિલાષા સહ

|| જય શ્રી ઉમિયા ||

# :: શ્રદ્ધાંજલિ ::

નીચેનાં જ્ઞાતિજનોની અવસાનની નોંધ લેતા ખેદ થાય છે. પ્રભુ એ સર્વના આત્માને ચિર: શાંતિ આપે.

| ક્રમ | નામ | ગામ | મરણ તારીખ |
|---|---|---|---|
| ૧ | ભીખુભાઈ મગનભાઈ પટેલ | હલધરૂ | ૨૪-૧૦-૨૦૨૧ |
| ૨ | પુષ્પાબેન મગનલાલ પટેલ | બૌધાન | ૨૭-૧૦-૨૦૨૧ |
| ૩ | નટવરભાઈ રતીલાલ પટેલ | અબ્રામા | ૩૦-૧૦-૨૦૨૧ |
| ૪ | કાંતીભાઈ નરોત્તમભાઈ પટેલ | કઠોર | ૦૪-૧૧-૨૦૨૧ |
| ૫ | મીનાબેન નરેશભાઈ પટેલ | ખોલેશ્વર | ૦૬-૧૧-૨૦૨૧ |
| ૬ | ધીરજભાઈ રણછોડભાઈ પટેલ | યુ.એસ.એ. (અબ્રામા) | ૧૧-૧૧-૨૦૨૧ |
| ૭ | સવિતાબેન અંબુભાઈ પટેલ | કામરેજ ચા.રસ્તા | ૧૪-૧૧-૨૦૨૧ |
| ૮ | સરોજબેન મોહનભાઈ પટેલ | જોખા - અમલેલી | ૧૬-૧૧-૨૦૨૧ |
| ૯ | બિપીનચંદ્ર ગુલાબભાઈ પટેલ | કામરેજ | ૧૭-૧૧-૨૦૨૧ |
| ૧૦ | હીરાભાઈ ભગુભાઈ ઢેકર | અમરોલી | ૨૪-૧૧-૨૦૨૧ |
| ૧૧ | જયાબેન (જેલીબેન) છીતુભાઈ પટેલ | પાસેદરા | ૨૫-૧૧-૨૦૨૧ |
| ૧૨ | રાજુભાઈ બાબુભાઈ પટેલ | કુડસદ | ૨૮-૧૧-૨૦૨૧ |
| ૧૩ | અરવિંદભાઈ જગુભાઈ જામરીયા | વેલંજા | ૨૯-૧૧-૨૦૨૧ |
| ૧૪ | છોટુભાઈ નાથુભાઈ પટેલ | સુરત | ૦૧-૧૨-૨૦૨૧ |
| ૧૫ | મંજુલાબેન ઈશ્વરભાઈ (બાલુભાઈ) પટેલ | સુરત | ૦૪-૧૨-૨૦૨૧ |
| ૧૬ | સોનલબેન ચંદ્રકાંતભાઈ પટેલ | પીપોદરા | ૦૬-૧૨-૨૦૨૧ |
| ૧૭ | ગૌરીબેન ઈચ્છુભાઈ પટેલ | કન્યાસી | ૦૬-૧૨-૨૦૨૧ |
| ૧૮ | હસમુખભાઈ (બુધિયાભાઈ) નરોત્તમભાઈ પટેલ | કરજણ | ૦૮-૧૨-૨૦૨૧ |
| ૧૯ | મોહનભાઈ ઝવેરભાઈ વીરતીયા | છાપરાભાઠા | ૧૩-૧૨-૨૦૨૧ |
| ૨૦ | મોહનભાઈ મગનલાલ પટેલ | ડીંડોલી | ૧૨-૧૨-૨૦૨૧ |
| ૨૧ | અશોકભાઈ જગુભાઈ પટેલ | સુરત | ૧૪-૧૨-૨૦૨૧ |
| ૨૨ | જીજ્ઞાસાબેન વિશાલકુમાર પટેલ | યુ.એસ.એ. | ૧૫-૧૨-૨૦૨૧ |
| ૨૩ | હરેશભાઈ લાલભાઈ પટેલ | યુ.એસ.એ. (સુરત) | ૧૬-૧૨-૨૦૨૧ |
| ૨૪ | ભીખીબેન પૂજાભાઈ પટેલ | ઉમરા | ૨૧-૧૨-૨૦૨૧ |
| ૨૫ | શંકરભાઈ ઈચ્છુભાઈ પટેલ | કરજણ | ૨૪-૧૨-૨૦૨૧ |
| ૨૬ | ઈશ્વરભાઈ રામભાઈ પટેલ | કોળી ભરથાણા | ૨૬-૧૨-૨૦૨૧ |
| ૨૭ | મંગુભાઈ પરસોત્તમભાઈ પટેલ | પરબ | ૨૪-૧૨-૨૦૨૧ |
| ૨૮ | રંજનબેન છોટુભાઈ પટેલ | સુરત | ૩૦-૧૨-૨૦૨૧ |
| ૨૯ | પ્રવિણાબેન જગુભાઈ પટેલ | મુળદ | ૩૦-૧૨-૨૦૨૧ |

કડવા પાટીદાર કેળવણી મંડળ, કૃષિમંગલ સુરત સંચાલિત

# “વિદ્યામંગલ” નિવાસી શાળા

મુ.પો. નવી પારડી, સાયણ–હજીરા રોડ, તા. કામરેજ, જી. સુરત–૩૯૪૧૫૦

## English Medium (C.B.S.E)

Nursery to 12th Science / Commerce / Arts
Day / Boarding School

| જ્ઞાનદર્શન પ્રાથમિક શાળા | જ્ઞાનદીપ માધ્યમિક શાળા | જ્ઞાનસરિતા ઉ.મા. શાળા | જ્ઞાનગંગા અંગ્રેજી મા. શાળા |
|---|---|---|---|

**Call Now : 95371 94949 , 95371 93939**

**:: અમારું લક્ષ્ય ::** બાળકનાં સર્વાંગી વિકાસ સાથે ભણતર – ગણતર – ઘડતરનો અવિરત પ્રયાસ



CBSE AFFILIATION NO.: 430343
SCHOOL NO.: 10320

# ADMISSION OPEN FOR SESSION 2022-23

For Nursery to 12th (Sci., Com. & Arts)





**ENROLL NOW**

નર્સરી, જુ.કે.જી. અને સી.કે.જી. માં શૈક્ષણિક ફી માં 50% તથા ધો. ૧ થી ૧૨ માં 40% રાહત આપવામાં આવશે.

### FEATURES OF GGEMS:

- Limited students in a class.
- Special classes for slow learners.
- NEP trained faculties for Art Integrated teaching.
- Personality development session.
- Student development programs.
- Holistic approach with child centric education.
- Special classes for Foundation Courses, JEE, NEET
- Coaches for different games for student aspiring for state & national level games.

### FACILITIES OF GGEMS:

- Digital class rooms
- Spacious class rooms
- Separate science labs & computer lab
- Auditorium for different events
- Atal Tinkering Lab
- Boys & Girls Hostel for distant students
- Music room, Yoga room, Dance room
- Indoor & Outdoor areas for different games
- Library with more than 7000 books




The Exposure



Value Education

# Vidyamangal School

"Education is not the learning of many facts, but the training of the mind to think."

ધોરણ ૫ થી ૧૨
સાયન્સ અને કોમર્સ
(માત્ર નિવાસી વિદ્યાર્થીઓ જ)

કોટા એજ્યુકેશન સિસ્ટમ દ્વારા
સાયન્સના વર્ગોનું સુંદર આયોજન

ધો. 8 થી 10 ના વિદ્યાર્થીઓ
માટે ફાઉન્ડેશન કોર્ષ

## :: શાળાની કેટલીક આગવી વિશેષતાઓ ::

- નિવાસી શાળાનો ૨૧ વર્ષનો બહોળો અનુભવ
- દેશના પ્રખ્યાત શૈક્ષણિક મેગેઝીન એવા Education World & Education Today દ્વારા ગુજરાતમાં નં.૧ રેન્ક
- વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સૌથી વધુ બાળકો ક્વોલિફાય
- ગ્રીન અને ક્લીન કેમ્પસ
- બોર્ડ માં સતત ૯૦% થી વધુ પરિણામ
- ગુજરાતમાં પ્રથમ એવી Career Incubation Lab
- NEP 2020 મુજબનો Skill Based પાઠ્યક્રમ
- Specialised Sport Program (દર વર્ષે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ભાગ લેતા બાળકો આપનાર એકમાત્ર શાળા)
- અટલ ટિંકરિંગ લેબ
- Skills for Adolescence Program (Lion Quest Internationals)

## શૈક્ષણિક કૌશલ્યતા

### શિક્ષણને સફળતાના સોપાનો સુધી પહોંચાડનાર તેજસ્વી તારલાઓ...

### ૧૨ સાયન્સ

A2

B1




### ૧૨ કોમર્સ




### ધોરણ ૧૦




NEVER Stop Dreaming

## Congratulations




All The Best for JEE Advance



# પંચકર્મ – અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

## સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો

ગુરૂ



વૈદ્ય નરસિંહાકાકા

# નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com

રી-સર્ચ ફોર આયુર્વેદા

'' પ્રતિક હાઉસ '' ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧–૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

## પીત્ત-પેટ ના રોગોથી પરેશાન છો ? ? આયુર્વેદ અપનાવો

- જુની એસીડીટી, જુનો મરડો, કબજયાત
- અલ્સરેટીવ કોલાયટીસ → Colon Cancer
- IBS-સંગ્રહણી, (વારંવાર ઝાડા થઈ જવા) જલોદર

- સોરયાસીસ
- ડાયાબીટીસ
- ડાયાબીટીક રેટીનોપથી (બ્લડી વિઝન)
- સફેદ દાઘ (કોઢ)
- માઈગ્રેન
- ઈનફર્ટીલીટી (વંધ્યત્વ)
- PCOD - માસીકના રોગો
- વાળની સમસ્યાઓ
- ખરતા વાળ - સફેદ વાળ



**વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ**
સમય : ૨.૦૦ થી ૮.૦૦

## ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો

# કફારી કીટ

ડોઝ- વયસ્ક : ૨ ગોળી સવારે-સાંજ જમ્યા પછી પાણી સાથે
બાળક : ૧ ગોળી સવારે-સાંજ જમ્યા પછી પાણી સાથે

* પોઝીટીવ દર્દી માટે પાવડર અડધી ચમચી સવારે-સાંજ જમ્યા પછી પાણી સાથે

રેસ્પીડ O2 ખાસ
સાથે ઉપરોકત દવા લેવી અંત્યત જરૂરી

**કફારી**
ટેબલેટ અને સીરપ



આયુર્વેદિક રોગપ્રતિકારક શકિત વધારનાર
કફ નાશક, શરદી, ખાંસી માટે અને ફેફસાની તકલીફ માં લાભદાયી



કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ (ટ્રેડીશનલ-જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ-સહાયક આયુર્વેદિક સારવાર





**કામરેજ :** ૩૫, રત્નપુરી સોસાયટી, યાદગાર જ્યુસ પાછળ, સંકલ્પ હોસ્પિટલની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. ફોન : ૭૫૭૪૮૬૧૮૫૮ - ૯.૦૦ થી ૭.૦૦

**નવસારી :** ૧૩/બી, અરવિંદ નગર કમ્પાઉન્ડ, દરગાહવાલા મેરેજ હોલ સામે, લુન્સીકુઈ, નવસારી. ફોન : ૦૨૬૩૭–૨૫૪૪૬૨, ૭૫૭૪૮૬૧૮૫૧ - ૯.૦૦ થી ૭.૦૦

**બારડોલી :** અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેકટરી–અસ્તાન રોડ, બારડોલી. ફોન : ૦૨૬૨૨–૨૨૦૦૨૬, ૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦

**વડોદરા :** ૧૨, પિકંલ એપાર્ટમેન્ટ, ડી-માર્ટ પાસે, દીપ ચેમ્બર્સ રોડ, માંજલપુર, વડોદરા.
સમય : દર મહીના ના ૧ લો અને ૩ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન : ૭૫૭૪૮ ૬૧૮૬૬


**ભરૂચ :** ડો. હેમંત રાણા નું કલિનિક, શકિતનાથ સર્કલ, લીંક રોડ, ભરૂચ.
સમય : દર મહીના ના ૨ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન : ૭૫૭૪૮ ૬૧૮૬૬







## પંચસૂત્રી કાર્યક્રમ




### આટલું તો કરીએ જ

- ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની છબી રાખીએ.
- કડવા પાટીદાર સગપણ (ચાંલ્લો) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિકકો આપીએ.
- દીકરા-દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
- કડવા પાટીદાર દંપતીને લગ્ન કર્યા પછી દર વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવવી.
- આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશકિત ફાળો દર વર્ષે માતાજીને ભેટ રૂપે મોકલીએ.

વ્યવસ્થાપક કમિટિ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા (ઉ.ગુ.)
પીનકોડ-૩૮૪ ૧૭૦.

PRINTED MATTER

To, ______________________________

______________________________

______________________________

______________________________


From :-

**કડવા પાટીદાર કેળવણી મંડળ**

કૃષિમંગલ, જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૭૫૫૨૫, મો.: ૯૮૨૫૩ ૦૫૧૪૬

Gujarat (INDIA), : krushimangalhall@ymail.com

- ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧
- વિદ્યામંગલ ગુજરાતી માધ્યમ : ૯૫૩૭૧ ૯૩૯૩૯, : vidyamangalschool@yahoo.com
- જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૯૪૯૪૯, : contact@vidyamangalschool.org



Ph.: 0261-2781653 PAL PRINTERS